૪૫૭૮

દક્ષિણ મહાયાત્રા વિલાસ

अपर्णपत्रीका

~~परमपुज्य~~ परमपदवाशी पार्षद रुप पिताश्री

પચાસ વર્ષ પર્યંત પવિત્રતાથી રાજ્યકારભાર ચલાવી રાજા તથા પ્રજાનું મન રંજીત રાખી—તથા સમજની સાથે ઉત્પન્ન થએલી અને વયની સાથે વૃદ્ધિ પામેલી ભક્તિથી પ્રભુના પ્યારા થઈ સરવ પ્રકારના સંસાર સુખો ચાખી અંતે દક્ષિણની મહા યાત્રાઓ સુખથી સકુંટુંબ કરી પ્રયાગ, કાશી ગયા, અયોધ્યાં થઇ શ્રી મથુરાજીમાં પંચ રાત્રીના સહજ મદવાડ પુંઠે હીંડોળાના ઉત્સવમાં વૃજની રજ થઈએ પ્રભુ ધામની મહાયાત્રાના વિલાસમાંજ સદાને માટે રહ્યા છો. એટલે આ “ મહાયાત્રા વિલાસ ” માં પણ આપ સદાને માટે વિરાજીત રહો એ યથોચિત છે રલા સારૂ આ પહેલે પાંને આપને પધરાવી ધ્યાનદ્વારા પુસ્તક આપના મસ્તક ઉપર મુકું છું તે સ્વીકારશો.

નપુર જેષ્ટ વદી ૧૧ સંવત ૧૯૪૬

तमारो लाडकवायो पुत्र अनाडी

૪૫૭૮

શ્રીમતે રામાનુજાય નમઃ

જે લોકો પરમેશ્વરને માને છે તે લોકો તેના "નિત્યધામ" ને પણ માને છે. હીંદુ શાસ્ત્ર પ્રમાણે તેનું નામ "શ્રી વૈકુંઠ" છે, સ્વર્ગ અને કૈલાસ જે આ અંડ માંછે એવાં તો અસંખ્ય અંડો આ પ્રકૃતી મંડલમાં છે. તે બધાથી પાર અને વિલક્ષણ તે શુધ્ધ સત્વ નામના એવા અપ્રાકૃત પદાર્થનું છે કે તેનો ખ્યાલ પ્રકૃતિમાં રહે રહે કોઇને આવી શકે તેમ નથી અને તેથી તેનું યથાસ્થીત વર્ણન કરવાને શિવ બ્રહ્માદી પણ અશકત છે. સાક્ષાત શ્રી મન્નારાયણજ તેનું પુરૂં વર્ણન કરી શકે અને તે પ્રમાણે પોતે શાસ્ત્ર દ્વારા કરયું છે, વેદમાં એ વીશે ઘણે ઠેકાણે હોવા સાથે એક ઉપનિષદતો ખાસ મારા જાણવામાં પણ તેથી વીસ્તારે વર્ણન તો મહાભારત મોક્ષ ધર્મમાં જેની અતિ પ્રસંશા કરી છે એવા પાંચ રાત્ર શાસ્ત્રમાં છે. અને તેથી સમજાય છે કે ત્યાં અપ્રાકૃત એવા શુદ્ધ સત્વનાં ગોપુર, પ્રાકાર મંડપ પુષ્કરણી ઉદ્યાન આદી યુકત અનેક રત્ન છે જેમાં અનેક પ્રકારના સતત ઉત્સવો થયાં જ કરે છે.

સર્વેશ્વર શ્રીમન્નારાયણ તો જડ અને ચરમાં બન્ને જ સામાન્ય વ્યાપક છે પણ તે પોતાના નિત્ય તથા મુકત પાર્ષદોની અનેક પ્રકારની સેવા લેવા માટે શ્રી વૈકુંઠમાં

શ્રી વયકુંઠનાથ સ્વરૂપ ધારણ કરી રહયા છે. તેમના વિના દેહ ન સાંખી શકે એવા ભાગવતો જ્યારે આ શ્રષ્ટીમાં પ્રકટ છે ને તેઓ આ શરીરથી શ્રી વયકૂંઠનાથને નથી નીરખી શકતા ત્યારે તેમને માટે પોતેજ અહી મુર્તીમાન પ્રકટે છે અને તે સ્વયંવ્યકત કહેવાય છે જેમકે શ્રી રંગનાથ, શ્રી વેંકટનાથ શ્રી તોતાદ્રીનાથ. ઇત્યાદી તેમનું મહાત્મ્ય સર્વથી વિશેષ છે.

બ્રહ્માદી દેવોને પણ શ્રી વૈકુંઠનાથ અગમ્ય હોવાથી તેમણે જે મુર્તીઓ સેવા માટે સવિધિ સ્થાપિત કરી છે તેમનું મહાત્મ્ય બીજે નંબરે છે. જેમ કે વરદરાજ (કાંચીપતી) દક્ષિણ બદ્રીનારાયણ સંપતકુમાર, પદ્મનાભ, જનાર્દન. ઇયાદી તેમને દૈવ કહે છે.

રૂષી વગેરે સિદ્ધ લોકોએ એજ રીતે સ્થાપિત કરેલને "સૈધ્ય"ને સાધારણ માણસોએ સ્થાપિત કરેલને "માનુષ" કહે છે.

જેમ મનુષ્ય, રૂષી, અને દેવમાં, ભકિત અને ચિત્તની પવિત્રતાની ઉત્તરોત્તર શ્રેષ્ટતા છે તેમજ તેમના આરાધિત ભગવાન "માનુષ" શૈધ્ય" અને "દૈવ"ની પણ ઉત્તરોત્તર અધિકતા છે અને "સ્વયંવ્યકત" તો સૌથી વિશેષ છે. અને તેટલા માટે એવા અતિ વિશેષ સ્થળની યાત્રાએ જવું એ અતિ વિશેષ છે અને દક્ષીણ દ્રાવિડ દેશમાં તેમાં સ્થળ લગભગ સો ઉપર છે જે પ્રત્યેકને દીવ્ય દેશ કહે છે, માટે મમુક્ષુએ અવશ્ય ત્યાં જવું.

વળી જે પાર્ષદો અને ભાગવતોને માટે ભગવાને આ બધાં સ્વરૂપો ધારણા કર્યાં, જેમને માટે શ્રીમત ભાગવત એકાદશ સ્કંધ પાંચમા અધ્યાયમાં ભવિષ્ય વાણી તરીકે **कलौखलुभविष्यन्ति** ને તેમાંપણ **"द्रावीडेशु-भुरीशः"** કરીને કહેલ છે તેમનાં જન્મ અને પ્રકટનાં અને અનેક પ્રકારનાં સુચરિતનાં–સ્થળો ઘણાંજ પવિત્ર અને પ્રભુને પ્રીય છે કારણ ભગવાનને ભાગવત પ્રાણથી પણ પ્રિય છે માટે તેમની યાત્રાએ જવું પણ અતિ વિશેષ છે ને તેવાં સ્થળ પણ દ્રાવિડ દેશમાંજ ઘણાં છે.

એવા લોકોની પ્રાર્થનાથી એવા દીવ્ય સ્વરૂપે ભગવાન પધાર્યા તેમની સેવાપણ વૈકુંઠની રીતી પ્રમાણેજ કરવા ત્યાંની ધોરણ ઉપરજ ભગવાનનાં મંદિર ગોપુર, પ્રાકાર, પુષ્કરણી વાહન પુંજન ઉત્સવ ઇત્યાદીની શાસ્ત્રસંમત વેદોક્ત જે પ્રનાલીકા ત્યાં તેમની બાંધેલી હાલ ચાલે છે. જેનો કાંઇક ખ્યાલ અમારા ગરૂડોત્સવ તથા મુકટોત્સવથી આવી શકશે પરંતુ ગામે ગામને પ્રતિદીવસ એવાજ ઉત્સવો જે થયાં જાય છે તેનો અનુભવ કરવો એ પણ અતિ વિશેષજ છે.

અને તેટલા માટે મુમુક્ષુઓએ દક્ષિણ--દ્રાવિડ મહાયાત્રા કરવી આવસ્યક છે અને વલી તેમ કરતાં ઉતર યાત્રા કરતાં કાંઇ વિશેશ ખરચ કે વખત જવાનો નથી. એવું અમારાજ અનુભવથી જણાશે. જે આ પ્રમાણે છે.

મુંબઇથી શરૂ કરીએ. પુને જતાં કલાક ૫ાા ને ભાડું રૂ ૧-૧૪-૦ ને ત્યાંથી બારસીરોડ જતાં કલાક ૬ાા તથા ભાડું રૂ ૧-૮-૦ છે. જ્યાંથી બાર ગાઉ પુંડરીનાથ છે અને ત્યાં ત્રણ ચાર રૂપીઆમાં બેલ અથવા ઘોડાગાડી લઇ જાય છે.

બારસીથી બાલાજી જવા ત્રીપતી સ્ટેશનનું-રસ્તામાં રાયચોર કીંવા કીશ્ના રાત રહે તો પણ મુસાફરીમાં કલાક ૨૪ ને ભાડું રૂ ૫-૧૦-૦ છે.

ત્યાંથી અરકોનમ જંકશને કલાક ૨ તથા ભાડું રૂ ૦-૭-૦ ખરચી ગયા એટલે મદ્રાસ જવાના બે રસ્તા છે. સીધે રસ્તે વચમાં તીનાનુર(ભક્તવત્સલ ભગવાન)તથા ત્રીવેલુર(વીર રાઘવસ્વામી) ની યાત્રા કરી ત્યાંથી પગ રસ્તે ચૌદ માઇલ ભુતપુરી (રામાનુજસ્વામીનું જન્મસ્થલ જેને શ્રી પેરમણુંદુર કહે છે.) ત્યાં એક રૂપીયામાંજ ઘોડાગાડીએ જઈ ત્યાંથી કાંજે વેરમ (કાંચી) બાર ગાઉ પગ રસ્તે થઇ ત્યાંથી રેલવે મારફત મદ્રાસ જવાય. ને બીજે રસ્તે અરકોનમમાંથીજ કાંચી ઉતરી ત્યાંથી ભૂતપુરી જઇ આવીને રેલવે રસ્તે મદ્રાસ જવાય. મદ્રાસમાં પાર્થસારથી તથા મૈલાપુરમાં ત્રણ બીજી યાત્રા છે ને અરકોનમથી બેઉ રસ્તે રેલવેમાં બે કલાકને ભાડું રૂ ૦-૭-૦ માત્ર થાય છે. આ પ્રદેશમાં આજુ બાજુ પણ ઘણાં તીર્થો અને ધામો છે.

મદ્રાસથી વધારે દક્ષિણમાં શ્રીરંગજી જતાં રસ્તામાં ઘણા સ્ટેશનો યાત્રાનાં છે તેમાં ચીદાંબરામ તથા કુંભકોણ મુખ્ય

છે. ત્યાં ઉતરતાં છતાં એકંદર ભાડું રૂ ૨-૧૨-૦ આશરે છે શ્રીરંગજી (ત્રીચીનાપલી) પાસે રસ્તામાંજ તાન જોરનું સ્ટેશન છે ત્યાં પણ યાત્રાઓ છે ને વળી ત્યાંથી નાગાપટમની જે શાખા જાય છે ત્યાં રસ્તામાં નીદા મંગલ દક્ષિણ દ્વારિકાંની તથા ખુદ નાગા પટમમાં પણ ઘણી યાત્રાઓ છે જ્યાં જતાં માત્ર રૂ ૦-૮-૦ વિશેષ થાય છે.

શ્રી રંગજીથી વધુ દક્ષિણમાં જતા કલાક ૫ માં રૂ ૧-૦-૦ ના ભાડાથી મદુરા સ્ટેશન આવે ત્યાં સુંદર બાહુ ભગવાનનો મોટો "દીવ્યદેશ" છે. અહીંથી પગ રસ્તે સેતુ જવાય છે જેનું વિશેષ વર્ણન આગળ છે પણ રસ્તાનાં પાંચ છ મુકામ અને ગાડીનું ભાડું રૂ ૫ થી ૮ છે રસ્તામાં દર્ભસેનની યાત્રા પણ મોટી છે ત્યાં દક્ષીણ જગન્નાથ પણ છે.

સેતુથી પાછા પગ રસ્તે પાંચે દહાડે મદુરાં સ્ટેશન આવીને ત્યાંથી બીજી ગમ દક્ષિણ તરફ રેલવે મારફત જતાં અઢી કલાકે સાતુર સ્ટેશન આવે છે ત્યાંથી પગ રસ્તે બાર ગાઉ શ્રી વલ્લીપુતુર [ગોદામાજીનો દીવ્ય દેશ] આવે છે ત્યાં લક્ષ્મીજી વગેરેની ઉત્તમ યાત્રાઓ છે. અને પાછાં સાતુરજ આવીને રેલવે રસ્તે ત્રણ કલાક વધુ જતાં તીનીવલ્લીનું સ્ટેશન આવે છે ત્યાંથી એક તરફ બાર ગાઉ આલવાર તીરનગરી શઠકોપ સ્વામીનો મોટો દીવ્ય દેશ છે જેની આજુ બાજુ મોટી નવ યાત્રાઓ છે. અને બીજી તરફ પગ રસ્તે બાર ગાઉ તોતાદ્રીનાથનું ધામ છે

અને ત્યાંથી મલબાર દેશમાં ત્રાવણકોરરા જ્યાંમાં ત્રીવાન દ્રમ જવાય છે જ્યાં પદ્મનાભ અને ત્યાંથી પંદર ગાઉ જ નાર્દનીની અદભૂત યાત્રા શીવાય રસ્તામાં પણ ત્રણચાર યાત્રાઓ આવે છે. પાંચ છ દીવસનો આ પગ રસ્તો એવો રમણીય છે કે જે કાશ્મીરને ભુલાવે અને તે માટે ટપાલ ની ગાડીઓ વગેરે એવી સવડ છે કે દસથી પંદર રૂપી આમાં ઘણા સુખથી જઈ આવી શકાય છે.

આ પ્રમાણે છેક છેડે પહોચ્યા એટલે ત્યાં સુધી જે ખર્ચને વખત લાગે છે તેટલોજ વળતાં પણ લાગે છે પરંતુ શ્રી રંગજીથી ઈરોડ થઇ જાલાર પેટ જંકશન રસ્તે આવી ત્યાંથી બેંગલોર થઈ મહીસુર તરફ જવાનું કરતાં જાતાં વળતાં પાંચ સાત રૂપીઆજ વધુ લાગે પણ તેમાં શ્રી રંગપટણમાં રંગજીની અને ત્યાથી પંદર ગાઉ મેલકોટા દક્ષીણ બદ્રીનારાયણ સંપતકુમાર ઈત્યાદી મહાયાત્રાએવી દીવ્ય છે કે જેમાંનો એક મુકુટોત્સવનો નમુનો અમે આગળ બતાવા છે તેથીજ સમજાઇ શકાશે વલી દક્ષીણ મરેઠા રેલવે મારફત વલીએતો હાસપેટ સ્ટેશનથી પાંચ ગાઉ કીષ્કંધાની પણ જાત્રા અતી રમણીય રસ્તામાં થઈ જાય છે.

અમે તો યાત્રાઓ કરી તેટલી ગણાવી પણ તે શીવાય એ રસ્તામાં ઠામઠામ યાત્રાઓ ને નિત્ય નવાનવા ઉત્સવો થયાજ કરે છે અને તે જોવામાં પુજારી કે ગોરનો દોર પણ ઉઠાવવો પડતો નથી. પ્રભુ પાસે જતાં ચાર પૈસા

માં પાન સોપારી કેળાં કે નાલીએર કપુર સુદ્ધાં મળે તેજ ધરવાનું અને ટુંકી પૂજાએ બે થી ચાર આના ને મોટી પૂજાએ છેવટ રૂપિએ હદ્દ આવે છે થાળ ધરાવવામાં ચાર થી આઠ રૂપિયા સુધીમાં પતે છે ને તેથી પણ ટુંકુ થઇ શકે છે તેમ વધારવા માગીએ તો તો પછી કાંઈ કાંઠોજ નથી. ગોરનું પણ એક બે ને છેવટ પાંચમાં પતી જાયછે ને એવી ટુંકા ખરચથી મહા યાત્રાનું સુખ મેળવવામાં રસ્તામાં ઠામઠામ સુંદીર ધર્મશાળા—છત્ર—પાસેજ સીધું પાણી વગેરે સોયવાલી પુષ્કળ છે એટલે યાત્રાળુને કશી કહી અગવડ આવતી નથી ને ખાય તેને તો તૈયાર પકકા પ્રસાદની પણ થોડા ખરચમાંજ ખોટ પડતી નથી. હીંદુસ્તાની જાણનારા ઠામઠામ છે ને વળી થોડુંઘણું ઇંગ્રેજી આવડતું હોય તો તો પછી બે પરવાઈ. તેમ છતાં નિત્ય ઉપયોગની વસ્તુઓના નામ એ દેશની ભાષામાં શીખી લીધાં હોય તો પછી જરી પણ મુંઝવણ નજ આવે તેની જરૂર પણ કોક નાના ગામડામાંજ પડવાની બાકી તો બધે હિંદુસ્તાની ભાષા ચાલી શકે છે. અને ભોમીઆ પણ ગોર લોકો ઠામઠામ છે.

આટલું વિવેચન એવી આશાથી કર્યું છે કે તેથી આ મહા યાત્રાઓ કરવી જેમ અતિ આવશ્યક છે તેમજ અતી સુલભ અને સોંઘી છે એમ જાણ્યા પુંઠે તે કેવા પ્રકારની છે એ પછીનાં પાનાં પૂરાં વાંચવાથી સમજાશે અને તે ઉપરથી વાંચનાર તેના સ્વાદ લેવવાનું કરી જન્મ સફળ કર

શો અને તે પૂછે અમે જે લખ્યું છે. તે ફરી વાંચશે તો અનુભવનું સ્મરણ થયાથી જે આનંદ થશે તે અલોકીકજ છે. એવા ઉદેશથીજ આ પૂસ્તક પ્રસિધ્ધ કર્યુ છે અને ભગવાન તે ઉદેશ પાર પાડો એવી પ્રાર્થના કરવામાં અમારી સાથે વાંચનારા પણ ચહાશે એટલે વિશેષ શું કહેવું!

સંવત ૧૯૪૬ ના અસાડ શુદ ૧૫ નમ્ર સેવક

મુ. રાધનપૂર. અનંતપ્રસાદ ત્રીકમલાલ

શ્રીવૈશ્નવ

અનુક્રમણિકા.

શ્રીમતે રામાનુજાયનમઃ

પુંડરીનાથની યાત્રા.

ચોપાયાની ચાલ.

પ્રણમું પ્રથમ પ્રેમથી પ્યારાં વિઠ્ઠલ રૂકમાબાઈ,
પંઢરપુર વાસી ભીમા તટ પાંડુરંગ સુખદાઈ.
મંદિર પુર મધ્યે મહા મોટું કંચન કળશ વિરાજે,
વિધ વિધ વાજાં નૌતમ નોબત ઘોર કરીને ગાજે.
તાંબુર ઝાંઝ પખાજ ભેર ને ભાત ભાતનાં વાજાં,
મળી મંડળી હરિગુણ ગાતાં જગે જગે જન ઝાઝાં.
મંડપ મોટા છે મન માન્યા ભરેલ ભક્ત જનોથી,
નિજ મંદિરમાં વિઠ્ઠલવરની ઓપે અદ્‌ભુત ઘોતિ.
ઘન શ્યામ ગંભીર દયાઘન અતિ અદ્‌ભુત અલબેલા,
ધરી હસ્ત બે સુંદર કટિપર છે શ્રીવર ઉભેલા.
સાદા સુંદર સાત્વિક શ્રીવર આસન ઇંટતણું છે,
વિણ શણગારે વ્હાલાજીનું દૈવીરૂપ ઘણું છે.
સરવેને રાતોબે પોતે જન જઈ ભેટે સ્નેહે,

જે સુખ દેવ ઋષીને દુર્લભ તે મળતાં નર દેહે.
પછવાડે મંદિરમાં પ્યારાં રાણી રૂકમાબાઇ,
પ્રભુની પેઠ કમરપર હસ્તો ધારી ઉભાં માઇ.
આભુષણ ઉત્તમ અંગોપર ઓપે વિધવિધ ભાતી,
સેવા લેતાં સેવક જનની માતુશ્રી દીનરાતી
પાસેના મંદિરમાં છે સત ભામા રાધા રાણી,
સ્વરૂપ ને શોભામાં સુંદર ત્રણે તુલ્ય પીછાણી.
પછવાડે જુદા મંદિરમાં શોભે શ્રીજી માતા,
બાજુપર બલદેવ દાઉજી સરવેને સુખદાતા.
પુંડરીનાથ પ્રભુને કહેછે પુંડરીકના સ્વામી,
વિઠ્ઠલનાથ વિઠુબા દેવા, પાંડુરંગ સુખધામી.
ચંદ્રતણા શાપનું વિમોચન થયું સરિતા સ્નાને,
તેથી તીર્થ ચંદ્રભાગા કહી ભીમને જન માને.
તીરે તીર્થ શિવાલય મંદીર ઘાટ રૂપાળા તેવા,
રામકૃષ્ણના મંદિરમાં છે શ્રીવર નીરખ્યા જેવા.
સેવકના ઉર માંહે પ્રતિતિ એણે એવી આપી,
દયા દાખવી દર્શન દીધાં વિઘ્ન કષ્ટ સહુ કાપી.
અણધાર્યાં ઉત્તમ અવસરપર અમને અહીંઆં આણ્યાં,
દર્શન મન માન્યાં આપી પોતાનાં પ્રેમે જાણ્યાં.
ઉજ્વલ એકાદશી મહાશુદ મળી મેદની ભારી,
તુકરામ જાનબા નામપર નરનારી બલીહારી.
દશમી એકાદશી ઉભય દીન પ્રેમ પ્રજાનો પેખ્યો,
કીર્તન ઉત્સવ અહીંના જનનો અતી અલૌકિક દેખ્યો.

ચહુટે ચકલે ઘર મંદિરમાં જ્હાં જુઓ ત્યાં એ છે,
વિવિધ મંડલી વિવિધ વાદ્યસહ નિશદીન ભજન કરે છે.
એ દર્શન કીર્તન સેવન સુખ અહો! વિઠુબા સ્વામી,
ફરી ફરીને દ્યો અનંતને વદે એજ શીર નામી.

કિષ્કંધાની યાત્રા.

ગરબી " ગરજી તમને દીઠા મેં " એ રાગની

યાત્રા કિષ્કંધા તણી બહુ સારી,
કરે દેશ દેશના નરનારી.—ટેક.
દક્ષિણુ મરેઠા રેલપર ઠેઠ,
ઉતરવાનું આવે સ્ટેશન હાસપેટ. યાત્રા. ૧
હંપીગામ સાત માઈલ ત્યાંથી,
જવું પગ રસ્તે પાહાડોમાંથી. યાત્રા. ૨
હંપીમાં છે પંપાપતિ મંદર,
ઉતરવાનું થાય સુખે અંદર. યાત્રા. ૩
વહે તુંગભદ્રા ત્યાં પાસે,
નાહ્યા થકી પાપો સહુ નાસે. યાત્રા. ૪
મોટું ચક્ર તીર્થ છે આ તીરે,
ન્હાવું ત્યાંહ યથાવિધિ શરીરે. યાત્રા. ૫
ઋષી મુખ પર્વત છે સમીપે,

રૂડું રામ મંદિર ત્યાં દીપે. યાત્રા. ૬
ઉભા સીતા લક્ષ્મણ સહ સ્વામી,
ધરી બાણ ધનુષ્ અંતર જામી. યાત્રા. ૭
પાસે ઉભા મારૂતી કરજોડી,
ખુબી નથી દરશનની થોડી. યાત્રા. ૮
પુઠે સૂર્યમંદિરમાં પેઠા,
ચંત્રા દ્વાર પહાડ પર બેઠા. યાત્રા. ૯
પગે ચાલીને થોડા આગળ જઈએ,
ન્હાઈ સીતા કુંડે પાવન થઈએ. યાત્રા. ૧૦
વિઠોબાનું મંદિર છે ખાલી,
કારીગરી અદ્ભુત ત્યાં ભાળી. યાત્રા. ૧૧
એ માઈલ પહાડ ઉપર વાંસે,
સ્ફાટીક શિલાનું ગોપુર ભાસે. યાત્રા. ૧૨
સ્ફાટીક શિલા એજ ભૂમી પાવન,
વસ્યા ચાર માસ જયાં રઘુનંદન. યાત્રા. ૧૩
કિલ્લા સહગોપુર ચોપાસે,
મધ્યે ઉંચુ નિજ મંદિર ભાસે. યાત્રા. ૧૪
બેઠ. દીસે સીતા વિયોગી હરિ,
સાદે વેશે કર માંહે માળા ધરી. યાત્રા. ૧૫
ઉભા પાસે લક્ષ્મણ કર જોડી,
મારૂતી સુણાવે પુસ્તક છોડી. યાત્રા. ૧૬
આજુ બાજુ ઉભા છે અલવારો,
ઠાઠ દરશનનો બહુ સારો. યાત્રા. ૧૭

પ્રભુ આવ્યા લંકાથી જ્યારે,
બતાવ્યું આ સીતાને સહુ ત્યારે. યાત્રા. ૧૮
અમે અહીં હનુમંતને મળીઆ,
વઢ્યા વાલી સુગ્રીવ અહીં બળીયા. યાત્રા. ૧૯
અહીં માર્યો વાલી તાડો છેદી,
આપી ગાદી સુગ્રીવને તે દી. યાત્રા. ૨૦
વાયુ સુત અહીંથી લંકા આવ્યા,
વાનર દળ અહીંથી સાથે લાવ્યા. યાત્રા. ૨૧
પ્રભુજીએ પ્રેમે સમજ પાડી,
સીતાને આ ભુમી દેખાડી. યાત્રા. ૨૨
માટે દીવ્ય મૂર્તી માજીની અહીં,
દીસે પ્રભુ સંગ મંદિરની મહીં. યાત્રા. ૨૩
મંદીર પાસે રામ બાણ જળ છે,
લક્ષ્મણ બાણ જળ પણ નિર્મલ છે. યાત્રા. ૨૪
આજુ બાજુ દશ માઈલ ફરતાં.
મંદિર આ ભૂમીમાં નજર પડતાં. યાત્રા. ૨૫
સામે કાંઠે કીષ્કંધા નગરી,
જવાય સુંડલી એ નદી ઉતરી, યાત્રા. ૨૬
શ્રીરંગનું મંદીર ત્યાં પણ છે,
પાહાડે ભરેલું બધું વન છે. યાત્રા. ૨૭
પંપાસર પહાડોમાં ત્યાં પાસે,
સ્નાને અઘ બહુ ભવનાં નાસે. યાત્રા. ૨૮
ગુફા અંજનીની ઉંચા પહાડે,

જનમ્યા હનુમાન ત્યાં શુભ દહાડે. યાત્રા. ૨૯
સ્મશાન વાલીનું એ પાસે છે,
પડયું હજી હાડકું જન કહે છે. યાત્રા. ૩૦
ગાડી ઘોડા ડોળી કંઇએ નથી,
યાત્રા આતો કરવી પડે પગથી. યાત્રા. ૩૧
કૃપા કરી જાનકી ના કંથે,
યાત્રા કીધી બધી સુખથી અનંતે
યાત્રા કિષ્કંધા તણી બહું સારી યાત્રા ૩૨

બાલાજીની યાત્રા પેહેલીવાર

ગરબી "ઓધવજી છે અળગીરે" એદેશી.

યાત્રા શ્રી વેંકટેશીનીરે, અમે મનમાની કરી;
ત્રીપતી નામે સ્ટેશનેરે, આવ્યા પહેલી રાતે ફરી.
સુખ રૂપ સોહામણુંરે, શેહેર ત્રિપતી આવ્યું;
છત્ર ઉતરવાનુંરે, ઘણું મનમાં ભાવ્યું.
ત્યાંથી એક માઈલપરરે, આવે ગિરિ ચઢવાનું;
ચાર કોસ ચઢાવ છેરે, કામ નથી એ નાનું.
કોઈ ડોળીએ ચઢતારે, કોઈ પ્રેમે ચાલે છે;
બોજો ઉચકવાનોરે, મજુરોને આલે છે.
સાત ગિરિ ચઢવાનારે, તેમાં પેલો દુર્ઘટ છે;

નીચે પગલાં પ્રભુનાંરે, રસ્તે ઘણાં મંડપ છે.
ટોચે વૈકુંઠ ગોપુરરે, ત્યાં રામજી મંદીર છે;
પાસે વાવમાં પાણીરે, પીવાના સુંદર છે.
બીજા પહાડ છ ચઢતાંરે, લોકો ઘણા સાંમા મળે;
ઠામ ઠામ વીસામારે, રસ્તો રમણીય સઘળે.
કહીં ખોમાં ઉતરવુંરે, કહીં ચઢવું ઉંચે;
સાધે રસ્તે જાવુંરે, કહીં આવવું નીચે.
સીધી સડકને પગથીરે, બાંધી બધા રસ્તામાં;
" ગોવિંદા" મૂખ કહેતારે, મળે જન બહુ સામા.
દુરથી નવ દીઠુંરે, બાલાજી તણું ગોપુર;
દીઠું ત્યારે તો દીઠુંરે, આખું એ પ્રભુ મંદીર.
જરા નીચી જગ્યામાંરે, કિલ્લો મોટો ફરતો છે;
ચારે બાજુએ તેનેરે, પહાડ અનુસરતો છે.
ચઢ ઉતર ગોપુર ત્રણરે, ઉંચા મનહર દીસે;
તેના કળશ સુનેરીરે, છે ઝગમગતા અતિશે.
શ્રી વિમાન મંદીરનું, સોનેરી છે આખું;
આવ્યું પહાડોની વચમાંરે, શોભા તેની શું ભાખું?
પ્રણમીને સાષ્ટાંગેરે, પેઠા પહેલા ગોપુરમાં;
બાલાજીની કૃપાથી થઇ રે, ઉમગ્યો હર્ષ ઉરમાં.
બેઉ બાજુ ઉતરવારે, રૂડાં ત્યાં મકાનો છે;
ખાસ મંદીર પાસેરે, સામાનની દુકાનો છે.
બીજે ગોપુર ચોકીરે, મહીં મંડપો છે ઘણાં;
ત્રીજે ગોપુર સ્વામીરે, શોભામાં ન કાંઇ મણા.

ઊભા મંદિર માંહેરે, ગુરૂ ભાષ્યકાર દીઠા;
દિવ્ય વિગ્રહ અદ્‌ભૂતરે, લાગ્યા મને મસ મીઠા.
ખાસ દ્વારનાં મોટાંરે, કમાડ છે સોનેરી;
નિત્ય દર્શને આવેરે, હજારો મરદ મેરી.
આવે માનતા મોટીરે, ધર્યા અર્થે બહુના સરે;
બોલીને જો ન પાળેરે, તો શીક્ષા એ સદ્ય કરે.
નિત્ય પરચા નવા નવારે, પ્રભુના જણાએ છે;
જાગતા દેવ જગમાંરે, બાલાજી ગણાએ છે.
ચોખ્ખી વાર્ષિક આવકરે, સાડાત્રણ લાખ તણી;
નિત્ય માનતા વિધવિધરે, આવે સેંકડોની ઘણી.
કૃપા મહંત ઉપરરે, પોતે બહુ રાખે છે.
પ્રભુજીના પૈસાનેરે, સ્વાદ તેજ ચાખે છે.
પુર્વે હાથીરામજીરે, નામે કોઇ સંત હતા;
પ્રભુ ભક્તિ કરતારે, સદા વંનમાં વસતા.
નીમ એવો રાખેલોરે, નિત્ય દરશન કરવાં;
સત ભેટ શું લાવેરે, રહે વનમાં નરવા.
એક કાષ્ટની ભારીરે, કાપી લાવતા જોડે;
પ્રેમે નાખી આપતારે, પ્રભુજીને રસોડે.
દે પ્રસાદ તો લેતારે, નહિતો જતા ચાલી;
એમ સેવા કરતાંરે, ઘણી ઉમર ગાળી.
ખ્યાતી લોકમાં ચાલીરે, પડી નૃપને કાને;
લેવા પારખું મરજીરે, થઈ તેની એ ટાંણે.
તેડાવીને હજુરેરે, ચેષ્ઠા એવી પ્રથમ કરી;

તમેં હાથી કહેવાઓરે, ડાળાં ઝાડ જાઓ ચરી.
હાથીરામે હા પાડીરે; ધીંગા ધણુની ઢાલે;
કર્યું પુર કોટડીમાંરે, સંગાત ચારો હાલે.
મોટાં પીપળ ડાળાંરે, નૃપે મંગાવી રાતે;
હાથીરામને પુર્યારે, કોટડીમાં તે સાથે.
લાજ ભક્તની રાખવારે, બાલાજી હાથી થયા;
ફોથી લીંદ ડાળાં બચ્યાંરે, પોતે આવી ચાવી ગયા.
ખોલ્યાં દ્વાર પ્રભાતેરે, ખાત્રી નૃપતિની થઈ;
હાથીરામ બાલાજીનારે, ખરેખરા ભક્ત સહી.
સોંપ્યું મંદિર સઘળુંરે સત્તા તેની આજે છે,
હાથીરામના ચેલારે, ગાદીએ બિરાજે છે.
સુદામાજીના તાંદુલરે, વિદુરજીની ભાજી;
બોર શીવરીનાં ચાખીરે, થયા'તા પ્રભુ રાજી.
તેમ કાષ્ટની ભારીએરે, હાથીરામને તાર્યા;
રાખી લાજ જગતમાંરે, ખરે સમે ઉગાર્યા.
અમો રંક ઉપર પણરે, કૃપા આજે કીધી;
કરી કરૂણા બોલાવીરે, પોતાની ઝાંખી દીધી.
છે મંદીર માંહે જાતાંરે, ખાસ ગંડળી જમણી;
સીતા રામ ને લક્ષ્મણરે, ઉભાં છે ડાબી બાણી.
રહ્યા શ્યામ સ્વરૂપેરે, ચતુરભૂજ ઉભા હરિ;
શંખ ચક્ર ગદાએરે, આયુધો કરમાં ધરી.
લાંબો મુકટ શીરે છેરે, કાને મોટાં કુંડલ
ભાલે શ્વેત ઉર્ધ્વ પુંડ્રરે, ખરે મોટું પુષ્કળ ઉ

ગળે હાર હીરાનારે, બાજુ કડાં વેઢ વીંટી;
શોભા આભુષણોનીરે, આવી નથી ક્યાંહી દીઠી.
સામી દ્રષ્ટી ન ઠરેરે, છે દીવ્ય કાન્તી અંગે;
સોનું હીરા મણીઓરે, નખશીખ સઘળે દીસે.
પુષ્પ હારો પિતાંબરરે, કટી સુત્ર સુંદર છે;
છબી શ્રી વેંકટેશનીરે, ખરેખર મનહર છે.
જમણી ભોગ મુર્તીરે, ઉભા દેવીઓ સંગે;
તેમણે તો દર્શનરે, દીધાં ઘણાં ઉછરંગરે.
ગયા તેજ સાંઝે અમે રે, થઈ પ્રભુની સ્વારી;
ગરૂડારૂઢ સ્વામીરે, જોયા ધારી ધારી.
અન્ય ત્રીજ અસ દીરે, ન વીસરે વીસારી;
ઠઠ જોયો ઉત્સવનોરે દૈવી અદ્દભુત ભારી.
લોક સામટાં આવ્યાંરે, જગેજગ જુથ ફરે;
ન્હાય પુષ્કરણીમાંરે, ગોવિંદા ગોવિંદા કરે.
ટોળે ટોળાં પ્રભાતથીરે, ન્હાઇ તીર્થના નીરમાં;
થયાં દશ બજે ભેળાંરે, સહુ જન મંદીરમાં.
ભીડ ભારે જામી'તીરે, ત્યાં નગાનાનું કામ નહીં;
પ્રભુની કરૂણાથીરે, અમે ગયાં ઠેઠ મહીં.
દ્વાર પાસે મંડપમાંરે, બાંધેલ હતો પડદો;
કોઈ માંહે ન જાએરે, હતો પંડ્યો ફરતો.
બાર વાગ્યા ને ખુલ્યાંરે, લક્ષ્મીવરનાં દરશન;
શોભા અનહદ અનહદરે, ખુબી ધન્ય ! એ દીન ધન્ય !!
સાત સોનાનું મોટુંરે, સિંહાસન ત્યાં ભાળ્યું;

દોઢ પુરૂષવા ઉંચુંરે, ઢાંકેલું કળશી વાળું.
જરના છત પડદારે, બાંધ્યાં લીલાં તોરણ છે;
કેળ સ્તંભ ચારે ગમેરે, કમળનાં તોરણ પણ છે.
ઉભા મધ્યમાં પોતેરે, શ્રી દેવી ભૂ દેવી લઈ;
શોભા તે સમઈયાનીરે, મુખેથી ન જાય કહી.
શીરે મુકુટની કાંતીરે, જોઇ દિવ્ય ઝગમગતી;
રવિએ લજવાઈરે, ઢાંકયું મુખ વાદળથી.
ચોકડાં તણાં મોતીરે, એવાં કયાંહો દીઠાં નથી;
ભાલ તિલક શોભાવેરે, ઉર્ધ્વ પુંડ્ર બહુ કિંમતી.
કંઠથી તે ચરણ લગીરે, હીરા મોતીની માળા;
આજ બાલાજી દીસેરે, અઢળક ધનવાળા.
કડાં બાજુ વીંટીઓરે, એકેકથી છે ચઢતાં;
વસ્ત્રો ભૂષણ આડેરે, દ્રષ્ટીએ નથી પડતાં.
શોભા બેઉ માજીનીરે, પ્રભુ જેવી મનહર છે;
ભૂષણો ઝળહળતાંરે, એવાં દીઠાં સુંદર છે.
બુનકીદાર સાડીરે, રાતી ને ઉંચી ધારી;
શીર મુકુટ છે લાંબોરે, કંચુકીઓ પણ સારી.
એક કરમાં કમળ છેરે, બીજો છુટો લટકાળો;
બાજુ ચુડી કડાંએરે, ઝગકતો મેં ભાળ્યો.
આ જોઉં કે આ જોઉંરે, ભૂષણ એમ ખેંચે નજર;
કાંતી વદનની દેવીરે, અમી ભરીને મનહર.
ધન્ય દેવ દયાનિધિરે, દયાનિધિ માતાજી;
દઈ દરશન આજેરે, કર્યા રંકને રાજી.

આવા દૈવી ઉત્સવનાંરે, દર્શન અમ સુધી ક્યાંથી;
એવી કરને તેડાવ્યાંરે, નિષ્કેવલ કરૂણાથી.
દીઠાં અદ્દભુત દર્શનરે, બિરાજી સિંહાસન પર;
મુખ આગળ દીસેરે, ભર્યો અન્નકોટ સુંદર.
ભર્યા ટોપલા ઝાઝારે, વિવિધ પકવાનોના;
કોઈ છેકજ મોટારે, સાધારણ કો નાના.
મીઠા ભાત વડાંનેરે, પુડા મીઠા ખારા બે;
શીરો શ્રેષ્ટ જલેબીરે, લાડુ મનહરના છે.
દહીં ભાત પુંગલનેરે, અમલી પ્રસાદ વડા;
ક્ષુરા ભાતને ખીચડીરે, શાકો ભાત ભાત તણાં.
રાઇતાં ચાર પાણીરે, કઢી સ્વાદ વળી ભલી;
પકવાનોની સાથેરે, ફળોની ઘણી ટોપલી.
ફળાં કેરી ને ફણસરે, અનંનસ જામ મીઠાં;
પાન સોપારી પુષ્કલરે, પ્રભુ પાસ મેં દીઠાં.
પંખા ચામર સેવકરે, ઢોળે પ્રભુને ષ્યારે;
થઇ ભેટ આરતીઓરે, પ્રભૂને વારે વારે.
ધારી ધારીને નીરખ્યારે, પ્રભુ ત્રીજા પહોર લગી;
પ્રસાદી ફળ વ્હેચ્યાંરે, લીધાં અમે તે ઉમંગી.
અન્ને કોટ સારાયોરે, લોકો વેરાવા લાગ્યાં;
ત્યારે દરશન દીધાંરે, પ્રભુએ મેં માગ્યાં.
ઠેઠ પાસે જઈનેરે, ધારી નીરખ્યા નયને;
દીઠી બ્હાર નવી નવીરે, થઈ નહીં તૃપ્તી મને.
એ અમૃત રસ પીતાંરે, કોણ ધરાયો છે ?

આજનો દીન અનુપમરે, ધન્ય ગણાયો છે.
ધન્ય ! ગિરિવર ભૂમાંરે, વસે વેંકટેશ જહાં;
વસે છે તીર્થ સઘળાંરે, શ્રી પુષ્કરણીમાં તહાં.
છુટાં તીર્થ ન્હાવાનાંરે, જગે જગ છે સુંદર;
લોક પાવની ગંગારે, વહે છે એ માઇલ પર.
જેના ભાગ્યમાં જેટલુંરે, તેટલું ત્યાં થાએ છે;
ફરી ઉપર યાત્રારે, લોકો નીચે જાએ છે.
નીચે ત્રિપતિ પુરમાંરે, બે દીવ્ય દેશો ભારી;
રામસ્વામીનું મંદિરરે, બજારે જોયું ધારી.
ધ્વજ સ્તંભ સોનાનોરે, છે એ ત્રણ લાખ તણો;
એ મહંતે કરાવ્યોરે, સુશોભિત ભવ્ય ઘણો.
સીતા રામ ને લક્ષ્મણરે, છે દીવ્ય વિગ્રહ મંદીરે;
દરશન મહા સુખમયરે, કર્યાં ધીરે ધીરે.
હતો ત્યાં પણ ઉત્સવરે. ધર્યાંતાં ભૂષણ ભારી;
કર્યાં દરશન ત્યાં પણરે, પાસેથી ધારી ધારી.
પ્રભુ ગોવિંદરાજનુંરે, દીઠું દીવ્ય ધામ વડું;
નવ માળનું ગોપુરરે, આકાશમાં જઇને અડ્યું.
મહીં પેસતાં દીસેરે, પહેલા શ્રીદેશીકસ્વામી;
જરા આગળ આવેરે, રામાનુજ ગુણગ્રામી.
પછી છે પુષ્કરણીરે, નિરમલ જલ મીઠું;
બીજા મંડપ મુકયારે, ગોપુર ત્યાં બીજું દીઠું.
તેમાં બે મંદીર તોરે, છે પટરાણી તણાં;
રૂક્મિણી સત્યભામારે, કરૂણાવંત ઘણાં.

રાધા કૃષ્ણનું મંદીરરે, દીઠું અમે બાજુપર;
ઘણાં મંડપ સ્થાનોરે, શોભીતાં દીઠાં અંદર.
ખાસ મંદીર મોટું રે, આવ્યું ત્રીજા ગોપુરમાં;
અમે ચાલ્યા દરશનરે, ઉમંગ ધરી ઉરમાં.
થયાં તેવાંજ દરશનરે, કૃપા પ્રભુએ કીધી;
પોઢી શેષ શય્યાપરરે, આંખી અમને દીધી.
ઘનસ્યામ ચતુરભુજરે, શંખ ચક્ર કરમાંહે;
બ્રહ્મા નાભી કમળપરરે, બેઠેલા દીઠા ત્યાંહે.
શ્રી દેવી ભૂદેવીરે, ચરણ ચાંપે ઉલ્લાસે;
મધુકૈટભ ઉભાંરે, બે કર જોડી પાસે.
એવા અમુલ્ય દરશનરે, કીધાથી નયન ઠર્યાં;
બાવે કપીલ ધારામાંરે, અમે જઇ સ્નાન કર્યાં.
કૃષ્ણચંદ્રનું મંદીરરે, તીરથની પાસે છે;
અલવાર તીરથ આરે, સ્નાને પાપ નાસે છે.
પુરથી ત્રણ માઇલરે, છે પ્રભુના લક્ષ્મીજી;
જુદું ગામ વસાવીરે, રહ્યા છે ત્યાં રીઝી.
સ્વયંભુ પ્રકટયાં છેરે, પાસેની પુષ્કરણીમાં;
તીર્થ તે પણ કીધું રે, પતીત પાવન સીમા.
શુક્રવારનો ઉત્સવરે, માતજીનો જયારે થયો;
ઠાઠ તે સમઇયાનોરે, મૂખેથી ન જાય કહયો.
અનુ જાય જયાંહાં ત્યાંહાંરે, ઉત્સવ તારી આગે છે;
સ્વામી ત્રિવડીની-તુંપરરે, કૃપા ઘણી લાગે છે.

*બાલાજીની યાત્રા બીજીવાર.

લાવણી

ધન્ય શ્રીમત શ્રી વેંકટરાય, દીધાં સુખડાં તે નહીં વીસરાય;
સ્મરણુથી ઉર અધિક મલકાય, હર્ષે ધા ફરી ફરી લાગું પાય.
કૃષ્ણાથી રાણી ગુંટે થઇ, આવ્યાં શ્રીપતિ પાસ;
રેલમાંજ પુર ગોપૂર ગિરિવર, નીરખી થયો ઉલાસ.
ફરી ફરીને પાવન મુજ કાય. ધન્ય. ૧
પુરે પ્રવેશી છત્રે આવ્યાં, પામ્યા સારૂં સ્થાન;
પાસે પુષ્કરણી મંદીરમાં, ગોવિંદરાજ શ્રીમાન.
દર્શને ચહીએ તદા જવાય. ધન્ય. ૨
ઉંચુ ગોપુર અડયું આકાશે, પેઠાં તેની માંહે;
દેશીક વરવર મુની સંનિધિ, જમણી ડાબી સાંહે.
મધ્યમાં પુષ્કરણી છલકાય. ધન્ય. ૩
અન્ય મંદીરો એજ પ્રકાર, મંડપ નોબત ધામ;
બીજો ગોપુરદ્વાર સમીપે, વાગે વાદ્ય તમામ.
ત્રિકાળ પ્રભુને મુજરો થાય. ધન્ય. ૪
બીજા પ્રાકારમાં ડાબીગમ, બેઠા શ્રીમાત;
દીવ્ય મહીષી ગોવિંદવરનાં, ચતુર ભૂજા શુભ ગાત.

---

* બેઉ વખત કરેલી કવિતાઓ દાખલ કરવાથી થોડી હકીકત બેવડાય છે માટે ક્ષમા થવી જોઇએ. કારણ તેથી બીજી ઘણી હકીકત નવી જણાશે.

કમલ કર દેતાં અભય જણાય. ધન્ય. ૫
બાહ્યકાર મંદીર તે આગળ, કૃષ્ણ ધામ તે પાર.
મધ્યે ચોક વિશાળ મનોહર, સામી મંડપ હાર.
પ્રાકાર બીજે ત્યાં પુરણ થાય. ધન્ય. ૬
ત્રીજા પ્રાકાર માંહે મનોહર, ખાસ પ્રભુનું ધામ;
જમણો ધ્વજ સ્તંભને ડાબું, સહસ્ત્ર મંડપ ઠામ.
ઉભા પ્રભુ સનમુખ પક્ષીરાય. ધન્ય. ૭
પ્રભુ મંદીરમાં મંદીર બીજું, ત્યાં ગોદામા માત;
શણગારો સ્વરૂપની શોભા, જોઇ થયો રળીયાત.
ઉભય મુર્તી અદભુત દેખાય. ધન્ય. ૮
મુખ્ય મંદીરે બહાર ખંડમાં, નિત્ય સુરી શ્રીમાન;
ગરૂડ સુદરશનને ગણનાયક, અતિ પ્યારા હનુમાન.
સદા જે સેવામાંજ સોહાય. ધન્ય. ૯
ખાસ વિમાને અનંત શય્યા, દીવ્ય ભવ્ય શ્રીમાન.
પોઢયા તેપર ગોવિંદ રાજા, દેવદેવ ભગવાન;
નિત્ય જેના ગુણ વેદો ગાય. ધન્ય. ૧૦
ચતુરભુજા શંખ ચક્ર ધારી, શ્રી ભૂદેવી પાસ;
કરજોડી ઉભા મધુકૈટભ, અસુર બનીને દાસ;
નીરખતાં નેનો નહીં ધરાય. ધન્ય. ૧૧
ભોગ મૂર્તીઓ ત્રણે તેવી, ભૂષણ ભભકાદાર;
આરે દિવસ સરવનાં પહેલાં, તેડાવી નીજ દ્વાર;
દીધાં દર્શન તે કયમ વીસરાય. ધન્ય. ૧૨
ફરવારે સુંદર સાંઝે, શ્રીગોદામા માત;

ચઢી વીમાને કરીને સ્વારી, ઠાઠમાઠની સાથ;
પધારે ખાસ બગીચા માંહે. ધન્ય. ૧૩
દીવ્ય દેશ શ્રી રામ સ્વરૂપે, છે આ પુર મોઝાર;
ત્યાં પોતે દર્શન મનમાન્યાં, દીધાં બે બે વાર;
સદા શનીવારે સ્વારી થાય. ધન્ય. ૧૪
ત્રણ ગાઉ તીર ચાતુર ગ્રામે, નીરખ્યાં શ્રીજી માત;
શ્રી નિવાસનાં દીવ્ય મહીષી, ઠાઠપાઠ ભલી ભાત;
શુક્રવારે બગીચામાં જાય. ધન્ય. ૧૫
સહજ ચઢયાં સાત ગાઉ ગિરિવર, રહ્યાં ત્યાંહાં દીન ચાર;
નીરખ્યા શ્રી નિવાસ મનમાન્યા, પ્યારા પ્રાણાધાર;
શ્રુતીને શેષ સદા ગુણ ગાય. ધન્ય. ૧૬
ગુરૂવારે રાતે ફુલજામો, ધારે છે શ્રી નાથ;
દૈવી દર્શન શુભ શણગારો, વરણે ન બણે વાત.
સ્વાદ એ નીરખ્યાથીજ ચખાય. ધન્ય. ૧૭
શુક્રવાર અભિષેક દીવસનો, મહીમા અપરંપાર;
દેવ ઋષી સેવામાં આવે, સફલ કરે અવતાર;
મેદની જનની ખુબ ભરાય. ધન્ય. ૧૮
એ આનંદ અને એ શોભા, વરણી નવ વરણાય;
સંભારી સંભારી મનડું, અધીક અધીક હરખાય;
કરી સાચીજ અમારી સહાય. ધન્ય. ૧૯
ભક્ત તણા વત્સલ રહે પોતે; સદા ભક્તાધીન;
સ્વારી ઉત્સવ સઘ કરાવે, ભક્ત ચાહે તે દીન;
નિત્ય વિધવિધ મંગલ વરતાય. ધન્ય. ૨૦

પુણ્ય કોટી ને ગરૂડ વાહન, કલ્પ વૃક્ષ રમણીય;
વિવાહ ઉત્સવ કેરાં દર્શન, અમને દઇ અતિ પ્રીય.
આપી જે લ્હાણુ તે ન વીસરાય. ધન્ય. ૨૧
સ્વામી પુષ્કરણીમાં કીધાં, ફરીફરીને સ્નાન;
ભાવે તીરે નીરખ્યા મનહર, શ્રી વરાહ ભગવાન;
ધામના પહેલા ધણી ગણાય. ધન્ય. ૨૨
આકાશ ગંગા છે બે ગાઉ, કર્યું ત્યાંહાં જઇ સ્નાન;
એક ગાઉ તેથી પણ આગળ, પાપ નાશની સ્થાન;
પાપ ત્યાં ધોવાતાં દેખાય ધન્ય. ૨૩
નીચે આલવારનાં તીર્થે, કીધું ભાવે સ્નાન;
અનેક તિર્થ ગીરીવર પર છે, શેષ રૂપી આ સ્થાન;
ખુબી શાસ્ત્રો વાંચે સમજાય. ધન્ય. ૨૪
શ્રી પાદ ચુર્ણ મનોહર લાડુ, અભય હસ્તને માલ;
વિદાગીરી મનમાની આપી, અનુને કર્યા નીહાલ;
ફરીને એજ લ્હાણુ ઉર ચહાય, ધન્ય શ્રીમતશ્રી. ૨૫

ગોદામાની સ્વારી

ગરબી–ઓધવજીના સંદેશાનો રાગ.

શુક્રવારની સંધ્યા સુખદ સોહામણી,
નીકળ્યાં સ્વારી ગોદા દેવી માતજો;
નીરખી નીરખીને હઈડું હરખી રહ્યું.

દશે દીશા શોભા પામી ભલી ભાતજો. સુક.
નભમાં વિધવિધ રંગી વીખર્યાં વાદળાં,
સુવર્ણ તડકે અહીં સકલ છવાઈ જો;
ભૂમી છાંટી શણગારી શુભ સાથીએ,
શણગારી આવ્યાં પુરજન ત્યાં ધાઈજો. શુ
સ્વારી ભારી ઠાઠમાઠથી શોભાતી,
હય હાથી નરનારી વાજાં સાથજો;
દીવ્ય વિચાને અલંકાર ઉમદા ધરી,
બેઠાં લટકે શ્રી ગોદામા માતજો. શુ
ચામર છત્ર સુરજ મુખીઓ કર સાહીને,
સેવા કરતા સેવક ચાલે સંગજો;
આગળ પાછળ શ્રી વૈષ્ણવની મંડળી,
વદતા વેદ પ્રબંધો ધરી ઉમંગજો. શુ
ડગલે ડગલે પુરજન પુરા પ્રેમથી,
પુજા પુરી ઉભાં ધારી આજ્ઞાજો;
નમી ધરીને ભેટ, કરીને આરતી,
સંગે ધાતા મુકી સઘ અવાસજો. શુ
એ રીતે દેવી આવ્યાં ઉદ્યાનમાં,
હતો હીંડોળો મંડપમાં તૈયારજો;
આનંદે ઉતરીને ઝુલે ઝુલવા,
થયાં વિરાજીત ગોદામા તે ઠારજો, શુ
ટેરા આવ્યા પુજન ત્યાં પેહેલું થયું,
ધર્યા નવા પુષ્પોના મસ શણગારજો;

થયો થાળ ચંદન પ્રસાદ આદી તદા,
ગોષ્ટીમાં પામ્યાં સરવે નરનારજો. શુ
ઝુલ્યાં ઝુલે ધીમે દાસ ઝુલાવતા,
આગળ ઉભા ગાયનકારો ગાયજો;
નિરખે શ્રી વૈષ્ણુવનો સમુહ શોભતો,
એ શોભતો નહીં વીસરી વીસરાયજો. શુ
ઉઠયાં માવડી આરૂઢ થયાં વિમાનમાં,
ધીમે હીંડે ઉભે ઠારોઠારજો;
સુણે ગીત ગાયનકારોનાં સ્નેહથી,
સહેલ બગીચાની કીધી સુખકારજો. શુ
નિકળ્યાં બહાર, ચઢી સ્વારી, થઈ રોશની,
ઠાઠમાઠથી આવ્યાં પ્રથમ પ્ર'કારજો;
સામાં આવ્યાં શ્રીજી ચઢી વીમાનમાં,
શોભા એહ સમયની અપરંપારજો. શુ.
બેઉ માતનાં વિમાન સરખાં શોભતાં,
લક્ષ્મીજીની શોભા વળી વિશેષજો;
વધી રોશની વધ્યાં જનો શોભા વધી.
નીરખ્યા વીણુ નવ સમજાયે લવલેશજો. શુ.
સંગે ચાલી મુકી આવ્યાં શ્રીવડાં,
ગોદા દેવીને પોતાને સ્થાનજો;
પાછાં આવ્યાં નીજ મંદીરમાં ત્યારનું,
રેહેજો સદા અનંત તણે ઉર ધ્યાનજો.
શુક્રવારની સંધ્યા સુખદ સોહામણી,

કલ્પવૃક્ષની, સ્વારી

ગરબો " પ્રેમની પીડા તે કોનેકહીએ હોમધુકર "
એ રાગ.

આજની છટાની બલીહારી,
ધન્ય ધન્ય પ્રભુ આજની છટાની બલીહારી.—ટેક.
મનહર બ્યકુંટ ગિરિવર ઉપર,
નીકળી સુંદરસ્વારી. ધન્ય ૧
કલ્પ વૃક્ષ પ્રત્યક્ષનું વાહન,
ચાંદી કનક તન ધારી. ધન્ય ૨
વીવીધ ધાટ કુદરંગ રૂપમય,
ડાળી ડાળીની ખુબી ન્યારી. ધન્ય ૩
વીવીધ કુસુમ ફુલ પલ્લવ ચહુ દીશ,
ઝુમી ઘટા બનાવી ભારી. ધન્ય ૪
ઉપર મધ્ય પંખીવર વિધવિધ,
કરતાં દીસે કીલકારી. ધન્ય ૫
લલીત લતા સમાન લપટાઇ;
શોભતા શેષ છત્રધારી. ધન્ય ૬
ફુરતી સુભગ રૂપની સીમા,
દાસીઓ દીપાવે કીનારી. ધન્ય ૭
નીચે અદભૂત આસન ઉપર,

ઓપતા શંખ ચક્રધારી ધન્ય ૮
શ્રી નિવાસ શ્રી શેષાચલપતિ,
સંગે શ્રી સીતા દેવી પ્યારી. ધન્ય ૯
દીવ્ય સુ મંગલ ત્રી વિગ્રહપર,
શોભા ત્રિલોક તણી વારી. ધન્ય. ૧૦
નખ શીખ જડીત હિરણ્યમય સુકવચ,
ઝળહળતું ચિત્ત હારી. ધન્ય ૧૧
હાર હમેલ કટાર કમરપર,
જોયાં, મોહ્યાં નરનારી. ધન્ય ૧૨
કહે સુણે ન બને એ શોભા,
અનુ નીરખ ધ્યાન ધારી. ધન્ય ધન્ય. ૧૩

પુણ્ય કોટી વિમાનની સ્વારી.

ગરબી.

"ઓરા આવ્યને સલુણા પ્રભુ" એ રાગ
ધણીખંમાં શ્રી નિવાસ વ્યંકટેશને જો
ધ્યાન ધારીને નીહાળું -હષી કેશને જો. ટેક
પુણ્ય કોટી નામનું વિમાન કનકનું જો,
ઉપર ઝળહળતા કળશથી દીપે ઘણું જો. ૧
મધ્ય માંહે મહારાજ વિરાજીત છે જો,
છબી છેલ અહા! ચોંટી ગઇ ચિત્ત છે જો. ૨

કનક કવચ છે જડાવ દીવ્ય અંગમાં જો,
રૂડાં શોભતાં શ્રી ભૂમી દેવી સંગમાં જો. ૩
કડે કમર પટા વિષે તલવાર છે જો,
ખમે હમેલો જડાવ ગળે હાર છે જો. ૪
શંખ ચક્ર કરે કનકનાં જડાવ છે જો,
આજ નયનોને ખરેખરો લ્હાવ છે જો. ૫
પીત દુપટોને વડા પુષ્પ હાર છે જો,
ગાદી તકીઆઓ તણી બની બહાર છે જો. ૬
હીંડે છેલ છટા થકી લટકા કરીજો
ચાલે સંગદાસ છત્ર ચામરો ધરી.જો ૭
વાજાંગાજાં વેદ ધુન્ય ધુમ ધામ છે જો,
સેવામાં અનંત સદાનો ગુલામ છે જો ૮ ધણીખમા.

ગરૂડજીની સ્વારી

લાવણી.

(વિજય હો શ્રી નિવાસ સ્વામી (૨)
વ્યંકટ ગિરિપતિ લક્ષ્મીવર નમામિ નમામિ
પીતઅંબર પ્રભુને પ્યારૂં (૨)
નિચે નુપુર ઉપર કાંચી ગુણથી મનહર નારૂ
હાર હીરા માણુક મોતી (૨)

ઉંડી નાભીથી કંબુકંઠ લગી છે અદ્ભૂત ઘોતિ.
ગરૂડ આરૂઢ પ્રિયતમ પ્યારા.(૨)
શંખ ચક્રધારી. બલીહારી. અભય આપનારા.
મંદ સ્મીત ચિત્તચોર વ્હાલા (૨)
રાજીવલોચન પાપ વિમોચન અદ્ભુત નખરાળા.
કુંડલો કરણો પર ઢળતાં (૨)
કીરીટ રાજવી ચિન્હ વિલોકી કષ્ઠ સર્વ ટળતાં.
છત્ર શીર ચામર બે પાસે (૨)
વેંકટ ગિરિની દીવ્ય વીથીમાં ભવ્ય ઠાઠ ભાસે.
અનુ આગળ ચાલી નાચે (૨)
ફરી ફરીને એ સુખ મળવા કરજોડી યાચે વિ

શ્રી વિસ્નુ કાચીની મહાયાત્રા.

કાંચીપતી ભગવાનનું વર્ણન

લાવણી.

"અરજ તું સુનલે શીવમેરી" એ રાગ.

ધન્ય જયવરદરાજ ભગવાન
શોભીતું વિશ્નુ કાંચીમાં સ્થાન. ધન્ય જય
સાત પૂરીમાં શ્રેષ્ટ પુરી છે, દ્રાવીડમાં સુખધામ;

બ્રહ્માયજ્ઞ કરી સતયુગમાં, વર પામ્યા આ ઠામ. ધન્ય ૧
સાત માળ ગોપુરમાં પેઠા, ફરતો કોટ પ્રધાન;
ડાબે પુષ્કરણીનેં મંડપ, પછવાડે ઉદ્યાન. ધન્ય ૨
પુષ્કરણી મહા પવિત્ર તીરથ, કરે સહુજન સ્નાન,
બાંધેલું સર મધ્ય બંગલો, પાપવિમોચન સ્થાન ધન્ય ૩
પ્રતિ વર્ષે મંડપે બીરાજે, ચારવાર ભગવાન
કોરણીદાર સ્તંભ પથ્થરના, છે આ સરસ મકાન. ધ ૪
દર ભૃગુવારે પ્રથમ પધારે, લક્ષ્મીજી ઉદ્યાન
વાંસે પ્રભુ સ્વારી ત્યાં આવે, થાય ધુમ ખુબીવાન ધ ૫
દીપ સ્તંભ મધ્યે પથ્થરનો, ધ્વજા સુવર્ણ નીશાન
જમણે મંદીર દેશીક સ્વામી, ગુરૂજી કૃપા નિધાન ધ ૬
બીજા કોટમાં સામો મંડપ, જમણું શ્રીજીધામ
ડાબા મંદીરમાં હે સોનેરી, વાહન ખાસ તમામ. ધ ૭
આ સન્મુખ મંડપ તે આવે, ઉત્સવ સમયે કામ;
ગરૂડોત્સવમાં પ્રભૂ બીરાજે, દસે દિવસ આ ઠામ ધ ૮
શેષ ગરૂડ શારદુલ હંસ, હય સિંહ હાથી હનુમાન.
ચંદ્ર સૂર્ય વાહન ઝગમગતાં, સુખપાલ ને વિમાન. ધ ૯
શ્રી મંદીરમાં માતા ઉભાં, ચતુર ભુજા ધનસ્યામ;
પાસે ભોગ મુર્તીની શોભા વરણી ન શકું આમ. ધ ૧૦
ત્રીજા કોટમાં ફરતીવાળુ. પ્રભુનું ખાસ મકાન
નીચે શ્રી નરસિંહ બીરાજે, ભક્તવત્સલ વિજ્ઞાન. ધ ૧૧
ત્રીજેમાળ બીરાજ્યા રાજા, ધુપ દીપ ધુમધામ,
છે પ્રતક્ષ ભુમી વૈકુંઠજ, પતિત પાવન ધામ. ધ. ૧૨

વર બ્રહ્માને દઈને પ્રભુએ, વરદરાજ ધર્યું નામ,
યજ્ઞ કુંડમાંથી પ્રગટયા છે, દેવા અભયપ્રદાન. ધ. ૧૩
અષ્ટોત્તર શત શાલીગ્રામની, કંઠે માલ નીદાન;
યજ્ઞોપવિત સુવર્ણ તણું, કંઠીમાં શ્રીજી સ્થાન. ધ. ૧૪
અંગે ચોળ્યું છે ઘસમસતું, ચંદન સુગંધવાન;
તુલસી પુષ્પની માલા લાંબી, ધારી કૃપાનિધાન. ધ. ૧૫
મુકટ મસ્તકે તીલક લીલાટે, સુંદર કુંડલ કાન:
ઉભા ચતુરભુજ શંખ ચક્ર ગ્રહી, દીવ્ય વિગ્રહ ઘનશ્યામ;
ધન્ય. ૧૬
ભોગ મૂર્તિ આભુષણ સાથે, દીસે કાંતીવાન;
નખ શીખ નીરખે મન મસ હરખે,તુપ્ત થાય નહીં પ્રાણ.
ધન્ય. ૧૭
સીતા લક્ષ્મી બંને બાજુ, કનૈયાજી છે વામ;
અનહદ દૈવી શોભા નીરખી, ફરી ફરી કરૂં પ્રણામ ધ. ૧૮
કપુર આરતીથી કરૂં દરશન, ધન્ય ધન્ય ભગવાન;
અનંત માગે અંત સમયે, છબી આવે મારે ધ્યાન.
ધન્ય જયવરદરાજ ભગવાન. ૧૯

શ્રીમત ગરુડોત્સવનુ વર્ણન.

ગરબી તઇયારી

" અચકો મચકો કારેલી " એ રાગ.

અમે શુભ સમયે અહીંઆં આવ્યાં.
ગરૂડોત્સવ કાળથી થાશે બેન,

ધન્ય ઘડી ધન્ય ભાગ્ય તણું;
તેરસથી ચોથ સુધી નીત્યે,
પ્રભુ બેવાર સ્વારી જાશે બેન. ધ૦
નિત્ય નવાં ઘરેણું ને વાહન,
લોકે ઠઠ શેહેર ભરાશે બેન ધ૦
પ્રભુ જઈ બીરાજશે શીવ કાંચી,
ત્યાં મંડપ સરસ રચાશે બેન. ધ૦
ગરૂડા રૂઢ પ્રભુ થાશે પુનમે,
નીરખે તે વૈકુંઠ જાશે બેન. ધ૦
તેડયા અલવાર પ્રભુ મંદીર,
આ ઉત્સવ કરવા પુરણ બેન. ધ૦
વાજતેગાજતે દીવ્ય વિગ્રહ,
આવ્યા રાતે અધચુરણ બેન. ધ૦
શ્રી વિશ્વકશેન વિમાન ચઢી,
ગયા શીવ કાંચી કરી સ્વારી બેન. ધ૦
પ્રભુ કાલ પધારે તે માટે;
કરી રાખવાને તૈયારી બેન. ધ૦
દશ વાગે તે આવ્યા પાછા,
સ્વારીનો ભભકો ભારી બેન. ધ૦
વાજાંગાજાં આતશબાજી,
રોશની વેદ ધુન સારી બેન. ધ૦
આ ધુમધામ જોઈ દાદશીએ,
વળી કર્યાં મંદીરે દરશન બેન. ધ૦

થાહો ત્યારે જવાય પ્રભૂ પાસે.
કહે અનંત વરદરાજ ધન્ય બેન. ધ૦

ધ્વજારોહણ-સ્વારી

ગરબી

આજ તેરશના દીનને ધન્યરે,
અદ્‌ભૂત શોભા આજ બણી;
ઉઠયાં ત્રણ વાગ્યે પુર જનરે,
અદ્‌ભુત શોભા આજ બણી.
પહેલે પુષ્કરણી નાહ્યાંરે, અ૦
પછી પ્રભુ મંદીર ભણી ધાયાંરે. અ૦
થઇ વાત પ્રભાતે જાહેરરે અ૦
પ્રભુ સાત બજે જશે બહારરે. અ૦
જેમ ચઢતો આવ્યો દહાડોરે. અ૦
તેમ બહુ આવ્યાં નરનારોરે. અ૦
ઘડી ઘડી તોપ ગડગડતીરે. અ૦
સુણી નાઠી કુમતિ ડરતીરે. અ૦
પ્રભુ નિજ આશનથી ઉઠયારે, અ૦
સોનાને વિમાન બેઠારે. અ૦
લક્ષ્મી સીતાને અચ્યુતરે, અ૦
અંગે આભુષણુ અદ્‌ભુતરે. અ૦

શીર મુગટ જડાવ મણીમયરે. અ૦
વદે અનેક સેવક જય જયરે. અ૦
નોબત સુરનાઈ વાગેરે. અ૦
આવ્યા ધ્વજ દંડની આગેરે, અ૦
ઘડી વાર પ્રભૂ ત્યાં ઠેર્યારે. અ૦
થઈ પુજા તણાયઃ ટેરારે. અ૦
આવી સ્વારી એક ત્યાંહરે અ૦
છે ધજા પાલખી માંહરે. અ૦
મંહી છબી ગરૂડજી કેરીરે. અ૦
થાય વેદની ધુન્ય ઘણેરીરે. અ૦
થઇ સુવર્ણ સ્તંભે પુજારે. અ૦
કરે વેદ ક્રિયા દ્વીજ દુજારે. અ૦
વાગ્યાં નોબત સુરનાઈરે. અ૦
તોપોએ દીધી વધાઈરે. અ૦
ઘંટા સંગ તાળી વાગીરે. અ૦
ચડી ધજા ઉંચે સદ ભાગીરે, અ૦
પછી કરી પ્રભુએ સ્વારીરે. અ૦
થઈ ભીડ લોકની ભારીરે. અ૦
છે નીશાન ડંકા આગેરે. અ૦
ભણે વેદ વૈષ્ણવો પાછેરે. અ૦
મધ્યે પ્રભુર્વિમાન ચાલેરે. અ૦
બે સેવક ચામર ઢાળેરે. અ૦
ચાલી પુરમાંથી સ્વારીરે. અ૦

દર્શન કરતાં નર નારીરે. અ૦
કોઈ રસ્તે થાળ ધરાવેરે. અ૦
કરી આરતી ફુલ વધાવેરે. અ૦
બાંધ્યાં તોરણુ રસ્તામાંરે અ૦
ઉડે નીશાન સામ સામાં. અ૦
તર છંટકાવથી ધરતીરે. અ૦
નાળીએરી છાંયડો કરતીરે. અ૦
શીવ કાંચી પ્રભુજી આવ્યારે. અ૦
શુભ મંડપમાં પધરાવ્યારે. અ૦
થઇ પુજા પુરી કરીનેરે. અ૦
પછી થાળ ધરાવ્યો હરિનેરે. અ૦
વેંચ્યાં પ્રસાદ તીરથ ફુલરે. અ૦
ચંદન તુલસી દલ અમુલ્યરે. અ૦
કરી ગોષ્ટી વૈષ્ણવ રાજેરે. અ૦
સાંમે કંચનીઓ નાચેરે. અ૦
કોઈ તાલ વગાડે ગાયરે. અ૦
ત્યાં સ્તોત્ર પાઠ બહુ થાયરે. અ૦
એક કલાક આપ બીરાજ્યારે. અ૦
પછી ઉઠયા કાંચી રાજારે અ૦
ફરી વળ્યા એજ ભભકાભરરે. અ૦
આવી પહોંચ્યા નિજ મંદીરરે. અ૦
તેરશ બપોરની ખુબીરે અ૦
જોઈ અનંતે પાસે ઉભીરે. અ૦

સીંહસ્વારી

ગરબી

શોભા ભવ્ય બની સાંઝની સ્વારી તણીજો,
દીવ્ય ઠાઠમાઠ જોઈ છકીત હું બણીજો. શોભા. ટેક.
બેઉ બાજુ લાંબી હારદોર રોશની જો,
જાણે ઝગમગતી લાટો તાવેલ કનકની જો શોભા. ૧
મધ્યે બેઉ બાજુ બપોરીયાં છુટતાં જો,
લાજે ચંદ્રપ્રભા એવાં કીરણ ફુટતાં જો. શોભા ૨
તોપ જોડ વારંવાર છુટે અહીં તહીં જો,
છુટે બાણ ઉડે તારા ફુટે નભ જઈ જો. શોભ ૩
વાજાંગાજાં વાગે આગળ ધુમધામથીજો,
સિંહ સ્વાર પ્રભુ આવતા દમામથી જો. શોભા ૪
મોતી મુગટ જરી જામો પુષ્પ ખેસ છે જો,
વરદરાજ આજ વરરાજાને વેશછે જો. શોભા ૫
ઉભા બેઉ પાસે સેવક ચામર ઢાળતા જો,
છત્ર વાળા ઝાડ ડાળીઓને ખાળતા જો. શોભા ૬
સિંહ નેત્ર ગોળ ઉભી સોનાયાળ છે જો,
લોહ ડાઢ વીકરાળ દુષ્ટ કાળ છે જો. શોભા ૭
આગળ પાછળ વેદ ધુન્ય કરે વૈષ્ણવો જો,
ચાલે હાથોહાથ ગૃહી ઠાઠ અવનવો જો શોભા ૮
અનંત શોભા ધન્ય તેરસની રાતની જો,
કેમ વરણી શકું ખુબી વિશ્વનાથની જો. શોભા ૯

મંડપની શોભા

ગરબી. એજ ઢાળીની

સખી શોભા બની મંડપની અવનવી જો,
જોયે જણાએ ખુબી નશકુ વરણવી જો. સખી ટેક.
શીવ કાંચીમાં એ મંડપનું સ્થાન છે જો,
ઉભા રક્ષક ત્યાં વીર હનુમાન છે જો. સખી, ૧
સ્તંભ ઉભા કરી આગળ બાંધ્યો માંડવો જો,
વચે કાઢયો ચોરસ ઘુંબજ ઘાટ અવનવો જો સખી ૨
ફુલ પાન ઝાડ બુટા વેલ શોભતી જો,
રાતી ઝાલર ઘુઘરદાર છેડે ઓપતી જો. સખી. ૩
લુમ વાળી કેળો બારણે ઉભી કરીજો,
સામાં શંખ ચક્ર તીલક ચોઢયાં ચીતરીજો. સખી. ૪
રાતે પ્રકાશે હાંડીઓ મોટા ફાનસો જો,
ઉભાં બેઠાં બધી બાજુ ઠઠ માણસોજો. સખી. ૫
પ્રભુ મંડપે પધારે તાળીઓ પડે જો,
વાગે નોબતને તોપ જોડ ગડગડે જો. સખી. ૬
પ્રથમ પ્રભુજીની સુક્ષ્મ પુજા થાય છે જો,
ચંદન પુષ્પ પછી નૈવેદ્ય ધરાય છે જો. સખી. ૭
ઘંટનાદ સાથે થાય કપુર આરતી જો,
ભેર સુરનાઈ મધુર શુર કાઢતી જો. સખી. ૮

કરે ગોષ્ટી સર્વે વૈષ્ણવો પ્રસાદની જો,
ધરે વિવિધ ભેટ ભક્ત પ્રભુને નવી જો. સખી. ૯
તીર્થ ચંદન પ્રસાદ સર્વને મલે જો,
શીરે પાદુકા અડેથી કુમતિ ટળે જો. સખી. ૧૦
નચે દેવ દાશીઓ સંગીત રીતથી જો,
હાવ ભાવથી રીઝાવે પ્રભુ પ્રીતથી જો. સખી ૧૧
દીવા રોશની ને ઘીની મશાલો બળે જો,
બપોરીઆંનો પ્રકાશ તે સાથે ભળે જો. સખી ૧૨
મજા દર્શનની સામટા પ્રકાશથી જો,
લીધું નેત્ર સુખ અનંતે ઉલ્લાસથી જો. સખી. ૧૩

હંસ વાહનપર સ્વારી

ગરબી " ઘેલી કીધી છે મને તો એ ગોવાળીએ " એ દેશી.

વારી જાઉં વરદરાજ પ્રભુ રૂપથી જો,
સ્વારી જોઇ છકીત થયું મારૂં મન.
વારી જાઉ વરદરાજ પ્રભૂ—ટેક
ધન્ય ચઉદશ પ્રભાત તણી આ ઘડી જો,
દીધાં સ્વયંભુ વિભૂએ દરશન— વારી જાઉં. ૧
હંસ રૂપાનો છે ઉંચો મોટો શોભતો જો,
તેપર થયા સ્વાર પ્રાણના જીવન— વારી જાઉં. ૨

લાલ મણી તણો મુકટ શીરે શોભતો જો,
કનક મોતીનાંજ બધાં આભૂષણ— વારી જાઉં. ૩
પુષ્પહાર દેતા બહાર ઘણી દુરથીજો,
અંગે મ્હેકી રહ્યું ઉત્તમ ચંદન— વારી જાઉં. ૪
જામો જરકસી સોનાનો શરદકોપ છે જો,
જરીન શાલ ખભે શોભાવે વદન— વારી જાઉં. ૫
રહેજો આ રૂપે હમેશ મારા ચિત્તમાં જો,
વીસાર્યાં ન વીસરશો મધુ સુદન— વારી જાઉં ૬
નમું કોડવાર પ્રાણનાથ શ્રી પતિ જો;
અનંત જન્મ આજ સફલ થયો ધન્ય. વારીજાઉં ૭

સુર્ય વાહનપર સ્વારી

ગરબી" રઘુપતી રામ રૂદેમાં રહેજોરે" એ દેશી

અમે આજ જોઇ સવારીની ખુબીરે,
ખાસ મંડપ બારીએ ઉભી;
અમે આજ જોઈ સ્વારીની ખુબીરે. ટેક.
રૂડી અજવાળી ચૌદશ રાતેરે, પ્રભુ આવ્યા જાણ્યું તોપ સાદેરે
ભાત ભાતનાં વાજીત્ર નાદે. અમે ૧
જેમ સાગર ઉલટે છે છોળેરે, એમ લોક મળ્યાં ટોળે ટોળેરે;
ફરે યાળી એવી ઝકઝોળે. અમે. ૨
થાય શોર બકોર અતીસેરે, સ્વારી સામેથી આવતી દીસેરે;

ફેલી પ્રવૃતિ જન મન વિષે. અમે. ૩
રેશની લાંબી બે સીધી હારેરે, સોનાની સરેસડક કીનારેરે;
કિંવા વન શોભે કનક ફુંવારે અમે. ૪
મધ્યે કીરણોવાળું સુર્ય વાહાનરે,જાણેસાચોસુરજઉગ્યોઉપવનેરે;
મધ્યે દેખાય શ્રી મધુ સુદન. અમે. ૫
ચંદ્રો ચાલે બે બાજુ જલે બેરે, એમ છુટે બપોરીયાં બેબેરે;
લીલાં રાતાં ગુલાબી ભભકદે. અમે. ૬
પ્રભુ બેઠા ચોકીએ ઉમળકેરે,જરી જામા આભુષણ ચળકેરે;
આજુબાજુ સુરજ પ્રભા ઝળકે. અમે. ૭
ઉભા ઉપર સેવક પ્રભુ પાસેરે, ગૃહી ચામર છત્ર ઉલ્લાસરે;
દૈવી શોભા અતુલ્ય ભવ્ય ભાસે. અમે. ૮
વાહન જાણે સમુદ્રમાં તરતુંરે, એવું જન જુથ જામ્યું ફરતું;
ચાલ્યું આવે ડોલતું મન હરતું. અમે. ૯
સ્કંધે ધાર્યું સો ડોઢસો દાસેરે, કરે ઘોર ગરજના ઉલ્લાસેરે;
જાણે વાનર દળ રામ સાથે. અમે. ૧૦
સ્વારી આવી ધીમેથી મંડપમાંરે,લોક તાળીઓ પાડે હરખમાંરે
અનુ ઉભો જાણે વૈકુંઠમાં. અમે. ૧૧

શ્રી ગરૂડજી ઉપરની સ્વારી મુખ્ય દીવસ.

ગરબી.

"વાહાલે કુંજ ભુવનમા વેણું નાદ કર્યો" એ દેશી.

શોભા ગરૂડોત્સવની ભારે આલીશું-કહું રે. ટેક.

જેઠની પુનમે પ્રભાતમાં, શ્રી વિશ્નુ કાંચી મોઝારજો,
પાછલી રાતે ઉઠીયાં, પુર વાસી નરને નાર. શો. ૧
નાહી ધોઇ ઉર્ધ્વ પુંડ્ર કર્યાં, વાળી ધોઇ ઘર કીધાં સાફજો
સાથીઆ રંગોળી શોભતાં, પુર્યાં પ્રેમે આપોઆપ. શો ૨
જેમ જેમ પ્રકાશ થતો ગયો, તેમ રસ્તે લોકો પુરજો;
હરેક પાસે શ્રીફળ ભેટને, આરતી કાજ કપુર. શો. ૩
પહેર્યાં વસ્ત્ર દીવાળીનાંને, ધર્યાં આભુષણ અંગજો;
લલદર પુષ્પે શોભતી, પુરવાસી સ્ત્રી નવરંગ. શો. ૪
રસ્તે બાંધ્યાં તોરણો. છે મંડપ હારોહારજો;
ઉંચી ધજાઓ ફરફરે, કહીં પુરે સાથીઆ નાર. શો. ૫
દુકાન કોઈ શણગારતા, કોઈ કરતા વિધવિધ ખેલજો.
મેળો ભરાયો ગહા રૂડો, સઘળે છે રંગનીરેલ. શો. ૬
વૃદ્ધ સુવાને બાળના, ઉરમાં આનંદ નમાય જો,
સહુને આશા એજ છે, કયારે પ્રભુનાં દરશન થાય. સો. ૭
તોપ જોડ નવ થાકતી, કરે બાણુ ઘણો સુસવાટજો;
મોટે પરોઢે નીકળ્યા, પ્રભુ કરી સ્વારીનો ઠાઠ. શો. ૮
લાખો માણસ ઘુમતાં, પ્રભુ પાસે કેમ જવાયજો,
ધરે સ્વારીને શ્રીફળોને, લાંજ ધુપ પ્રકટાય. શો. ૯
સ્વારી આગળ સાંમટા, દીવાને આરતી થાયજો,
ફુટે જગે જગ શ્રીફળો, બધે બળતું કપુર જણાય. શો.૧૦
વાજાં વિધ વિધ ભાતનાં, ગજ ઘોડા ઘણાં નીશાનજો;
જોવા કોણ મરજી કરે, સહુનું છે પ્રભુમાં ધ્યાન. શો.૧૧
વેદ પારાયણ મંડલી, ચાલી આગળ કરતી ધુનજો.

વાંસે જોયા વીઠલો, મારાં ઉગ્યાં પુરવનાં પુન્ય શો. ૧૨
ગરૂડ સોનાના શોભતા, બે કરમાં પ્રભુના પાદજો,
વરદરાજ સ્કંધે સ્વરૂપ, આ અંતે રહેજો યાદ. શો. ૧૩
શંખ ચક્ર છે કુસુમનાં, ગળે ઘણા પુષ્પના હારજો;
જડાવ મુકટ મહામુલી, ખુબી આભુષણની અપાર. શો૧૪
જરી વાઘા સુગંધે ભર્યા. લેઘો લીસો ને લાલજો;
ઉપવીત કનક તણું, તીલક છે જડીત્ર ભાલે વિશાલ શો. ૧૫
ડગલે ડગલે આરતી, થાય ભાત ભાતની ભેટજો;
એજ ઠાઠથી આવીઆ, મધ્યાને મંડપ હેઠ. શો. ૧૬
એજ પુજા એજ આરતી, ત્યાં એજ નાચને ગાનજો;
સેવા લેવાસર્વની, બેઠા બે કલાક ભગવાન. શો. ૧૭
ગરૂડારૂઢ ભગવાનનાં, આજ દર્શન જેને થાયજો;
પ્રભુ પદ પામે તે નકી, એવો ઉત્સવ મહીમાય. શો. ૧૮
બે વાગે પ્રભુ આવીઆ, ફરી મંદિરમાં નિજ સ્થાનજો;
અનંત ભક્તો કારણે, આજ શ્રમિત થયા ભગવાન.
શોભા ગરૂડોત્સવની ભારે. શો ૧૯

શ્રી હનુમાનજી ઉપર સ્વારી–રાતની શોભા.

ગરબી.

" જીરે આજની ઘડી રળીઆમણી. " એ દેશી
હાંરે બની પૂર્ણ શોભા પુર્ણીમાની રાતની;

જોઈ સ્વારી શ્રી વરદરાજ નાથની જીરે. પૂર્ણું ટેક
હાંરે અમે પહેલેથી મંડપે જવા નીસર્યા.
વાટે ઠેઠ સુધી ખીચોખીચ જન ભર્યાંજીરે. પુર્ણું ૧
ચિત્ત રીઝવવાનાં સાધનો જગજગે;
ચીજ માત્રની દુકાનો છે વગેવગે હો જીરે. પુર્ણું ૨
હાંરે ગાનતાન ખેલ તમાશા નવા નવા,
કરે જુદીજુદી જગે જનો જુજવા જીરે. પુંર્ણું ૩
વાજીંત્ર નાદથી ઘેરાતું આખું ગામ છે;
આતશબાજી તણાં ઝાડ ઠામઠામ છે જીરે. પુર્ણું. ૪
હાંરે હર્ષ દાખવવા લોકે કરી રોશની,
સ્વારી જોવાં બેઠાં આંગણે બની ઠની જીરે. પુર્ણું. ૫
હાંરે શોરે કાંને પડી વાત સુણાતી નથી;
ખુશી આજ કાંચી પુરીમાં માતી નથી. જીરે. પુર્ણું. ૬
હાંરે સ્વારી ચઢી સાયંકાલે સુંદર સ્યામની,
ઉગ્યો ચંદ્ર છબી નીરખવા શ્રી રામની જીરે. પુર્ણું. ૭
હાંરે આખો દિવસ દર્શન થયાં સુર્યને,
વારો તેથી લીધો શશીને તારા ગણે જીરે. પુર્ણું. ૮
હાંરે વાયુ પાવન થવા આવ્યો ધીમી ચાલથી,
દેતો ફુલ ઝપટ માણસોને વ્હાલથી જીરે. પુર્ણું ૯
હાંરે લાંબી હારો બધે રોશનીની સામટી.
જાણે સ્વારી આજુબાજુ સોનાની ઘઢી જીરે પુર્ણું૧૦
હાંરે નથી સ્વારી એતો લંકા પૂરી ધામ છે,
હનુમાન સ્કંધે બેઠા તે શ્રીરા છેજીરે. પૂર્ણું ૧૧

હાંરે આતશબાજી પ્રકટતાં થઈ બીજી ખુબી,
જાણે સમુદ્રમાં કનકદ્વારીકા ઉભી જીરે. પૂર્ણ ૧૨
હાંરે જન જુથ નથી સાગરની છોળ છે,
રોશની નીહાર કીલ્લે ઝાકમઝોળ છે જીરે. પૂર્ણ ૧૩
હાંરે નથી ઝાડ આતશબાજીના એ મેહુલ છે,
લીલા રાતા ગુલાબી રંગેરંગેલ છે જીરે. પૂર્ણ ૧૪
હાંરે દીસે મધ્યે પ્રભુ એજ દ્વારીકાપતી,
હાંરે દીસે દુરથી પણ વાહન ગરૂડજી નકી જીરે. પૂર્ણ ૧૫
હાંરે બાણ હવાઈઓ પો'ચી નભમાં તે સમે,
ઇંદ્રે પૂર્યા છે એ સાથીઆ ધાર્યું અમે જીરે. પૂર્ણ ૧૬
હાંરે જેના ભાગ્ય તે પ્રભુની સેવામાં ફરે,
સુરો કાંચી વાશી થવાની ઈચ્છા કરે જીરે. પૂર્ણ ૧૭
હાંરે સ્વારી સમીપ આવી ત્યારે શંકા એ મટી,
વરદરાજ પ્રભુએજ કાંચીના પતીજીરે. પૂર્ણ ૧૮
અનુ જીવતે વૈકુંઠ મજા જોઈ લે,
ખુબી આ સમાની ચિત્તમાંહે પ્રોઇલે જીરે. પૂર્ણ ૧૯

શેષ વાહનની સ્વારી

ગરબી "ઓ જશોદાજી આવડો લાડકવાયોરે" એ દેશી

ધન્ય જેષ્ટ વદી ઉત્તમ પ્રતીપદાના ધન્ય પ્રભાતને,
થયો હરખ અતી, નયને નીરૂખ્યા આજ શ્રી વૈકુંઠ નાથને. ટેક.

ધન્ય વરદરાજ પ્રભૂ કાંચીપતિ,
ધર્યું છે સ્વરૂપ રમણીય અતી;
જોઇ પ્રેમ ઉપજે ચિત્ત પ્રતિ, ધન્ય જેષ્ટ વદી. ૧
કર્યું શેષજીનું વાહન સુંદર,
ધરી નાની ચોકી ત્રણ કુંડલીપર;
કરે મુખ નવ ફણો વડે છતર, ધન્ય જેષ્ટ વદી. ૨
બેઠા ચરણ વામધરી ચોકીપર,
વલી તે પર સીધો જમણો કર;
બીજું ચરણ નીચે છે ગાદીપર ધન્ય જેષ્ટ વદી ૩
દીધી ટેકી દક્ષીણ હસ્ત તણી,
ઉભાં તળે ભુદેવી શ્રીજી ગુણી;
દીપાવે બાજુ ડાબી જમણી ધન્ય જેષ્ટ વદી ૪
ઉદા મખમલના વસ્ત્ર ધર્યાં,
આ ભુષણ મણીના પ્રિય કર્યાં;
કડાં મુકુટ બાજુએ ચિત્ત હર્યાં, ધન્ય જેષ્ટ વદી. ૫
આડ જડાવને નક વેસર છે,
શણગાર આજના મનહર છે;
નમે અનંત જય લક્ષ્મી વરજે, ધન્ય જેષ્ટ વદી. ૬

ચંદ્ર વાહનની સ્વારી.

ગરબી. "સ્યામ રંગ સમીપે ન જાવું" એ ઢાળની

શોભા સર્વશ્વેત બની ફાંકડી,
સાહેલી આજ શોભા સર્વશ્વેત બની ફાંકડી. ટેક
વરદરાજ ગરૂડોત્સવ મહાલે,
એક મે રાતની સ્વારી ચઢી. સાહેલી. ૧
વાહનશ્વેત પુનમ ચંદ્રમાનું,
રોશનીએ ઝગે ઘડીઘડી. સાહેલી. ૨
મધ્યે છે શ્વેત ચોકીપર પોતે,
શ્રી દેવી ભૂદેવી ઉભાં અડી. સાહેલી. ૩
મસ્તકે મુકટ શ્વેત મોતીના,
હીરાનુ તીલક આડ વાંકડી. સાહેલી. ૪
શ્વેત મોટાં મોતીઓ તણી માલા,
નાભી લગી ક્રમથી ધરી. સાહેલી. ૫
બાજુબંધ દુગ દુગીઓ હીરાની,
શ્વેત કાંતી સર્વમાં ભરી. સાહેલી. ૬
શ્વેત વસ્ત્રને શ્વેત કુસુમની;
માલાઓ બધે સાંમટી પડી. સાહેલી ૭
શ્વેત ચંદન શ્વેત કપુર આરતી,
ચાંદીના ઠામ શ્વેત તબકડી સાહેલી ૮
ધોતી શ્વેત અંગે ચોળ્યું શ્વેતચંદન,
ઉભાં જન તીલકો ધોળાં કરી સાહેલી ૯
શ્વેત છત્ર છતસ્થાન શ્વેત છે.
બપોરીઆં કરે શ્વેતતા વડી. સાહેલી ૧૦
કુસુમ આ ભુષણ શ્વેત વસ્ત્ર સજી,

નાચે દેવ દાસીઓ સામી ખડી. સાહેલી ૧૧
શ્વેત ચંદ્ર તણી શ્વેત ચાંદનીએ,
શ્વેતતા પૃથ્વીપર પાથરી સાહેલી ૧૨
અનંત નીરખી શ્વેત ખુબી અદભૂત,
શાંતી પામીને ઠરી આંખડી. સાહેલી ૧૩

જગ મોહીન સ્વરૂપ–શારદુલની સવારી

ગરબી. "ગોરમા ગણપત લાગુ પાય" એ દેશી

ઉત્તમ જેષ્ટ વદીની બીજ પ્રભાત સોહામણુંરે લોલ.
સુણીને વાજીત્રોના નાદ મનડું તતપર બણ્યુંરે લોલ.
દેખ્યા ચાલ્યા આવતા નાથ, બીરાજ્યા પાલખીરે લોલ.
જોઉં તો વરદરાજ ભગવાન, બન્યા આજે સખીરે લોલ.
ધરીયું જગ મોહની સ્વરૂપ પદમણી નારનુંરે લોલ.
હરીયું મનડું કાંચી પુરી તણાં. નરનારનુરે લોલા.
બેઠા લટકે બે પગ વાળી ઉત્તમ આસનનેરે લોલ.
વાંકા ટરની ખુબી ન્યારી ગમી બહુ મનેરે લોલ.
પહેરી ઉમદો મખમલ ચોળી બરાબર બેસતીરે લોલ.
સાડી શ્વેત કીનારીદાર સજી છે વિવેકથીરે લોલ.
જડીત્ર કલંગી ચંદા સુરજ, શીર પર ઝળકતારે લોલ.
હીરા મોતી કેરા કાંપ કાનપર ઢળકતારે લોલ.
વાંકી જડાવ આડ લીલાટ, કરણુ ફુલ નીલનાંરે લોલ.

નકવેસરનો ઉમદો ઠાઠ ટીકામાં નંગ ઘણાંરે લોલ.
હીરામણી નીલના હારો મોતી માળારે લોલ.
છેડે ઘાટ ઘાટની ચકતી ઝાકઝમાલ છે રે લોલ.
ભુજપર જડાવ બાજુબંધો ઘોડા વંકછેરે લોલ.
છેડે ઘમઘમતી ઘુઘરીઓ સરસ નિઃ શંક છેરે લોલ
કાંડે કનક કડાં ને કંગન સાંકળાં પાટલીરે લોલ.
વીંટી આંગળીઓમાં મોંઘી નોત્તમ ઘાટનીરે લોલ.
ઉત્તમ કટી મેખલા ચમકે ઠમકે નેપુરોરે લોલ.
ચરણે આંગળીઓમાં કડલા શણગાર છે પુરોરે લોલ.
એક કરેછે પોપટ લીધો કમળ બીજે કરેરે લોલ.
મોટી કમળ ફુલની માળા જોઇ નયનો ઠરેરે લોલ.
હાગે અન્ય કુસુમના ફરતા અંગે આસનેરે લોલ.
જોઈને મોહયા અજ સુર ઇશ કહે કાંઇ ના બનેરે લોલ.
આતે વરદરાજ કેશ્રીજી મન ભ્રમમાં પડેરે લોલ.
સ્ત્રીના શણગારો છે પુરા ખોડ ન કંઇ જડેરે લોલ.
દેવા પુરજનને દર્શન, આ રૂપે નીસર્યારે લોલ.
કરવા પતીતને પાવન, ગલીએગલી ફર્યારે લોલ.
પુરજનને ઉર હર્ષ ન માય, ખુશી વૃદ્ધ બાલછેરે લોલ.
સરવે છે શ્રી વૈષ્ણવ દીવ્ય; ઉર્દ્ધ પુંડ્ર ભાલ છેરે લોલ.
ઘેરઘેર બાંધ્યાં તોરણ દ્વાર, સાથીઆ છે મહીંરે લોલ.
આંગણે આવી ઉભાં સર્વ, પુજાપો કર ગ્રહીરે લોલ.
સ્વારી દેખાએ કે તુરત, દંડવત સહુ કરેરે લોલ.
પ્રેમે જઈ પાલખી પાસ, પુજા થાળી ધરેરે લોલ.

પ્રભુજી ઉભા રહે તે ઠાર, સેવક કરે આરતીરે લોલ.
પાછો આપે ધરી પ્રસાદ, તીરથ દે પ્યારથીરે લોલ.
સ્થાપીને શીરપર શઠ કોપ, પ્રભુ આગળ વધેરે લોલ.
દર્શન દીધાં ઘેરેઘેર. થઇ ખોટી બધેરે લોલ.
પથમાં જ્યાં આવે દીવ્ય દેશ, ત્યાં પ્રદિક્ષણા કરેરે લોલ.
લોય બાંધેલો મંડપ ખાસ, તેમાં પ્રભુ ઉતરેરે લોલ.
એક ગમ કરે વેદની ધુન્ય, ઉભા શ્રી વૈષ્ણવોરે લોલ.
પ્રભુને ચંદન પુષ્પ ધરાય, થાળ થાએ નવોરે લોલ.
વૈષ્ણવને વહેંચાય પ્રસાદ, ઉઠે પ્રભુ તે પછીરે લોલ.
ફરીઆ એમ બધા દીવ્ય દેશ, અમીત થઈને અતીરે લોલ.
જ્યારે બજ્યા સાંજના ચાર, પ્રભુ ઘેર આવીયારે લોલ.
રાતે દસ વાગે કરી સ્વારી, ફરી સીધાવીયારે લોલ.
ધરીઉં મૂળ પોતાનું રૂપ, ને સાદો વેશ છેરે લોલ.
જામો લાલ કીનારીદાર, દુપટો ખેસ છેરે લોલ.
માથે મુકટ ફુલનો શ્વેત, ગળે ફુલ હારછેરે લોલ.
સુંદર સુવર્ણ મય શારદુલ, ઉપર પ્રભુ સ્વાર છેરે લોલ.
શારદુલને છે લાંબી સુંઢ, બે દંતુસળો દીસેરે લોલ.
બાકી શરીર જાણે સિંહ, દાઢો મુખને વિષેરે લોલ.
સ્વારી ગઈ મંડપે નિત્ય—નિયમસર મહાલવારે લોલ.
આવ્યા બે વાગે મંદીર, સજ્યા સંભાળવારે લોલ.
દીઠી અનંત લીલા આજ, ટુંકામાં વરણવીરે લોલ.
કાલે થશે નવાં દરશન, ખુબી થાશે નવીરે લોલ.

વેણું ગોપાલ સ્વરૂપ.

ગરબી.

" દીઠડો કાન કોડામણોરે " એ દેશી.

વેણું ગોપાલ પરવારી હું પ્રેમે જાઉં વેણું ગોપાલપર વારી
વરદરાજ પ્રભુએ એ રૂપ ધરી કાઢી અલૌકીક સ્વારી હું
જેષ્ઠ અધિક વદી ત્રીજ પ્રભાતે, દર્શન થયાં સુખકારી. હું
છેલ મુગટપર ટેડી કલંગી, ઝગમગે નંગ મહીં ભારી. હું
આડ લીલાટે જડાવ તીલક છે, પીઠે છે લાંબી વેણી સારી હું
ગ્રહી બે કરથી કનક તણી વીણા, છટાથી અધર પરધારી હું
હાર હીરાના જડાવ બાજુઓ, કટી મેખલા મૂલ્યકારી. હું
ઉભા ચરણ તણી આંટી નાંખીને, નેપુર ધર્યા ઠમકારી હું
બુનકીદાર ઉદા દુપટાની, ધોતી પહેરી કચ્છ મારી. હું
શામ અંગરખું પહેર્યું કસકસતું ચોઢી છે ઉમદા કીનારી. હું
પુષ્પ હાર વૈજંતી માલા, છબી છેલની મોહકારી હું
ઉભાં બે બાજુએ બેઉ દેવી, સ્યામ જેવાંજ શણગારી. હું
બાંકી મરોડ છેલ છબીલાની આજની ખુબી ઘણી ન્યારી હું
કનક વિમાને બીરાજ્યા મારા વ્હાલા, અનંત જાય-
બલીહારી. હું પ્રેમે, ૧૩

હસ્તિ વાહનની સ્વારી

ગરબી.

"ઓરો ઓરો પધારોરે" એ દેશી

આજ આનંદ ઉમગ્યોરે, કાંચી પુરણુમાં સઘળે,
રસ્તે ટોળે ટોળાંરે, પ્રભુ સ્વારી જોવા મળે.
અમરેશ્વર પાસેરે, મંડપ શીવ કાંચી વિરે
સઘળાં ત્યાં જવાનેરે, આતુર દીસે અતિશે.
ચાલ્યાં ગરીબ હીંડીનેરે, ધનીક ઘોડા ગાડી લઈ
સમીસાંજે મંડપમાંરે, સારી પેઠે ભીડ થઈ.
આજુબાજુના રસ્તારે, ભરાયા લોકો વડે
બેઠા કોઈ અટારીરે, કો' છાપરે ઝાડે ચઢે.
વૃદ્ધ બાળ સ્ત્રીઓ સહુરે, મનુષ્ય ચારે વરણુતણા.
કાંચીપુર વાશીઓનારે, પ્રેમમાં કંઈ ન મણા.
સહુનાં મન આતુરરે, નીરખવા ધારીને
નેત્રનું સુખ લેવારે, જોવા પ્રભુ સ્વારીને.
રાતના નવ વાગેરે, તોપો દુરથી ગગડી.
રૂડી આતશબાજીરે, ખીલી નભ માંહે ચઢી.
ઝાડ દીસતાં લાંબાંરે, કર્યાં છે મહીં તબકા;
થયા રંગ બે રંગીરે, પ્રકાશ તણા ભભકા.
ટેટા નળીઓ હવાઈરે, ફુલ ઝરીઓ ફરકી;
થાય હર્ષ બપોરીઆંરે, વિવિધ રંગનાં નીરખી.

નભ છાયું પલકમાંરે, પ્રકાશીત રંગવડે;
નાદ ભાત ભાતનારે, ભભક ભર્યા શ્રવણુ પડે.
રોશની ઘણી ઘાટીરે, સુરજ સમતેજ કરે
ચાલતી હાર દોરેરે, જાણે ફ્રોજ "રિવ્યુ" કરે.
એવી ભભકથી આવીરે, સવારી મંડપ પાસે
લોક સહુ થયાં જાગૃતરે, પ્રભુ દરશન આશે.
આશા પુરાઈ સહુનીરે, પ્રભુ ઉંચે આસન છે.
આજની શોભાનેરે, મંગલ હો ધન્ય ધન્ય છે!!!
મોટો હસ્તી કનકનોરે, દંતુ સલ ચાર દીસે
નામે ગજેંદ્ર કહાવેરે, રૂપે ભવ્ય છે અતીશે.
વાળી છે સુંઢ વાંકીરે, ગળે શણુગાર ઘણા.
તન તેજે ચમકતુંરે રૂપમાં કાંઈ ન મણા.
તે ઉપર અંબાડીરે, ખુલી ખંડ બે વાળી
પહેલામાં મોટો તકીઓરે, ગાદી જરીની ભાળી
મધ્યે બેઠા મુરારીરે, વરદરાજ મહારાજા.
આજનું રૂપ અદભુતરે, બેઠા દીસે જગરાજા
ખભે પીલો દુપટોરે, મોતાંનો મુગટ છે શીરે
શણગાર અનુપમરે, આજે દીસે છે શરીરે.
પુઠે બેઠા પ્રધાનજીરે, મોટું ઉર્ધ્વ પુંડ્ર કરી
મોહો ટીચકરી વાળીરે, શ્વેત શીર પાઘ ધરી.
પહેર્યો જામો લટકતોરે, ઘણો ઘેર છાતી લગી
બાંધી શાલથી કમરરે, દીસે મુખડું ઉમંગી.
બેઉ હાથમાં ચામરરે, ઢાળે પ્રભુને પ્રેમે.

શોભા અનુપમ અનહદરે, કહે ન બને કેમે.
નાચે આગળ દાસોરે, ઝાલી મશાલો કરમાં
દોડે જાયને આવેરે, ફરે વળી ચકરમાં
થોડી વાર લગીતોરે, ચાલ્યો એજતમાશો
પછી આગળ આવ્યોરે, હાથી પ્રભુનો ખાસો
ગોળાકારે ઉભા જનરે, જગ્યા વચમાં ખાલી
તેને ફરતા ઉભાછેરે. દાસો મશાલો ઝાલી
વળી છુટે બપોરીઆંરે, પંદર વીશ સંગાથે
જયજય જન કરતારે, તાલીઓ પાડી હાથે
તેજેતેજ મળીનેરે, પ્રકાશ દીવસથી વધ્યો
વચે હાથી ચળકતોરે, દીસે કોટી સુર્ય સમો.
લાગ્યો ચાલવા લટકેરે, ધીમે વળી ઝડપ કરે
આમ તેમ નિહાળેરે, ઘડી માંહે પાછો ફરે
દોડે જાયને આવેરે, ફરે વળી ચકરમાં
શોભા દૈવી દીસેરે, મંગલ હોખમાંખમાં
નેત્ર હોવાનો લ્હાવોરે, ખરે ઘડી ભર લીધો
ત્યાં તો ચક્કર તુટયુંરે, થયો હાથી સીધો.
ફરી આરતી દાસેરે, આગળ અસવારી વધી
આવી નિત્યને મંડપરે, ઉભા પ્રભુ ત્યાં ફરીથી.
ફરી એજ ચક્કર બન્યું, એજ રોશનીની ખુબી.
મ્હાલ્યા એજ રીતેથીરે, પ્રભુ વચમાં ઉભી.
થોડીવાર પછીથીરે બેઠા આવી મંડપમાં.
ચાલી નીત્યની લીલારે, રાજા અધિરાજ ખમા

ધન્ય ત્રીજની રાત્રીરે, ધન્ય વદી જેષ્ટ તણી,
ધન્ય હાથી ગજેંદ્રનેરે, મંગલ હો કાંચી ધણી;
ધન્ય અંનત ભૂમીરે. ધન્ય પુરનાં જનને,
કર્યાં પ્રભુએ પાવનરે, ધન્ય નેત્રો તમને.

રથ વાહનની સ્વારી.

લાવણી.

" ચાલો જઇએ દરશન કરવા " એ દેશી.

ધન્ય જેષ્ઠ વદ તણી ચતુરથી, ધન્ય ધન્ય મોરું પરભાત;
બેસી પાલખીપર ને ચાલ્યા, રથપર બીરાજવા શ્રી નાથ.
મધ્ય બજારે વિશ્નુ કાંચીમાં, ઉભો રહે છે રથ નીત્યે;
ત્યાં સ્વારી પ્રભુજીની આવી, સવાર થાવાને પ્રીતે. ૧
કાષ્ઠ તણો રથ દેવલ જેવો, ઉંચો પચાસ ગજ કહેવાય;
ખટ પૈડામાં બે છે નીચે, ઉંચાં તે નવ હાથ જણાય.
જાડાં રસાં થાંભલા જેવાં, લાંબાં આસરે સોએક હાથ;
બાંધ્યાં ચાર, ઉપાડી ખેંચે, લોક સેંકડો આપોઆપ. ૨
અષ્ઠ કોણ મંડપ છે મધ્યે, નીચે ઘંટાઓની હાર;
ઝુમર મોગરા કર્યા ગોખલા, મહીં મૂર્તીઓ કારણીદાર.
મંડપ ઉંચો હશે પુરૂષ બે, દરેક બાજુ ત્રણ ત્રણ દ્વાર;
સાંમે સારથી, રંગીન પાંખોવાળા જોડયા ઘોડા ચાર. ૩
દ્વાર પાળ ચારે ખુણાપર, ઉભા કાગળ કેરા જેષ્ઠ;
દરેકની પડખે બે સિંહો, કાષ્ટ તણા ચીતરેલા શ્રેષ્ઠ.

ચારે બાજુ દ્વાર મધ્યનાં ખુલાં રહે દર્શન કરવા;
બાકી આઠમાં દ્વાર પાલ કાષ્ટનાં, ઉભા ચોકી ભરવા. ૪
રૂપ ચતુર્ભુજ શંખ ચક્રને, ગદા પદ્મ આયુધ હાથે;
તીલક લીલાટે આભુષણને વસ્ત્રો રંગેલાં સાથે.
ચઢ ઉતાર ચોકઠાં ૭ કેરૂં મંડપ ઉપર બન્યું શીખર;
વિવિધ ભાતનાં વસ્ત્રો કેરાં, દરેકપર ઢાંકણ સુંદર. ૫
દરેક ઢાંકણને ફરતી વળી, જુદી જુદી ટાંકી ઝાલર;
લાલ ધજા અડતાલીસ ફરકે, ત્રણ હારે દર ખુણાપર.
રથની ટોચે આગળ પાછળ, તીલક શંખ ને ચક્ર દીસે;
ઘુંમજ ઉપર કલશ સોનેરી, તેપર છત્ર દીપે અતીસે. ૬
જોવા જેવો વચલો મંડપ, શણગાર્યો છે હોંશ ધરી.
લૂમદાર કેળને ખજુરી ઉભાં જાણે કુંજ કરી.
ખસ પડદા બાંધ્યા ખુણાપર, મંડપમાં ત્રણ તબકા છે;
આસપાસ રંગીન થાંભલીઓના અદ્ભુત ભભકા છે. ૭
નીચેના બે તબકા ઉપર, સેવક જન સામગ્રી સાથ;
ત્રણ બાજુ ત્રણ ટકોર ખાંનાં, ગાય બજાવે ધન્ય એ ઠાઠ.
મધ્યે બાંધ્યો છે હીંડોળો, શોભે ગાદી તકીઆ સાથ;
તેપર બેઠા શ્રી દેવી ભૂ દેવી સહ શ્રી કાંચી નાથ. ૮
લાલ મણીઓ તણાં આભુષણ ધર્યાં કંઠથી ચરણ લગી;
સીરપર મુગટ ચંદ્ર ને સુરજ, વળી સીરપેચ અને કલગી.
ઓપે જરીન દુપટો પીળો, તુલસી માલ પુષ્પના હાર;
કોટી કામ વારૂં છબી ઉપર, મંગલ હો જયજગદાધાર. ૯
સાળ ધરાય ત્યાંહાંજ પ્રભુને, સેવા અર્ચન થાય ત્યાંહાં;

ભાવિક ભકતો ફેરી બેટા વારંવાર ધરાએ ત્યાંહાં.
પ્રભાતથી ચાલ્યો પુરમાં રથ, ઘડી ઘડીમાં ઉભો રહે;
અનુપમ દેવી શોભા દીસે છે, રથ ચાલે તે સમયે. ૧૦
ઘણુઘણાટ કરતી ઘંટાઓ, તોપ ખાય નહીં થાક જરી;
રથપર નોબત ત્રૈણે બાજુ વાગે છે બહુ જોસ ભરી.
ઉભા સેવક ઢાળે ચામર, લાંબા લાબા હાથ કરી;
ફરી જોવાનું કયારે પામીશ, નયન નીરખી લે પેટ ભરી. ૧૧
કાંચીપુરને આ સમયે, સાગર કહીએ તો સત્ય ઠરે;
સમુદ્ર છોળો માફક લોકો, જાય આવે ને શોર કરે.
ગાડી બગી ડુબતા મછવા, પ્રભુનો રથ તરતું મહા ઝાઝ.
અધમ પતીત ડુબેલાને ભવસાગર પાર ઉતરવા કાજ. ૧૨
ધન્ય ધન્ય કાંચીપુર સાગર ધન્ય ભવાબ્ધિ તારણ જહાજ;
ધન્ય રાતના દસ વાગે રથ સ્થાનકપર પહોંચ્યા મહારાજ.
બેસી પાલખીપર પ્રભાતમાં, આવ્યા મંદીરમાં નીજ સ્થાન;
સ્કંધ સેવા લીધી અનંતની, જયજય વરદરાજ ભગવાન. ૧૩

અશ્વવાહનની સ્વારી

ગરબી.

"માને તમારૂં તેતો ઘેલડો" એ દેશી.

આજ પ્રભુ ઘોડાપર સ્વાર છે,
જોઈલે સખી આજ પ્રભુ. ટેક
અધિક જેષ્ટ વદી પાંચમ રાતે,

શોભા સ્વારીની ભભકાદાર છે. જોઈલે ૧
હય સુવર્ણમય દીસે ઠેકતો,
રૂડો સામાન નંગદાર છે. જોઈલે ૨
પીઠ પલાંઠી બીરાજ્યા વરદરાજ,
છબી છબીલાની છટાદાર છે. જોઈલે ૩
ગોળ પાઘ શીર સાદી શ્વેત છે,
છેલ શીરપેચ જડીત્ર કાર છે. જોઈલે ૪
કોર લગાવેલ સુંદર જામો,
શ્વેત અને ઘેરદાર છે. જોઈલે ૫
અંગે ભૂષણ સૂક્ષ્મ દીસે પણ,
ગળે ઘણા પુષ્પ હાર છે. જોઈલે ૬
જમણે કર શોભે લીલો,
ડાબે લગામ જરદાર છે જોઈલે ૭
કમર કશી ઝળકતા પટાથી,
બાંધી વળી ઢાલ તરવાર છે. જોઈલે ૮
કનક પાગડાં માંહે ચરણ બે,
પીત મોજડીપર બાર છે. જોઈલે ૯
અનંત નીરખે પ્રેમ ધરીને,
ધન્ય તેનો અવતાર છે. જોઈલે ૧૦

પાલખી વાહન–રૂસણું–ગેંદલીલા–અવભૂત સ્નાન.

ગરબો.

સીતાજીના મહીનાના રાગની.

સખી અધિક જેષ્ઠ કૃષ્ણપક્ષમાં છઠના પ્રભાતની,
કહું લીલા મહા રમણીય. વરદરાજ નાથની.
શોભે આજનું વાહન શ્રેષ્ઠ સુવર્ણની પાલખી;
લાગી કીમત વીશ હજાર, પ્રભુ લીલા આળખી.
બેસી તેમાં શ્રી કાંચીના નાથ, મંડપ જવા નીકળ્યા,
ત્યાંહાં દરશન કરવા કાજ, લોકો સામટા મળ્યા.
પ્રભુ આવ્યા મંડપની પાસ, તુરત નવ ઉતર્યાં;
બેઠેબેઠે ફેરા જુથ માંહે પુરવ પશ્ચિમ ફર્યા.
દીસતા નોતા કાંઇ શણગાર, શરીરપર આ ઘડી;
અંગે વીંટયું હતું સેલું સ્યામ, માથે લાલ પાઘડી.
જયાંહાં ફેરો પે'લો થયો પૂરો, ખોલ્યું સેલું અંગથી
દીઠું અંદર બીજું અન્ય ઓઢેલું ઉમંગથી
ફરી ફેરો ફર્યા બીજો એક લીલું શેલું ઉતર્યું;
દીસે ત્રીજું ઓઢેલું લાલ, જાણે હમણાં ધર્યું.
એમ ફેરા ફર્યા નવ નાથ, ઉતાર્યા શેલાં નવે;
એક એકથી મોંઘાં અધીક, દીપે રંગ જુજવે.

દેખાયા તનપર શણગાર, જડાવ સોહામણા;
માથે મુકુટ મણીમય શ્રેષ્ઠ શોભામાં નહીં મણા.
કરી દરશન હરખ્યાં લોક, હરખની તાળી પડી;
લાવી સેવકે પુષ્પના હાર, હાજર કીધા તે ઘડી.
હાર શોભીતા સાંમટા શ્રેષ્ઠ, ગુલાબી ઘણા વળી;
અંગે ધાર્યા ઉભા તેજદાર, શોભામાં શોભા મળી.
થઈ આરતી ચાંદીને કળશ, મંડપમાં આવ્યા હરી;
ત્યાંહાં જલદી ધરાયો થાળ, ને તુરત ઉઠયા ફરી.
વળી સ્વારી મંદીર ભણી, તુરત લોકો એ પાછા વળ્યા;
આવી બીજે ગોપુર તણે દ્વાર, ફરી એકઠા મળ્યા.
સ્વારી આવી પહોંચી તેવે તુરત દેશીક સ્વામી મંદીરે
પ્રભુ નિત્યના નિયમની પેઠે ત્યાંહાં ઉતર્યા ધીરે.
ઉતારીને મોટા શણગાર, ભોજન કીધું ભાવથી;
બેઠા નાની પાલખીએ નાથ, છડા શણગારથી.
નીકળ્યા જવા મંદીર માંહે, આવ્યા બીજા ગોપુરે;
આવ્યાં સામે બે દેવી સઘ ક્રોધ કરીને ઉરે.
બંધ કીધાં ગોપુરનાં દ્વાર, પ્રભુ અટકી રહ્યા;
જુવે ટોળે મળ્યાં પુરલોક, પોતે તો ભાંઠા થયા.
પાછે પગલે થોડા હઠયા આપ કે દ્વાર ખુલ્લાં થયાં;
પાછા આવ્યા જેવા જવા માંહે તેવાં બંધ થઈ ગયાં.
ત્રણવાર થયું જ્યારે, એમ મોકલીયા દાસને;
શ્રી દેવીને ભૂદેવી પાસ સમજવા આ વાતને.
આવ્યા સાંમા દેવીઓના દાસ, નાની બારી આગળે;

થોડું રાખી ઉઘાડું કમાડ, આલી વીઝી તે સ્થળે.
એટલે બેઉ મારાં માજી એમ, ગાળી કયાં રાતડી;
તેથી કેવી થઇ હશે નાથ વિયોગથી છાતડી.
અમે ગમતાં નથી જ્યારે શ્યામતો, મળવામાં માલ શું;
જેમ દુઃખે કાઢી આજ રાત, તેમ દીન ગાળશું.
આપના સુખ માંહે ખલલ, ન કરવી ઘટીત છે;
દુઃખી થઇ નાથ રાખવા ખુશ એ અમને ઉચીત છે.
કહો જાઓ સુખે ગાળો દીન ગાળી જ્યાંહાં રાતડી;
દાસો કરવી તમારે કો કાળ ન આવી પંચાતડી.
કહે હાથ જોડી પ્રભુદાસ, સુણો માજી વાતડી;
કાઢી પ્રભુજીએ ભકતો ઘેર આજે બધી રાતડી.
કહ્યું નાથે હું તમથી વિશેષ ભકત આધીન છું;
પરતંત્ર હું ભકતોની પાસ, તમારો સ્વામીન છું.
જાણ્યું છે એ તમે બહુવાર, ખાલી વહેમ ના ધરો;
લોકો દેખતાં આવા હાલ, તમે મારા ના કરો.
છઉં હું મંદીરનો માલીક, ઉઘાડી દો બારણાં;
પ્રભુ તરફથી એવાં વચન, સેવકે કહ્યાં ઘણાં.
દેવી કહે છે તમારૂં મંદીર ઉઘાડાં છે બારણાં;
કરો આવો પરાણે પ્રીત, ચાખો ફળ તે તણાં.
એમ કહીને થોડાં ખોલ્યાં દ્વાર પ્રભુ લાગ્યા આવવા;
આવ્યા સમીપ કે કીધાં બંધ ફરી તલસાવવા.
ત્રણવાર વળી થયું એમ લોક કહે વાહાવા!!!
ફરી મોકલ્યા પ્રભુએ દાસ દેવીઓ મનાવવા.

એક બીજા તરફથી હાસો કરે વીષ્ટી બોલીને;
કહી માતાજી એ હેલી વાત બરમ ખરો બોલીને.
પ્રભુજી ક્યાં ગયા શણગાર, જે કાલે હતા ધર્યા;
હીરા વીંટીને મોતીની માળ કહો ક્યાં હાં વીસર્યા.
કોઈ દેવી રાતે વરી નાથ, દેવા અમારી જગા;
દીઠો એવો અમારો શો દોષ કે કો લુચ્ચીએ ઠગ્યા.
હસ્યા દાસ ખુલ્યો જ્યારે બરમ કહે સુણો માવડી;
નથી એ માંહેની કશી વાત શંકા ન કરો વડી.
કો થયું ન થશે કોઇ કાલ જે આપની લે જગ્યા;
નથી ક્યાંહી ભુલ્યા શણગાર, નથી કોઇએ ઠગ્યા.
રાતે કીધી ઘોડાની સ્વારી, મારે એકલા ગયા;
દીવ્ય દેશે ને ભકતો ને ઘેર, રાત આખી રહ્યા,
તેથી થાકી ગયા વિશ્વનાથ ઉતાર્યા આભુષણો
જુવો મુક્યાં પેલી પેટી માંહે, એકેક ચાહે ગણો.
સુણી વાત ખુશી થયાં આપ, ખોલ્યાં ઝટ બારણાં;
પ્રેમે આવ્યા પ્રભુ સનમુખ નમી લેતાં વારણાં.
બેઉ સ્વારી તણાં સુખપાલ ગોપુરની મહીં મળ્યાં;
લઇ સુંદર પંખા હાથ લોકો ઝટ મહીં માળ્યો
પ્રભુજીએ દેવીઓની સાથ ભોજન કર્યું ભાવથી;
સાંમસાંમાં ઉભાં સુખપાલ બેઉ તણાં તે પછી.
હતી હાજર પુષ્પોની મેંડો તેથી લાગ્યાં ખેલવા;
દડા સામટા આવે ને જાય બને વળી બહુ નવા.
દાસો અડવા નથી દેતા અંગ ઝીલી લે છે અધરથી;

ચાલી એજ લીલા ઘડીવાર, શોભા રમણીય અતી.
થઈ આરતી રૂપાને કળશ, લીલાએ પુરી થઈ;
શોભા દૈવી અતુલ રમણીય, જીભે ન જાએ કહી.
સુખપાલ બેઉ તણા સાથ, ગોપુર બહાર નીસર્યા;
તીર્થરાજ પુષ્કરણીને તીર, મંડપમાં જવા ફર્યા.
ચાલે પાલખી બે જોડાજોડ, નીરખતાં મજા પડી.
બેઠા આવીને મંડપ મધ્ય, નહીં ભુલુ એ ઘડી;
પ્રભુને તો ફરી આવ્યો થાળ, બેઠા ત્યાં આરોગવા;
ચારે બાજુ પુષ્કરણી ઘાટ, આ વખને દીઠા નવા.
જાણે બાંધ્યા લોકોથી ઘાટ, ન ખુલ્લી જગ્યા જરી;
ઉભી પાણીમાં સામટી હાર, ઘણાકો રહ્યા તરી;
દીસે પાણીને માણસ બેજ પગથીયાં ન દીસતાં;
લોકો કરવાને પ્રભૂ સંગ સ્નાન. આતુર ઘણાં હતાં.
એવે ભોગ મુર્તી બીજી એક નાનકડા રૂપમાં:
છડીદાર મશાલોની સાથ આવી ઘાટપર ખમા.
સંગે વૈષ્ણવો ચાલતા શ્રેષ્ટ વેદના મંત્રો કહી.
પ્રભૂ આવી બેઠા સરપર નાની બંગલી મંહી.
થઈ પુજા તીરથની તે ઠાર પ્રત્યક્ષ નૈવેદ્યથી,
ક્રીયા કીધી પ્રભુજીએ પુર્ણ, શ્રી વૈષ્ણવ કરવતી.
ઉઠયા આસનપરથી શ્રીનાથ, દાસે લીધા મસ્તકે,
લોકો સાવધ પ્રભુ ભણી ધ્યાન, પાલાખનું તે તકે;
દાસ દીવ્ય વિગ્રહ ધારી શીર્ષ, આવ્યા જળની મહી,
નાવશાળી આ લક્ષ્મીનાથ, પ્રેમેથી ધીરે તહીં

પ્રભુએ કીધું અવભૂત સ્નાનજોતાંજ લોકો સહુ;
પડયા ઉપરા ઉપર જળ માંહે, બીજનું હું શું કહું!,
સહુ ન્હાર્યાં પ્રભુજીની સાથ, લીલાએ પુરી થઇ.
સ્વારી ભોગ મુર્તીઓની સઘ, પોતાને સ્થાને ગઇ,
પુન્ય કોટી વિમાનમાં સ્વારી પ્રભુની સાંઝે થઇ;
પધાર્યા નિત્ય નિયમની પેઠ, દેવીઓ સંગે લઇ,
લીલાએ વરણી બહુવાર તેમજ ફરી પણ થયુ;
વાત અનંત વીતી ગઇ આજ સ્વપ્ન સુખ થઇ ગયું

ખસનું વાહન સમાપ્ત

"અમે ઇડરીઓ ધઢજી ત્યારે" એ ઢાળ

ધન્ય અધિક જેષ્ટવદ સાતમરે આનંદ થયો
ગુરૂવાર દીવસ ઘણો ઉત્તમરે આનંદ થયો
આજ ગરૂડોત્સવ થયો પુરણરે આનંદ થયો
કહું સરવ કથા અધચુરણરે આનંદ થયો
પ્રભુ રાતના વ્હાણે આવ્યારે આનંદ થયો
મંડપે ન સ્વારી સીધાવ્યારે. આનંદ થયો
પ્રભાતે તો થયાં માત્ર દર્શનરે આનંદ થયો
પણ એ ખુબીએ લીલા ધન્ય ધન્યરે આનંદ થયો
થઇ રાતે સ્વારીની તઇયારીરે આનંદ થયો
દીસે અનોખું વાહન ભારીરે આનંદ થયો
તેનું નામ પચવટ વંડરરે આનંદ થયો

ખસ પડદાનું વિમાન સુંદરરે આનંદ થયો
ચારે બારીનેં પડદા ફરતારે આનંદ થયો
ઉભા દ્વાર પાળ ચોકી કરતારે આનંદ થયો
ઉંચા ઘુંબજપર પણ ખસ છેરે આનંદ થયો
ખસ પરદાથીજ ધસ મસ છેરે આનંદ થયો
ટોચે કળશને છત્ર સોનાનુંરે આનંદ થયો
નથી આ વાહન કંઇ નાનુંરે આનંદ થયો
પ્રભુ બેઠા તેમાં આઠ વાગેરે આનંદ થયો
બેઉ દેવી સંગે રૂડાં લાગેરે આનંદ થયો
ચાલી નિત્યના ઠાઠથીરે સ્વારીરે આનંદ થયો
પાંચે પ્રદક્ષણા કરવી ધારીરે આનંદ થયો
પે'લી મોટી પ્રદક્ષણા દીધીરે આનંદ થયો
બહુ શેરીઓ પાવન કીધીરે આનંદ થયો
પ્રેમ લોકોએ જણુવ્યો અતીશેરે આનંદ થયો
દીપ માલા રસ્તે બન્ને દીસેરે આનંદ થયો
પુર્યા સાથીઆ પ્રકટી દીવીઓરે આનંદ થયો
બહુ ધુપદાની ચીમનીઓરે આનંદ થયો
એવે રસ્તે પ્રભુજી સીધાવ્યારે આનંદ થયો
પાછા પે'લા ગોપુરમાં આવ્યારે આનંદ થયો
બીજી પ્રદક્ષણા અંદર દીધીરે આનંદ થયો
સુખ પાલમાં સ્વારી કીધીરે આનંદ થયો
આવી ઉભા ધ્વજા સ્તંભ પાસેરે આનંદ થયો
કીધી પૂજા પ્રભુની ત્યાં દાસેરે આનંદ થયો

કેટલીક કીયા દૂરીજે કીધીરે આનંદ થયો
ધ્વજા સ્તંભેથી ઉતારી લીધીરે આનંદ થયો
થયું તેનું વિવેકથી પુજનરે આનંદ થયો
ઉભા છે મહી ગરૂડજી શુભ તનરે આનંદ થયો
રાખી તેમને પ્રભુએ ચરણમાંરે આનંદ થયો
આવી બેઠા દેશીક સ્વામી ઘરમાંરે આનંદ થયો
ભાત ભાતની આતશબાજીરે આનંદ થયો
છુટી જોઈ લોકો થયાં રાજીરે આનંદ થયો
પછી છેલી સમાપ્તી કરવારે આનંદ થયો
લાગ્યા બ્રાહ્મણ મંત્ર ઉચરવારે આનંદ થયો
નોતર્યા હતા દેવો ઉત્સવમાંરે આનંદ થયો
તેને મંત્રે વિદાય કીધા ત્યાંરે આનંદ થયો
બીના ઉત્સવની વાંચી લીધીરે આનંદ થયો
અસવારોને પણ રજા દીધીરે આનંદ થયો
વાગ્યા રાતના ત્યાં પુરાબારરે આનંદ થયો
થયા સેવક સ્કંધે સ્વારરે આનંદ થયો
સામટી દેવદાસી ત્યાં આવીરે આનંદ થયો
કરી આરતી લીધા વધાવીરે આનંદ થયો
ગાતી નાચતી આગલ ચાલીરે આનંદ થયો
દીડે એકેકનો કર ઝાલીરે આનંદ થયો
પ્રભુ આવ્યા ઉપર બારે દાડેરે આનંદ થયો
બેઉ દેવીઓને લઈ હારેરે આનંદ થયો
થયો એમ પુરો ગરૂડોત્સવરે આનંદ થયો

યથા શક્તિ કીધો તેનો વર્ણવરે   આનંદ થયો
ખાસ વૈકુંઠ સુખનું સ્વપ્નુંરે   આનંદ થયો
આવ્યું કાંચીમાં બાર દીવસનુંરે   આનંદ થયો
તૃપ્ત મન ન થયું લલચાએરે   આનંદ થયો
ફરી કયારે જોઉં એમ થાએરે   આનંદ થયો
વાત આધીન છે એ હરીનેરે   આનંદ થયો
કૃપા થાશે તો જોશું ફરીનેરે   આનંદ થયો
ધરી ધ્યાન કથા આ ગાઉંરે   આનંદ થયો
એમ મન વાળવાને ચહાઉંરે   આનંદ થયો
ધન્ય જીંદગીના એ દહાડારે   આનંદ થયો
જે શ્રી વિશ્નુ કાંચીમાં કહાડયારે   આનંદ થયો
જોયા ઉત્સવ તેને સંગેરે   આનંદ થયો
કીધા દીવ્યદેશ ઉછરંગરે   આનંદ થયો
નરસિંહજી શ્રીજી શ્રી રામરે   આનંદ થયો

૧ ૨ ૩ ૪
નીરખ્યા અષ્ટ ભુજા ધનશ્યામરે   આનંદ થયો
દીવ્ય પ્રકાશ થયો ૫ કતકારીરે   આનંદ થયો
જોયા શ્રી ૬ ત્રિવિક્રમ ધારીરે   આનંદ થયો
શ્રી વૈકુંઠને ૭ દેશીક સ્વામીરે;   આનંદ થયો
૮ પાંડવ તુદીરે ૯ કૃષ્ણુ બહુ નામીરે   આનંદ થયો
૧૦ એરકંપેર કંકાર કમ છેરે   આનંદ થયો

૧૨ ૧૩
ત્રણુ દીવ્ય દેશ એકગમ છેરે   આનંદ થયો
અચવંજારને પણુ નીરખ્યારે ૧૪   આનંદ થયો

પાંચે તીર્થોમાં નાહીને ફરયારે આનંદ થયો
મોટું તીરથ તો શ્રી પુષ્કરણીરે આનંદ થયો
નામ–અનંત ગરૂડ પાપ હરણીરે આનંદ થયો
બ્રહ્મ તીરથ તો ૨ કુંપ મંદીરમાંરે આનંદ થયો
૩ પદ્મ તીરથ પાછળના ગોપુરમાંરે આનંદ થયો
૪ શ્રી વેગવતી પુર પાસેરે આનંદ થયો
નાહયા ૫ કુશાળ તીરથમાં ઉલ્લાસેરે આનંદ થયો
રહયાં સહયાં પ્રભુ માનીલેશેરે આનંદ થયો
નહીં તો ફરી દરસન દેશેરે આનંદ થયો
હાલ તો કીધા ઉત્સવ પ્રેમેરે આનંદ થયો
વરણ્યા વરણાય ન કેમેરે આનંદ થયો
જેણે ગરૂડોત્સવ નવ જોયોરે આનંદ થયો
તેણે એળે મનખો ખોયોરે આનંદ થયો
દઢ સ્વાદ પ્રભુપર ધરશેરે આનંદ થયો
તેની આશા પ્રભુ પુરી કરશેરે; આનંદ થયો
ધ્યાન સાથે પછી આ ગાશેરે આનંદ થયો
કાંક સંતોષ જોયાનો થાશેરે આનંદ થયો
પ્રભુ લીલા છે અપરંમપારરે આનંદ થયો
શેષ બ્રહ્મા પામે નહીં પારરે આનંદ થયો
રાંક અનુ બાપડો શું ગણતીરે આનંદ થયો
જેવી તેવી ભલે કાવ્ય બનતીરે આનંદ થયો
પ્રભુ ગુણ ગાવાથી કામરે આનંદ થયો
બોલો શ્રોતાજનો શ્રી રામરે આનંદ થયો

શ્રી ભુતપુરી-શ્રીપેરમબુધુર-રામાનુજ સ્વામી નું જન્મ સ્થલ.

ગરબી.

"આજની ઘડી રળીયામણી" એ ઢાળની

જીરે શ્રી પ્રેમ બુધુર સોહામણું,
કરી દરશનને મન હરખ્યું ઘણુ જીરે શ્રી પ્રેમ ૧
હાંરે પગ રસ્તે વિશ્નુ કાંચીથી જવાય છે,
પુરા બાર ગાઉ ભૂતપુરી થાય છેજીરે. શ્રી ૧
હાંરે છત્ર સામટાં વિશાલ ઠામઠામ છે,
બધું મળે છે ત્યાં સારૂં મોટું ગામ છે; જીરે. ૩
હાંરે ઘણાં મંદીરો છે ગામમાં જગે જગે,
મોટું મંદીર તો મધ્યમાં આવ્યું વગે. જીરે- ૪
હાંરે સામોં મંડપ વિશાલ સ્તંભદાર છે,
થયો તે સ્થલે સ્વામીનો અવતાર છે. જીરે. ૪
આજુ બાજુ મંદીરો અલવારોતણા,
ખાસ મંદીરની ખુણીમાં નથી મણા; જીરે. ૫
હાંરે પ્રતિ સાલ ચાલી સહસ્ત્ર ખરચાય છે,
ભાતભાતના ઉત્સવો નીત્ય થાય છે; જીરે. ૬
હાંરે મુખ્ય મંદીર શ્રી રામાનુજસ્થાન છે
જેનું કંચન કળશનું વિમાન છે. જીરે. ૭

અચળ મુર્તી ઘનશ્યામ છે દયાનીધિ,
ત્રીદંડો કરે ગ્રહેલ છે યથા વિધિ જીરે. ૮
હાંરે ભાગ મુર્તી શ્રી પ્રભુને કરજોડતા,
મુખ પ્રભાથી રવીનું માન તોડતા. જીરે. ૯
હાંરે કાને કુંડળ હજારો રુપિયાતણાં,
શીશ મુકટ માંહે પુષ્પ ગુંથ્યાં છે ઘણાં; જીરે. ૧૦
હાંરે અંગે શોભીતા તમામ શણગાર છે,
ભાતભાતના સુંગધી ગળે હાર છે. જીરે. ૧૧
હાંરે દયા દ્રષ્ટી તણી વૃષ્ટી સર્વદા કરે,
ભૂલા પડેલા પાપી જીવડીથી તરે; જીરે. ૧૨
હાંરે વામ કરે પ્રભુ મંદીર તે ઠામ છે,
આદિ કેશ પ્રભુ ચતુરભુજ શ્યામ છે. જીરે. ૧૩
અચળ ભોગ દીવ્ય વિગ્રહો અનુપ છે,
શણગારોને શોભાવતાં સ્વરૂપ છે. જીરે. ૧૪
સેવા માંહે ઉભા અલવાર છે,
પારશદોના પ્રતાપી અવતાર છે. જીરે. ૧૫
પુંઠે મંદીર જુદું છે શ્રીજી માતનું,
બીજું મંદીર છે સીતા રઘુનાથનું. જીરે. ૧૬
લોક કહે સ્વામી વડે વર આપને,
કોન વરણી શકે અમાપ પ્રતાપને; જીરે. ૧૭
સ્વામી ચરણ શરણ આવે જેકો ભાવથી,
તેને ત્રીલોકમાં કોઈની તમા નથી. જીરે. ૧૮
ચરણ શરણ પાસે જોગ તપ રહે છે,

સ્વામી ત્રીવડીનો મહીમા અકથ છે   જીરે. ૧૯
મોહ પાસથી છોડાવનાર આપછો,
અકથ પાપ દોષ બાળનાર બાપ છો;   જીરે. ૨૦
દયા સિંધુ દીન બંધુ હું ગુલામછું,
એદી કુચાલી દુર્ગુણો તણું ધામછું   જીરે. ૨૧
લાજ બાંનાની નીભાવશો દયાનિધિ,
એવી ખાતરી મેં તો મનથી છે કીધી.   જીરે. ૨૨
સોંપું આપને હું અંધ મારી લાકડી,
ચાલું નીરાંતે ચીતે છે ખાતરી વડી;   જીરે. ૨૩
દેહ સોંપી બેઠો સ્વામી ચરણ આજમાં,
ઉતારજો ભવપાર બાના કેરી લાજમાં.   જીરે. ૨૪
જેમ કૃપાથી પવિત્ર કીધો દરશને,
તેમ અંતે ભરોંસો છે ખાતરી મને;   જીરે. ૨૫
ગાંડું ઘેલું જેવું તેવું એજ છે,કહેવું
આતુ ચરણુને ભરોંસે નીત્ય રહેજ છે.   જીરે. ૨૬

શ્રી વીરરાઘવ ભગવાનની યાત્રા

ગરબી.

વીરરાઘવ સ્વામી છે ત્રીવેલોરમાંજો,
આવ્યું સ્ટેશન મદ્રાસની જોડમાંજો;   ટેક.
ધામ સ્ટેશનથી ત્રણ માઈલ દુર છે જો,

શોભા દર્શનની ત્યાં ભરપુર છે જો. વીર ૧

રૂડાં પુષ્કરણી મંદીર પાસ છે જો,
મહીં અલવારોના ઘણા અવાસ છે જો. વીર ૨

પુંઠે લક્ષ્મીજીને ગોદામાજી માત છે જો,
એક મંદીર માંહે શ્રી રઘુનાથજો. વીર ૩

મધ્યે મંદીર છે મોટું પ્રભુજી તણું જો,
કરી દર્શનને મન હરખ્યું ઘણું જો. વીર ૪

ઘન સ્યામ પોઢયા શેષની સજ્યા કરીજો,
જેના બ્રહ્માનાભી કમળમાંથી નીસરી જો. વીર ૫

શાલી હોત્ર રૂષી ઉભા નીચે પ્રેમથી જો,
તેને શીરે મુકી હાથ સુતા શ્રીપતી જો. વીર ૬

પૂર્વે રૂષીએ કર્યું તું તપ આ જગે જો,
પ્રભુ રીઝવીને લીધો વરતે તકે જો. વીર ૭

જે કો આવે અહીં આશ જે ધરી ચીતે જો,
તેની પુરે તે પ્રભુ વર છે એ રીતે જો. વીર ૮

તેથી માનતા હમેશ ઘણી થાય છે જો,
પ્રતી એમાં વસ્યા એ મેળો ભરાય છે જો. વીર ૯

મજા દર્શનની ભોગ મુર્તી ફાંકડી જો,
થઈ નીરખતાં અનંત તૃપ્ત આંખડી જો. વીર ૧૦

શ્રીમત પાર્થસારથી ભગવાંનની યાત્રા.

પદ. રાગ સોરઠ.

જયહો પાર્થસારથી દીવ્ય દેશ મદ્રાસ નગરમાં દર્શન દીધાં પ્યારથી. જય હો પાર્થસારથી. ટેક.

પુષ્કરણી પાસે છે મંદીર વિશાલ ભાટા અતી,
અંદર ફરતાં મંદીર મંડપ શોભા દે વધતી. જયહો ૧
જમણું મંદીર વરદરાજનું પાછળ નર સિંહજી,
ડાબાં અલવારોનાં ધામો જોઇ ખુશી ઉપજી. જયહો.
નિજ મંદિરમાં પણ છે મંદીર, જમણી ભકત પંકતી;
શ્રી રંગજી સીતાપતિ દર્શન, પાવન કરે મતી જયહો. ૩
ખાસ મંદીરે ઉભા સ્વામી, જય જય જદુ પતી;
નખ શીખ છબી નીરખતાં, મનમાં ખુશી ઉભરાઈ જતી. જય
શીશ મુગટ કાનોમાં કુંડલ, જડીત્ર તીલક કીમતી;
હસતું વદન કાંતીમય અનહદ નયનો મન હરતી. જયહો.
કનક કવચ તન પરને, ઉરપર ભૂષણ સહશ્રીજી;
કનક જનોઈ માંહે પણ નંગો, કાંતી ઝગમગતી. જયહો
વામ કરે શંખ પાંચજન્ય, દે અભય ડાબા કરથી;
જડાવ બાજુ પોંચી વીટીઓ, કરમાં બહુ દીપતી. જયહો
અષ્ટો તરશત શાલીગ્રામની, માલા પૂન્ય વતી;
ગળે હાર કંઠીઆ ઝગમગે, હીરા માણેકથી. જયહો ૮
કટી મેખલા પીતાંબર પર, શોભા વધારતી;
ચરણ કમલમાં નૂપુર સુંદર, જય દ્વારીકા પતી. જયહો
જમણાં જોડે રાણી રૂકમીની, કરૂણાવંત સતી;
નખ શીખ શોભા પ્રભુ, સમ સુંદર છે શણગારોથી. જયહો
શ્રી બલદેવ ઉભા કર જોડી, જમણા શુદ્ધ મતી;
સાત્વીક પ્રભુ મનને અતિ રૂધ્ધે, ડાબી બાજુ દીપતી. જય
ભોગ મુર્તી પડખે બે દેવી, ઉભાં છે પ્યારથી;
અનંત એ શોભા એ સૌંદર્ય નયનોન વીસારતી. જયહો ૧૨

શ્રીમત ગોવીંદરાજ ભગવાનની યાત્રા

લાવણી. "અરજ તુ સુનલે શીવ મેરી" એ દશી

ધન્ય મંગલ હો ગોવીંદરાજ, દાસને દીધાં દરશન આજ;
કૃપા કરી દીન ઉપર ઝાઝી, ઝાંખી કરી થયો ઘણો રાજી, ટેક.
કાંચી પૂરથી રંગજી જાતાં, રસ્તે આપનું ધામ;
સુધું રેલવે સ્ટેશન, જેનું ચીદાંબરા છે નામ.
ગામ મોટું સુંદર સુખસાજ, ધન્ય મંગળ હો ૧
મંદીર પાસે રૂડાં છત્ર છે, તેમાં કર્યું મુકામ;
ગોપુર ફરતાં નંદી નીરખી, ધાર્યું શંકર ધામ.
મહીં ગયે સરયું અમારૂં કાજ. ધન્ય મંગલ હો ૨
એ કીલ્લામાં ફરતાં દીસે, શીવ સૈન્યાનાં સ્થાન;
ઉમીયા ભેરવ અને ગણપતી, જહરા તણું મુકામ;
દીઠો સઘળો શીવનોજ સમાજ. ધન્ય મંગળ હો ૩
ત્રિજે કિલ્લે પુર્વોભિમુખ નિજ મંદિરનું દ્વાર;
શંખ ચક્રને તિલક શોભતાં, ધ્વજસ્તંભ તે ઠાર.
દીઠા મહીં લક્ષ્મીપતિ મહારાજ, ધન્ય મંગલ હો. ૪
અનંતની શૈયામાં પોઢયા, દિવ્ય મંગલ ઘનસ્યામ;
મનહર મુખ અનહદ કાંન્તીપર, વારૂ કોટી કામ.
મોહ્યું મન ઝાંખી જરા થતાંજ, ધન્ય મંગલ હો. ૫
એ સૌંદર્ય અને એ કાંન્તી, એ સુ કુમાર શરીર;
ફરી ફરી નીરખ્યા પણ, ન થઇ તૃપ્તી મને લગીર

ચાહચિત ફરી જઈ બેસું સાંજ ધન્ય મંગલ હો. ૬
ત્રીજી સીતા લીલા દેવી, ચરણકમલની પાસ;
બેઠાં તેજમાં તેજ વધારે, દીપે અધીક અવાસ.
ધ્યાન ધરે જેનું સુર મુનિરાજ, ધન્ય મંગલ હો, ૭
જમણું મંદિર રામ સીતાનું બીજું નૃસીંહ રૂપ;
પાસ ઉભા પ્રલ્હાદજી પોતે, ખોળે લીધો ભૂપ;
મારતા દીસે અસુર સીરતાજ, ધન્ય મંગલ હો. ૮
રામાનુજ આદી અલવારો, ઉભા જોડી હાથ;
ડાબે પડખે મોટે મંદિર, ઉમીયા ભોળાનાથ.
નટેશ્વર કરતા તાંડવ નાચ, ધન્ય મગલ હો ૯
તાંડવ નૃત્ય કરે શંકરને સુતા જુવે શ્રીકંથ;
એ લીલા નીરખીને હરખ્યો રાંક ગુલામ અનંત;
હતી વદી જેષ્ટ અષ્ટમી સાંઝ ધન્ય મંગલ હો. ૧૦

કુંભકોણની ત્રણ યાત્રા

પદ "કહાણ થયા મહારાજ મથુરાં જઇ" એ ઢાળ

પ્રભુ કૃપાથી કુંભ કોણની થઈ યાત્રા મન માનીરે.
પત્તીત પાવન આ ભૂમી છે યાત્રા નવ કાંઈ નાનીરે. ટેક.
પરમ પવિત્ર માતા કાવેરી વહેછે પુરની પાસેરે;
નવ આરાપર નવ તીર્થો છે સ્નાને સહુ અઘનાશેરે.
વરાહ તીર્થ અને પુષ્કરણી, જગ્યા સ્નાનની જાણીરે. પ્ર.

સીતાપતિ રીઝયા રૂશીતપથી રહ્યા તેથી આ ઠારેરે,
ગણાય આ દક્ષિણ અયોધ્યાં, દીવ્ય દેશ મહાભારેરે;
મધ્ય બજારે મોહું મંદીર દર્શન ખુબી મજાનીરે. પ્રભુ.
અચળ મુર્તી ઘનસ્યામ રામજી, બેઠા સિંહાસન પરરે;
શ્રી સીતા લક્ષ્મણજી ઉભાં, બે બાજુ છબી મનહરરે;
દીવ્ય વિગ્રહ ત્રણ એક હારમાં, રૂપ ન શકું વખાણીરે પ્ર.
જમણા ભ્રાત ભરતજી ઉભા છત્ર ગ્રહી બે કરથીરે,
ડાબા ઉભા ભ્રાત શત્રુહન કર શોભે ચામરથીરે;
સામા બેઠા વાયુસુત કરગ્રહી રામાયણ નાનીરે. .પ્રભુ.
ભોગ મૂર્તી ઉભા ભભકાથી રામચંદ્ર મહારાજારે;
ઢેડાં ચરણ છાતી છે અક્કડ ફૂક્કડ ગરીબ નીવાજારે;
પુષ્ટ શરીર અવયવો સુંદર, ખામીની ન નીશાનીરે. પ્રભુ.
ડાબો કર ઉંચો કરી ઝાલ્યું ધનુષકનકનું પ્યારૂંરે;
જમણા કરમાં તીર તેજ છે, અસુરોને હણનારૂંરે.
ધનુષ અણીપર ટોકરી મણીમય અડી જોઈ રૂપાનીરે. પ્ર
કીટ મુગટ મકરા કૃત કુંડલ, જડાવ તીલક જણાતુંરે;
કરૂણા મય મહા મીઠી દ્રષ્ટી વદન દીસે મલકાતુંરે,
કૌસ્તુભ મણી ઝગમગે ઉરપર. ધરી કંઠીઓ સોનાનીરે. પ્ર
અંગે બંધ બેસતો ડગલો, લાલ લપ્પાનો ધાર્યોરે;
કસબી કોરની શ્વેત ધોતીએ. જુકિતથી કચ્છ માર્યોરે,
પ્રસરી સઘળે મંદીર ખુશબો, પુષ્પ અતર ભભકાનીરે. પ્ર.
બાજુબંધને કડાં વીંટીઓ, જડાવ ભુષણ સહુ છેરે,
કમરકશી છે કમર પટાથી તેમાં નંગો બહુ છેરે;

ચરણકમલમાં નુપુર સુંદર, મહીં ઘુઘરીઓ નાનીરે. પ્ર.
ડાબા લક્ષ્મણ જમણાં સીતા અંગ ભર્યા શણગારેરે,
કાંતી મય મુખ કમળ બેઉનાં શોભા અધિક વધારેરે;
રામ ધામની અદભુત શોભા અનુભવથી મેં જાણીરે. પ્ર.
એથી મોટું બીજું મંદીર પુસ્કરણીની પાસેરે,
ફરતો કીલ્લો ચારે ગોપુર અડયાં જઇ આકાશેરે;
ઘણા મંડપો અલવારોની મધ્યે શારંગ પાણીરે. પ્રભુ.
શેષ સજ્યાપર પોઢયા શ્રીવર, ડાબો હાથ અસીસે,
દ્વીભુજ નાથ શીર મુગટ તીલક છે દીવ્ય વિગ્રહ વકુંદીસે;
બે બાજુ ઉભાં છે નીચે, કરજોડી બે રાણીરે. પ્રભુ.
બ્રહ્મા સુર્ય અને સહુ દેવો ઉભા અડખે પડખેરે,
પાસે ભોગ મૂર્તીઓ નીરખી હ્રદય ભરાયું હરખેરે;
નાથ ચતુર્ભુજ સુરત મનોહર અતુલ કાંતી મુખડાનીરે. પ્ર
દીવ્ય વસ્ત્ર ને દીવ્ય ભુષણો, દીવ્ય કાંતી છે તનપરરે,
નખ શીખ છબી નીરખી મન મોહ્યું અસર થઈ બહુ મ
નપરરે;
બેઉ દેવી સહ છબી મુજ ચીતમાં ઠસી ગઈ પોતાનીરે. પ્ર
ત્રીજો દીવ્ય દેશ પણ એવો એજ પુરીમાં કીધોરે,
ગોપૂરમાં અલવારો મંદીર, દર્શન મારગ સીધોરે;
અંદર ઉભા સુંદર રૂપે જગત પીતા ચક્ર પાણીરે. પ્રભૂ
અષ્ટ ભુજા પ્રભૂ ઘનસ્યામ છે દીવ્ય સુદરશન ફરતુંરે,
ધર્યાં ભુષણો સર્વ સોનાનાં કનક ચક્ર મન હરતુંરે;
અદભુત સ્વરૂપ જુબી અદભૂત છે પ્રભુ દરશન કરવાનીરે. પ્ર

રાજગોપાલ જોયા એક મંદીર, શ્રી નિવાસ પ્રભુ મહીં છે.
વરદરાજ કાંચીપતિ કેરૂં જુદું મદિર અહીં છેરે;
વરાહ તીર્થ પાસ મંદીરમાં વરાહ મૂર્તી જાણીરે. પ્રભુ.
જેઠ માસ વદી ત્રીજ ચોથ બે દીવસ ઉમંગે ગાળ્યારે,
કેવલ દયા કરીને પ્રભુ એ કોડ અમારા પાળ્યારે;
અનંત શુધ પ્રેભુએ લીધી, અમો રંક સઘળાં નીરે.
પ્રભૂ કૃપાથી. ૧૮

દક્ષિણ દ્વારીકા રાજ ગોપાલની યાત્રા

પદ રાગ કાફી "શરણ તને ભગવાન" એ ઢાળનું

જય પ્રભુ રાજ મનાર, દક્ષિણ દ્વારિકાના પતિ જય પ્રભુ
નીંદા મંગલ નામે સ્ટેશન, તંજાવરની પાર;
ત્યાંથી નવ માઇલ પર ભૂમી પાવન કરી નીરધાર.
દેશે દેશ થઈ છતી. જય પ્રભુ રાજ મંનાર. ૧
મંદાર ગુડી નામ ગામનું, પ્રભુનું મધ્યે ધામ;
પાસ કૃષ્ણ પુષ્કરણી સરકુલ, નવ તીર્થો આ ઠામ;
ટળે સ્નાનથી કુમતી, જય પ્રભુ રાજ મન્નાર. ૨
મંદીરમાં છે સાત પ્રદક્ષણા, બહુ અલગારો સ્થાન;
સહસ્ત્ર સ્તંભનો મંડપ સારો, મોટું ભવ્ય મકાન;
જોઈ છકીત થયો અતી, જય પ્રભુ રાજ મંનાર. ૩
નજર પહોંચતાં નીજ મંદીરમાં છકીત થયું મુજ મન

ઉભા છેલ છબીલો બાંકા, શ્રી કૃષ્ણ પ્રાણુજીવન.
નવલ છટા મનહરતી, જય પ્રભુ રાજ મંનાર. ૪
બાંકી કમર ચરણ પણ બાંકો, બાંકી મરોડ સાથ,
સુવર્ણ ગેડી ઉપર ટેકી દીધી ડાબે હાથ;
મોહની છે છબીમાં અતી, જય પ્રભુ રાજ મંનાર. ૫
શીર પર જરી દુપટો શોભે, માર્યો ધોતીનો કચ્છ;
દ્વીભુજ નાથને અંગે ભુષણ, સરસ પ્રકાશીત સ્વચ્છ,
બંધ બેસતાં કીમતી. જય પ્રભુ રાજ મંનાર. ૬

રાણી રૂકમીનીને સત્યભામા, ઉભાં બંને પાસ;
પછવાડે ગઉ ઉભી ચાંદીની પ્રભુની પ્યારી ખાસ;
પ્રભુ ભણી દ્રષ્ટી કરતી. જય પ્રભુ રાજ મંનાર ૭
અચલ મુર્તી શ્રી વાસુદેવ પ્રભુ, ચતુર ભુજા ઘનસ્યામ;
ઉભાં બેઉ બાજુ બે દેવી, શ્રી ભૂદેવી નામ
વર્ણણે સુંદર મુરતી, જય પ્રભુ રાજમંદાર

કણ્વ ઋષીએ તપ કરી માગ્યું, રહો અહીં ધારીકાનાથ
તેથી ભકતાધીન રહે અહીં, રાખી રાણીઓ સાથ;
કબુલી ઋષીની વિનંતી. જય પ્રભુ રાજ મંનાર. ૯
ઠાઠ પુજા સેવાનો ભારે, દર્શનનો બહુ ઠાઠ;
અનંતપર મનથી કરી કરૂણા, ટાળ્યા સર્વે ઉચાટ;
દર્શન દીધાં સુખથી, જય પ્રભુ રાજ મંનાર. ૧૦

શ્રી રામ સ્વામીની યાત્રા.

ગરબી.

"સમજી ગઇછું રે વાલીડા તારી સાનમાં" એ દેશી.

નીરખ્યા આજે સુંદર સીતાપતિ મન ભાવતારે;
 ઋપા જણાવતારે. નીરખ્યા આજે સુંદર. ટેક.
 રાજ મંનાર થકી નવ ગાઇલ,
 પગ રસ્તે નવ થાએ બહુ ઢીલ;
 મંદીર નીરખીદીલમાં ઉમંગ આવતારે. નીર ૧
 અચળ બોગ મૂર્તી પ્રભૂની,
 લક્ષ્મણ સીતા વાયુ સુત બે ત્યાં છે;
 દર્શન કરવા યાત્રાળુ થોડા જતારે. નીર ૨
 છબી રામરાજાની મનહર,
 કવચ સુવાણુ તણું છે તનપર;
 દીવા ઝગમગ આભુષણુ ઝળકાવતારે. નીર. ૩
 જડાવ ભૂષણ ધરતાં અંગે,
 વાઘાજરી ધર્યા તે સંગે;
 ધનુષ્ય ધારી કર દુષ્ટોને કંપાવતારે. નીર. ૪
 બાંકી મરોડે ઉભા સ્વામી,
 છબી જોઇ વૃતી મોહ પામી;
 હસતું મુખડું મીઠી નજર જણાવતારે. નીર. ૫

સીતા લક્ષ્મણ પણ છે તેવાં,
અનંત ચિત્ત ઊતારી લેવાં;
ધ્યાન ધર્યાથી સહુ સંતાપ સમાવતારે. નીર. ૬

શ્રીમત રંગનાથની મહા યાત્રા.

લાવણી. શ્રી રંગધામ વર્ણન

"અરજ તું સુન લે શીવ મેરી" એ ઢાળની.
ધન્ય મન સફલ થયો અવતાર,
તુઠયા શ્રી રંગમના સરકાર
પતીતને પાવન કીધો આજ,
બાંહ્ય ઝાલ્યાની રાખી લાજ. ટેક.
અધિક જેષ્ટ વદી આઠમ કેરી સુંદર લાગી સાંઝ;
ઉતર્યા ત્રિચીનાપલ્લી સ્ટેશને, જવા શ્રી રંગમમાંજ.
થાય ત્યાંથી માઈલ્લ ત્રણ ચાર ધ૦ ૧
ત્રીચીના પલી તજીને જાતાં આવ્યો લાંબો પુલ;
પૂછયું નામ તો શ્રી કાવેરી, દર્શન થયાં અમુલ્ય.
ઘણો લાંબો પટ પાણી અપાર. ધ૦ ૨
ચાલ્યા સીધી સડકે સત્વર, મન ઉમંગ નવ માય;
કુંજ મનોહર બેઉ બાજુએ, ભૂમી દીવ્ય જણાય;
પ્રેમ અકલીત ઉપજે તે ઠાર. ધ૦ ૩
રસ્તે ઝાઝા મંડપ જોતા, આવ્યા પુરીની પાસ;

ઉચ્ચે પુંદ્ર વિણુ દીસે ન કોઇન, ખાલી નકો અવાસ.
ધારી જોયું મેં હારોહાર. ધ૦ ૪
પહેલું ગોપૂરમાં જોતાં વેંતજ, છકીત થયું મુજ મન,
શું નીરખું ને શું નવ નીરખું, શોભા અદ્દભુત ધન્ય;
દીઠું નથી બીજે એવું દ્વાર, ધ૦ ૫
ઉંચાં ગોપુર માળ આઠ દશ, સુંદર પથ્થર કામ;
વિવિધ રંગમય વિવિધ દેવની, મૂર્તી સરસ તમામ;
બધો પ્રભુ લીલાનો વિસ્તાર. ધ૦ ૬
પ્રથમ પ્રકારે બજાર ફરતી, સામું બીજું દ્વાર;
અધિક ઠાઠ તે ઉપર દીસે, અંદર અન્ય બજાર.
દુકાનો સુંદર હારોહાર. ધ૦ ૭
એ પ્રકારમાં ડાબે પડખે, ચાલ્યા થોડી દુર;
આવ્યું સુંદર મહાલય ગુરૂનું, હર્ષ માય નહીં ઉર;
જાણે આવ્યા વૈકુંઠ મોઝાર. ધ૦ ૮
દરશન પ્રથમ ગુરૂનાં કીધાં, જેથી જાણ્યા શ્રી રામ,
મહા વિદ્વાન ભક્તમાં શીરમણી, દયા નિધિ ગુણધામ;
પ્રભુના છે પ્રત્યક્ષ આલવાર. ધ૦ ૯
ગુરૂ આજ્ઞાથી ચાલ્યો દર્શને, આવ્યો ત્રીજે પ્રાકાર,
ગજને રથ રહે છે એ બારણે, ફરતી વળી બજાર;
ભર્યા વસ્તીથી ત્રણે પ્રાકાર. ધ૦ ૧૦
ચોથે પ્રાકાર પેસતાં દીઠા, બેઉ બાજુ અલવાર;
મધ્ય મંડપ માંહે કચેરી, ત્યાં વળી નાની બજાર.
મળે પટ તીલક આદિ તે ઠાર. ધ૦ ૧૧

કાપ્યું સુદરશન મંદીર મુકયું, વામ રામાનુજ ધામ;
પાંચમે ગોપુર પેશી નીરખ્યા; દીવ્ય ગરૂડ સુખ ધામ;
રૂપ અદભુત છબી મન હરનાર. ધ० ૧૨
છઠો પ્રાકાર છે ઢાંકેલો ધ્વજા સ્તંભ તે દ્વાર,
ઘીની રોશની સઘળે સુંદર, દીપક હારોહાર,
જઈ પગ મુકયો છેલે પ્રાકાર. ધ० ૧૩
પીગળ્યું મન આ પોપી પ્રેમે, કુતર્ક થઇ ગયા દૂર;
ઉભરા આવે અકળ હર્ષના જાણ્યું ચીત્ત જરૂર,
પાપ સહું બળી ગયાં તે ઠાર; ધ० ૧૪
પ્રદક્ષણા પુરી કરી ઝટપટ, છે દર્શનમાં મન,
પલક માંહે આવ્યો પ્રભુ પાસે થયો અનુ તું ધન્ય,
ખુલ્યાં તુજ કાજે વૈકુંઠ દ્વાર. ધન્ય મન ૧૫

સાક્ષાત શ્રીપતી સ્વરૂપ વર્ણન.

પદ રાગ ખમાયચી.

મંગલ હોજો શ્રીરંગ, પ્રાણપતી પ્યારા;
ધન્ય ધન્ય પ્રભુ ધન્ય જય જગદો દ્વારા. મંગલ-ટેક
ધન્ય પુરી શ્રી રંગમ સાતમો પ્રાકાર રમ્ય,
ધન્ય ભોમ જ્યાં અગમ્ય ઈશ ભુવન દ્વારા. મં० ૧
ધન્ય ભકત વિભીષણ ધન્ય કાવેરીનું પણ;
ધન્ય દ્રાવીડ દેશ જન સેવન કરનારા, મં० ૨

ધન્ય એ વિમાન સરસ ધન્ય ચાર વેદ કળશ;
ધન્ય વાસુદેવ શીખરપર બીરાજનારા. મં• ૩
ધન્ય શેષ શયન સ્થલ ધન્ય સુખદ ત્રીમલી વિમલ.
ધન્ય પ્રબલ ફણોવડે છત્રો ધરનારા. મં૦ ૪
દીવ્ય મંગલ વિશ્વતાત, ઘનસ્યામ રંગનાથ;
મુખ પ્રભા અગાધ પાસ, સુર્ય શું બીચારા. મં ૫
શીર્ષ પાસ જમણો કર, ડાબો ડાબા ઘુંટણ પર;
સીધા સુતા સ્યામ સુંદર, મનડું હરનારા. મં ૬
કનક મુગટ શીરે દીસે, ઉર્ધ્વ પુંડ્ર ભાલ વીષે;
અતીશે મન હરન નયન, શોભા ભરનારા. મં ૭
કંઠીમાં શ્રીજી પવિત્ર, છાતીપર રહે નિત્ય;
યજ્ઞોપવીત કંચનનું, ધરે નાથ માહારા. મં ૮
શક્તિરૂપ કનક છડી, જમણે પડખે છે પડી;
નીરખું તેજ ઘડી છુટે, ચીતે હર્ષ ધારા. મં ૯
શ્વેત ધોતી લાલકોર, ચરણકમલ ચીત્ત ચોર;
દર્શન દઈ અઘ અઘોર, તરત કાપનારા. મં ૧૦
નખ શીખ છબી વારવાર, જોતાં દીસે નવી બહાર;
હર્ષ પ્રેમ તણા તર્ક, ઉઠે ન્યારા ન્યારા. મં ૧૧
ભોગ મુર્તી મહા સુંદર, ઉભા ચતુર્ભુજ સુખકર;
ધન્ય નાથ દર્શન દેઈ, હર્યાં પાપ મારાં. મં ૧૨
શીશ મુકટ કુંડલ કર્ણ, જડીત્ર તીલકની લવર્ણ;
મનહર મુખ કમલ જોતાં, દીસે કામણગારા. મં ૧૩
કૌસ્તુભમણી ઉર વિશાલ, કંઠીમાં શ્રીજી કૃપાલ;

મોતી મણીને પ્રવાલ, હાર ઉર ધાર્યા. મં ૧૪
બાજુબંધ વીંટી કડાં, કરમાં જડાવ જડયાં;
શંખ ચક્ર ગદા, પ્રભુનાં અખંડ પ્યારાં. મં ૧૫
યજ્ઞોપવિત કનક તણું, પીતાંબર કીમતી ઘણું;
મેખલાથી છકીત બાણું, ચમકે મહીં તારા. મં ૧૬
તુલસી પુષ્પ તણા હાર, વિવિધ રંગી ખુમીદાર;
ચંદનના લેપ, સુગંધી પ્રસારનારા. મં ૧૭
ચરણ કલમ નુપુર માંહે, ફરતી ધુઘરી જણાય;
અરપું ત્રીવડીમાં આ પ્રાણ, દેહ છે તમારાં. મં ૧૮
એવી કાંતી એવાં ભુષણ, એવાં દીવ્ય વિગ્રહ તન;
ઉભાં વામ દક્ષીણ શ્રી, સીતા માત મારાં. મં ૧૯
ચરણ પાસ વિભીષણ, ઉભા ચતુર ભુજ શુભ તન;
રંગનાથ લેઈ ભલે, અહીંઆં પધાર્યા. મં ૨૦
પુજન વિવિધ આદિ ઠાઠ, વેદ શાસ્ત્રનીજ વાત;
વૈકુંઠ સાક્ષાત આજ, જોયું જીવ મારા. મં ૨૧
ભકિત ઢોંગ ખરા ગણી, રાખી લાજ બાંના; તણી;
અધમને ઓધાર્યા, પતીત પાવન કરનારા. મં ૨૨
યા અનંત તું પ્રફુલ, ગુલામી થઈ કબુલ;
દર્શન દઇ અતુલ્ય, ત્રુઠયા રંગનાથ પ્યારા. મં ૨૩

શ્રીમત કાવેરીની કથા.

ગરબી.

ધન્ય ધન્ય કાવેરીજી માવડી
રાંક ઉપર કીધી કૃપાવડી;
સંભારૂં શુભ નામ ઘડી ઘડી. ધન્ય ટેક
પટ લાંબો મનહર સારો છે,
નિત્ય જળ વડે છલકાતો આરો છે;
કુંજ બાગે ઘેરેલો કિનારો છે. ધન્ય ૧
નીર નિરમલ સુંદર નેટ છે,
બેઉ બાજુ વહે મધ્યે બેટ છે;
તેમાં વસ્તું શ્રી રંગમ શ્રેષ્ટ છે, ધન્ય ૨
પૂર્વે સરવ સરીતા ભેળી થઈ,
રમવા લાગી રમ્ય સ્થળે જઈ;
ગંગા જમના આદી આવ્યાં છે તહીં ધન્ય. ૩
એવે આવ્યો ત્યાંહાં એક ગંધર્વ,
નમી ચાલ્યો જોઈ સરીતા સર્વ;
આવ્યો દરેક નદીને ચીતે ગર્વ ધન્ય ૪
એક કહે નમ્યો મુજને હું મોટી છું,
બીજી કહે શું હું તારાથી ખોટી છું;
ન્યાય કોણ દે નોતું ત્યાં કો બીજું, ધન્ય. ૫

ખટ માસ લગી વઢી સહૂ નદી,
ફરી આવ્યો ગાંધર્વ ત્યાં એકદી;
નમ્યો મોધમ " મંગલ હો" વદી. ધ ૬
કીધો નદીઓએ નિશ્ચય તે સમે,
આમ ઝગડો નહીં પતસેક્રમે;
પુછો એનેક એ કહીને નમે ધન્ય. ધન્ય ૭
એકે પ્રશ્ન ગંધર્વને ઝટ કીધો,
નમ્યો કેને તે કહી ભલે જા સીધો;
"સૌથી શ્રેષ્ઠને" એવો ઉત્તર દીધો. ધન્ય ૮
ઝટ ચાલી ગયો તે તો ત્યાં થકી,
નદીઓને તો કરવું રહ્યું નકી;
કોણ શ્રેષ્ટ એ તકરાર રહી ટકી. ધન્ય ૯
તકરારમાં હારી, બીજી બધી,
વાંધાવાળી કાવેરી ગંગા નદી;
એક કહે હું ને બીજી કહે હું વધી ધન્ય ૧૦
ન્યાય લેવા બેઉ સ્વરગે ગઇ,
તકરારો બ્રહ્માને બધી કહી;
કરો નીર્ણય માગ્યું એવું તહીં. ધન્ય ૧૧
બ્રહ્મા કહે મોટી તો છે ભાગીરથી,
નીકળી શ્રી પ્રભુજીનાં ચરણથી
તેથી એની વડાઈની હદ નથી. ધ ૧૨
સુણી ન્યાય કાવેરી ભાંઠાં થયાં,
તપ કરવા ભુમીપર ઝટ ગયાં;

એક હજાર વરસ તપમાં રહ્યાં ધ ૧૩
ત્યારે દર્શન દીધાં લક્ષ્મી વરે,
પુછ્યું કેમ કાવેરી તું તપ કરે
શાથી અર્થ તારા તપનો સરે. ધ ૧૪
નમી બોલ્યાં કાવેરી ઉલ્લાસથી,
તપ હું કરૂં છું એવી આશથી;
શ્રેષ્ટ હું બનું ગંગાજી ખાસથી. ધ ૧૫
વાત એતો કદી બનશે નહીં,
થયા અંતર ધ્યાન એવું કહી
કાવેરીજી તો તપ કરતી રહી ધ ૧૬
તેમાં સામટાં વર્ષ વહી ગયાં
ત્યારે દર્શન પ્રભુનાં ફરી થયાં
પોતે પોતાની લઠને ઝાલી રહ્યાં. ધ ૧૭
પ્રભુ કહે ઉઠ જા તપ મુકી દે,
વાત તારી વિચારીશ હું રૂદે;
શ્રેષ્ટતા તારી સ્થાપીશ હું બવે. ધ ૧૮
ચર્ણ સ્પર્શથી શ્રેષ્ટ ગંગા થઇ,
હું તો પોઢીશ તારા ખોળા મહીં;
પછી વિચાર શ્રેષ્ટ બેમાં કંઇ. ધ ૧૯
પામ્યાં એવું મોટું વરદાન છે,
માટે ત્યાં શ્રી રંગજીનું સ્થાન છે;
બેટરૂપ ખોળે ભગવાન છે; ધ ૨૦
જેનાં દર્શને જન્મ ફરી નહીં,

એવા શ્રી રંગ સુતા ખોળા મહીં;
એથી અધિક શ્રેષ્ટ સરીતા કઈ. ધ ૨૧
ધન્યં ધન્ય માજી તારાં ભાગ્યને.
ધન્ય ધન્ય ભૂમીના એ ભાગને;
ધન્ય વૈષ્ણવો જે વસે તું કને. ધ ૨૨
તારૂં નીરમળ જળ બુદ્ધિને કરે,
રોગ દોષ પાપ સઘળાં હરે;
તારા સ્નાને પ્રાણી ભવજળતરે. ધ ૨૩
તુતો પશ્ચિમથી પુર્વમાં વહે,
તારૂં સ્નાત સુર મુની મન ચહે;
તને શેષ શંકર અજ ધન્ય કહે. ધ ૨૪
માજી પર ઉપકારી તું પુરી છે,
પાપી પાવન કરવાને શુરી છે;
ફરી સ્નાન અતું કરવા ઇચ્છે ધન્ય ધન્ય કાવેરીજી. ૨૫

શ્રીમત રંગનાથ સ્વામીની કથા

પદ.

મંગલ હોજો શ્રી રંગનાથા, શાંતી પ્રદાતા વિભુ ત્રાતા;
સુમતિ દાતા પ્રભુ જગનાથા, જય લક્ષ્મીવર વિખ્યાતા. ટેક.
પ્રભુ સ્વયંભૂ વૈકુંઠ વાસી, દયાનિધે સુખકારી હો

પાવન કીધા ઘણા પતિત જન, પૃથ્વી ઉપર પધારી હો
મંગલ ૧

પ્રગટ થઇ બ્રહ્માએ જ્યારે, પ્રભુનું દરશન કીધું હો;
નિત્ય એજ દર્શન થાવાનું, પહેલે માગી લીધું હો
મંગલ ૨

આપ્યું પ્રભુએ રૂપ સ્વયંભુ, દીવ્ય વિગ્રહ ઘનસ્યામ હો;
દ્વી ભુજનાથ પોઢેલ શેષપર, મનહર છબી સુખ ધામ હો.
મંગલ ૩

અતુલ પ્રેમથી અજ લઈ આવ્યા, દીવ્ય મંગલ નિજ ધામહો
નિત્ય સવાર બપોરે સાંઝે, પુજન કરે નિષ્કામેહો.
મંગલ ૪

ઘણા કાળ ભગવાન રહ્યા ત્યાં, બ્રહ્મા પુજન કરતા હો;
અવધપતી ઈક્ષ્વાકુ આવ્યા, એક સમે ત્યાં ફરતા હો.
મંગલ ૫

દર્શન કરી મોહીત થયો, રાજા કટાક્ષ પ્રભુએ કીધોહો;
ઘેર પધરાવી સેવા કરવા, તપ માંડી હઠ લીધોહો; મં. ૬
પ્રેમ ભકિતથી શ્રી વર રીઝયા, અવધ નગરમાં આવ્યાહો;
ધન્ય ભાગ્યશાળી નૃપ જેણે, પૃથ્વીપર પધારાવ્યાહો.
મંગળ ૭

ઇક્ષ્વાકુ વંશના નૃપોએ, પ્રભુ પુજા તે સ્થાને હો;
છેલ્લે નર ચેષ્ઠામાં રામે, પોતે પુજ્યા પોતાનેહો.
મંગળ ૮

રાવણ હણી પ્રભુ આવ્યા અયોધ્યા, ઇનામ સહુને આપ્યુંહો;

વિભીષણુની જોઇ અતુલ્ય ભક્તિ, સ્વરૂપ તેને સોંપ્યુહો.
મંગલ ૯

પ્રભુ સેવામાં વિરોધ ન પડયો, જાણી વિભીષણુ રાચ્યાહો;
લઈ ચાલ્યા લંકાને મારગ, પુજવા પ્રેમે સાચાહો.
મંગલ ૧૦

ધર્મવર્મા દ્રાવીડનો રાજા, આવ્યો અવશ્ય એકવારહો;
દર્શનથી મોહીત થઈ ચાહ્યું, પ્રભુ લાવું નિજ દ્વારહો.
મંગળ ૧૧

ઘેર આવી તપ કરવા માટે, કરી સરવ તઈયારીહો;
ત્રીકાલ જ્ઞાની શ્રી વૈષ્ણવોએ, રોકયો તેને વારીહો.
મંગલ ૧૨

પ્રભુ પધારશે થોડા દીનમાં, તપ કરમાં તે સાટેહો;
ઉત્સવ દશ દીન અહીંઆં કરશું, કર સામાન તે માટેહો.
મંગલ ૧૩

કરી તઈયારી ભુપે સઘળી, એવે વિભીષણુ આવ્યાહો;
ખાવા થાક પુષ્કરણી તીરે,પ્રભુજીને પધરાવ્યાહો.
મગલ ૧૪

નૃપને શ્રી વૈષ્ણવોએ આવી, પ્રભુનાં કીધાં દર્શનહો;
વિભીષણુને દસ દીન રોકાવા, જણુવ્યું પોતાનું મનહો.
મંગલ ૧૫

પ્રેમ ભક્તનો ભક્તજ જાણે વિભીષણે હા પાડીહો;
નૃપે કર્યો વૈકુંઠોત્સવ શુભ, દશ દીન હરખે કહાડીહો.
મગલ ૧૬

ઉત્સવ પુરણુ કરી વિભીષણુ, ઘેર જવાને ઉઠયાહો;
દીવ્ય વિગ્રહ ન શકયા ઉપાડી, જાણ્યું પ્રભૂજી રૂઠયાહો.
મંગલ ૧૭

મહા સમર્થ બલવાન વિભીષણુ, જોર કર્યું ફરી ઉઠીહો;
દીવ્ય વિગ્રહ જરીએ નવ હાલ્યું, ભુમી તણાતી દીઠીહો.
મંગલ ૧૮

ગભરાયા વિભીષણુ તવ બોલ્યા ભકત વત્સલ શ્રીમુખથીહો
રહેવા દે મુજને તું આંહી, નથી આઘો હું તુજથીજો.
મંગલ ૧૯

લંકામાં તું એક ભકત છે. થશે ભકત અહીં ઝાઝાહો;
કાવેરીનો વર પાળું વળી, રાજી થાય આ રાજાહો.
મંગલ ૨૦

ભકત ન લોપે પ્રભુ આજ્ઞા, રહે પ્રભુ ઇચ્છાપર પ્રસનહો:
રહયા પ્રભુ પુષ્કરણી તીરે, વિભીષણે વાળ્યું મનહો.
મંગલ ૨૧

આજે વૈકુંઠોત્સવ થાએ, ચૈત્ર માસમાં મોટોહો;
ધુમધામનું થાય ન વરણુન, પ્રભુ ઘેર શું તોટોહો !
મંગલ ૨૨

એજ ચંદ્ર પુષ્કરણી નીરખ્યાં, નીરખ્યા શ્રીરંગનાથાહો;
કેવલ કરૂણાથીજ તેડાવ્યો, ધન્ય ધન્ય મુજ તાતા હો.
મંગલ ૨૩

કાવેરી તીરે વસી પોતે અનેક ભકતો તાર્યાં હો;
મારા જેવા ભવ બુડેલા બાંહ ઝાલી ઉગાર્યા હો.
મંગલ ૨૪

અનેક કારણુ અહીં વસવાના, મહીમા અકથ અપારહો;
સુંઠે ગાંધી બનીશું જાણે, બાપડો અનુ ગમારહો.

મંગલ ૨૫

લક્ષ્મીજીનો ઉત્સવ

ગરબી.

" અલબેલીરે અંબે માત " એ દેશી.

ધન્ય રંગ નાયીકો માત કરૂણાનિધિ સુખદા,
કરી દર્શન થયો રળિયાત ચીતમાં વસજો સદા; ટેક
ત્રિયે પ્રાકારે સુંદર મંદીર અલગ આપનું ભારેરે,
વિશાલ પ્રદક્ષણામાં ઉભા સ્તંભ સામટા હારેરે.

કરૂણા. ૧

મધ્ય મંદીરે ત્રણે દેવી બેઠાં આગળ પાછળરે,
પહેલાં આપ પુંઠે ભુદેવી છેવટ શ્રીજી શુભ સ્થળ.

કરૂણા. ૨

દિવ્ય વિગ્રહ શ્રી ભુ દેવીનાં, ઘન સ્યામ સુખકારીરે;
મુર્તી આપણી છે ઝગમગતી, દીવ્ય કાંતી મહાભારી.

કરૂણા. ૩

પતિ આજ્ઞા પાળી ન નીકળો, કદી ગોપુરની બહારરે;
ઉત્સવમાં પણ સ્વારી કાઢી, ફરો મંદિર મોઝાર.

કરૂણા. ૪

આજકાલ ઉત્સવ ચાલે છે, નિત્ય નીકળે સ્વારીરે;
નીરખી શણગારો માડીના, મંદમતી મુજ હારી.

કરૂણા. ૫

બે કરમાંહે કમળ સોનાનાં, અભય પ્રદદે એકરરે;
શીર પર શોભે શ્વેત સુગંધી, મુકટ પુષ્પનો સુખકર.

કરૂણા. ૬

તીલક જડીત્ર કાંપ કરણોમાં, મોતીના નંગદારરે;
નાકે જડાવ વાળીને, નકવેસર પાણીદાર.

કરૂણા. ૭

ગળે ઘરેણાં જડાવ નૌતમ, ભાત ભાતના હારરે;
રાખ્યા સૌના ઉપર ઉરપર, છબીમાં નીજ ભરતાર

કરૂણા. ૮

મણીમય બાજુ ચુડી પાટલી, વીંટી કરમાં મણીમયરે;
કટી મેખલા મોંઘા મુલી, નંગ ચમકતાં અતિશયરે.

કરૂણા. ૯

ચરણુ કમળમાંનુ પુર સુંદર, ઘુઘરીથી ઘમઘમતાંરે;
પુષ્પહારને પુષ્પ ઓઢણાં, માજીને મન ગમતાં

કરૂણા. ૧૦

થાળ આરોગે સાંઝે, વાગે દુદભીને સરનાઈરે,
પછી નીકળે સઘ સવારી, ખુલ્લી પાલખી માંહીં.

કરૂણા. ૧૧

ઉભાં રહે આવીને બારણે ઘીની મશાલો બળતીરે;
લાયક ભકતોને લાઠ કોપને, પુષ્પ પ્રસાદી મળતી. કરૂણા. ૧૨

ઉધડે સામું મોટું દરપણ, બસરી શોભા દીસેરે;
અહીં નીરખું કે સામે નીરખું મન ટળવળે અતીશે
કરૂણા. ૧૩
આઠદાસ બાંધી પટકા શીર, લેઇ સુખાસન ચાલેરે
હસ્તી જેમ ડોલતો હીંડે, તેમ હીડતાં હાલે.
કરૂણા. ૧૪
છડીદાર છડી કરમાં ઝાલી, ઘડીઘડી જયજય કરતારે;
ટોપી પહેરી કર તાલ વગાડી, બે જણ ગુણો ઉચરતા.
કરૂણા. ૧૫
પ્રદક્ષણામાં ફરે સવારી, ઘડીઘડી ઉભાં રહેતાંરે
આસપાસ સેકડો શ્રી વૈષ્ણવ, ભાવે દરશન લેતાં.
કરૂણા. ૧૬
ઉભાં રહે ત્યાં દેવ દાશીઓ, સામી આવી નાચેરે;
હાવ ભાવ જોઇ સુણીને ગાયન, માજી મનમાં રાચે.
કરૂણા. ૧૭
એક કલાક ફરીને સ્વારી, દર્પણ આગળ ઠેરેરે,
તાજાં પુષ્પ તણાં આભુષણ ત્યાં વળી માજી પહેરે;
કરૂણા. ૧૮
ભાવિક ભક્ત ચઢાવે ભાવથી, વિવિધ કુસુમના હારોરે,
પુષ્પહારને પુષ્પ ઓઢણે ઢાંકી દેશણગારો.
કરૂણા. ૧૯
ગુલાબ જળ તેપર છંટાએ, સુગંધ અધિક પ્રસારેરે,
બેઉ વાજુ વા ઢોળે, સેવક પંખાઓથી પ્યારે. કરૂણા. ૨૦

અતિશય ખુશબો અનહદ શોભા, અકલીત ખુબી દેતાંરે,
અપૂર્વ લીલા નીરખી નેત્રો વૈકુંઠનું સુખ લેતાં.
કરૂણા. ૨૧

નિત્ય નિયમ તો એજ દીઠો, કે અહીંજ થાળ ધરાયરે;
કદી વળી માત બીરાજે મંડપ બહુ વિધિ પુજન થાય.
કરૂણા. ૨૨

કાચી મગની દાળ પલાળેલ કેળાં કાકડી સાથેરે,
શરબત ગોળ તણું આરોગે મા આ વખતે સ્વાદે.
કરૂણા. ૨૩

થાય આરતી ચાંદી કળશે, વિધ વિધ વાજાં વાગેરે;
એ અદભુત શોભા આજે પણ ફરે આંખની આગે.
કરૂણા. ૨૪

પ્રસાદને ચરણામૃત પુઠે, સેવકને સહુ આપેરે;
નમતા જનના મસ્તક ઉપર, ચરણ પાદુકા સ્થાપે.
કરૂણા. ૨૫

ધનધન માજી ધન તુજ દર્શન, ધન એ ઉત્સવ ભારીરે,
ધન્ય સેવકો ધન્ય પુરીજન સેવા કરે સુખકારી.
કરૂણા. ૨૬

માજી તું છે પરમ દયાળું, સાચી મારી માતારે;
વગ ધારૂં છું તારી મોટી મંગલ હો સુખદાતા.
કરૂણા. ૨૭

થઈશ કઠોર છઉં હું છોરૂ બહુ આજ્ઞાઓ લોપીશરે.
દયા કરી રસ્તે ચઢાવજે માજી કદી ન કોપીશ. કરૂણા. ૨૮

જોઈ અભય પ્રદ -હૃદય દયાળુ આવી વળગ્યો ચરણેરે;
ફિકર મારી સોંપી તુજને હું રહું વિશ્વાશે શરણે.

કરૂણા. ૨૯

માજીની કરૂણા છે તુજપર અનંત નિશ્ચય જાણુરે;
નહીં તો આ સુખ ક્યાંથી પામે. તારો પાપી પ્રાણુ.

કરૂણા. ૩૦

સુંદરબાહુ ભગવાનની યાત્રા.

લાવણી,

જય જય શ્રીપતિ ભગવાન,
કૃપા નિધાન પ્રાણુ પ્રતિ અલગર;
મંગલ હો સુંદર બાહુ પ્રભુ મહાસુંદર ટેક.
છે પ્રભુજીનો દીવ્ય દેશ શેહેર મદુરામાં,
ત્રીચીનાપલ્લીના પાર સેતુર રસ્તામાં,
દક્ષિણ મથુરા તે એજ શેહેર સુખાકારી,
હતી રાજ્યધાની બભ્રુ વાહનની ભારી.
એ અરજુન સુતને મળી નાંનાની ગાદી,
અહીં આવી કોડે વસ્યા કરી આબાદી;
થયું જાદવનું એ ઠામ મથુરાં નામ ઠર્યું તે ઉપર;
મગલ હો સુંદર બાહુ પ્રભુ મહા સુંદર ૧

પુરમાં છે પ્રભુનું શ્રેષ્ટ શોભતુ મંદીર
શ્રીજી અલવારો તણાં ધામ મહીં સુંદર.
પ્રભુ ચતુરભુજા ધનશ્યામ ઉભા સુખકારી,
શીર મુકટ શંખ ચક્ર ને ગદા કર ધારી;
છે ભોગ મુર્તીને શોભાવંત શણગારો,
હાંડીઓ દીવાથી ઠાઠ ધામનો સારો,
શ્રીજી ભૂદેવી પાસ, દીપતો અવાસ કાંતી મનહર,
મંગલ હો સુંદર બાહુ પ્રભુ મહાસુંદર. ૨
છે પ્રભુનું બીજુ ધામ અલગ રજ પ્યારે,
પુરથી ખટ કોસ મુકામ પહાડમાં ભારે:
રસ્તે છે સીધી સડક જગે જગ મંડપ.
દર માઇલે છતરનો યાત્રાળુને ખપ.
ઉંચા ગિરિના થડ માંહે કિલ્લા ત્રણ ફરતા;
મંહી છત્રોને મંડપો દીસે મન હરતા.
મોટાં અલવારો તણા મંદીરો ઘણાં, ધામની અંદર
મંગલ હો સુંદર બાહુ પ્રભુ માહા સુંદર. ૩
મધ્યે મોટા મંદીરે બીરાજ્યા અલગર
છે દીવ્ય વિગ્રહ ધનસ્યામ ચતુરભુજ મનહર,
શીર મુકટ કરે આયુધો ખભે પછેડી,
કમરે બાંધી તલવાર લાંબીને ટેડી
ઉભા અધિરાજા બેઉ દેવીઓ સંગે
છબી નખ શીખ જોતાં મન ભરાય ઉછરંગે
છે અનુપમ લક્ષ્મીનાથ ધામનો ઠાઠ દીવ્ય ભભકાભર,

મંગલ હો સુંદર બાહુ પ્રભુ મહા સુંદર ૪
અહા ! ભોગ મુર્તીનું રૂપ હૃદય હરનારૂં
છબી ઉપર કોટી કામ પલેપલ વારૂં
શીર લાલ દુપટે કસબી કોર ઘણેરી
કમરે બાંધી છે કટાર જડીત્ર સુનેરી
અંગે ભુષણો જડાવ કાંતી છે અનહદ,
ન દીઠું એવું કહીં નંગોમાં પાણી કદ;
કરતાં અનંત દરશન ચોંટી છબી મન ન વીસરે પલભ. ર
મગલહો સુંદર બાહુ પ્રભુ મહા સુંદર ૫

શ્રીમત સેતુની યાત્રા–રામેશ્વર.

લાવણી.

સેતુ દર્શન કરવા ચાલ્યા શ્રીરંગથી પંડયાને લઇ,
મદુરાને સ્ટેશને ઉતર્યા પ્રભાતમાં છતરમાં જઈ;
ખાડી સુધી ભાડે કીધી બેલગાડીઓ આપીધન,
પાપ વિમોચન પતિત પાવન સુખ કારણસેતુ દરશન ૧
રસ્તે સડક ઝાડ બે બાજુ માઇલે માઇલે છે પથર,
છછ ગાઉપર મુકામ કરવા લાયક છે સારાં છતર;
પાસે પાણી મળે રાત દીન ત્યાં સઘળુ સીધું સામાન,
પાપ વિમોચન પતિ પાવન સુખ કારણ સેતુ દરશન. ૨
તીરપો વોનમ માના મદુરા પરમ ગુડી મોટાં મુકામ,

ચોથું આવે રામનાથ પુર બે રસ્તા ચાલે તે ઠામ;
ત્રણ ગાઉ ખાડીનો દરીઓ તેર ગાઉ નવ અહો
પાપ વિમોચન પતિત પાવન સુખ કારણ સેતુ દરભુવનશન.
કહે પંબેન સેતુ હાપુને, રામેશ્વર મધ્યે ગાઉ ચાર,
પગ દંડી પથ્થરની રસ્તે બે બાજુ ઝાડોની હાર;
ગાડી ઘોડાં ડોળી હાજર ભાડે ચાહે જે મન,
પાપ વિમોચન પતીતપાવન સુખ કારણ સેતુ દર્શન. ૪
દર માઈલપર રસ્તો પથ્થર જોતા ચાલ્યા રામેશ્વર,
નાના કસ્બો મળે બવી ચીજ ઉતારે પંડયા નીજ ઘર;
મધ્યે મોટા ગોપુરવાળું છે રામેશ્વર તણું સદન,
પાપ વિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દર્શન. ૫
ત્રણ પ્રદક્ષણા જોવા જેવી છે પથ્થરનું દૈવી કામ,
હારદોર એક સરખા થંભા પાડે ચોકડી ઠામોઠામ;
ભક્તોની મૂર્તીઓ જગે જગ ઢાંકેલું છે સરવ ભુવન,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દર્શન. ૬
બાવીસ તીર્થો અનેક મીંગો છે બીજાં મંદીર નવ દસ,
તેમાં રામેશ્વર ઉમીયાજીનાં મંદીર સહુ થકી સરસ;
ઉંચી જળાધારીપર શીવનું કાંતીમય દીપતું વદન,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૭
ઉભા એ મંદીરમાં પ્યારા રામચંદ્ર કર ધનુષ્ય ધરી,
પાસે લક્ષ્મણ હનુમાનને જમણાં છે સીતા સુંદરી;
દીપાવે મંદીર મંગલહો ભકતાધીન શ્રી રઘુ નંદન,
પાપવીમોચન પતીતપાવન સુખકાર સેતુ દર્શન. ૮

રામ ઝરોખો એક માઈલપર ઉંચુ સ્થળ મનહર રમણીય
ફરતો દીસે સમુદ્ર ચહુંદીશ પવન લેહેકી લાગે બહુ પ્રિય;
મધ્ય બંગલી માંહે પાદુકા રઘુપતીની દુઃખ ભંજન,
પાપ વિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દર્શન. ૯
રામેશ્વથી સાત ગાઉપર મધ્ય શેતુ મહા પવિત્ર ધામ,
રત્નાકરને મહો દધિનો સંગમ દેખાએ આ ઠામ;
પુનર્જન્મ નહીં થાય દરશનેં સ્નાને પાપો સર્વ પતન,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૦
લોક જાય બહુ બેસી નાવમાં ઘણા જાય કરીને ગાડી,
મોટું છત્ર બે ગાઉ દુર છે મળે સદાવ્રત ત્યાં દાંડી;
નથી દુકાન ત્યાં તેથી રાખે છે સાથે સીધું સહુ જન,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૧
અંત સેતુ લંકાની પાસે મધ્ય સેતુનું છે આ સ્થલ,
રત્નાકર છે મહો દધિનો સંગમ પ્રભુએ કર્યો પ્રબલ;
સેતુ તોડી નાંખ્યો નિજ ચાપે. રાજી રાખવાનેં વિભીષણકું,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૨
આદિ સેતુ તો દર્ભ સેનથી ગંધમાદન ગિરિનો આમેહ,
પાજ કાજ લાવ્યા વાયુ સુત, તે પર ચઢી ગઈ છે રેત;
અસલ સેતુ પણ તે ખાડીમાં દે છે દરશન આજે પણ,
પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૩
ધન્ય સેતુ જેને બાંધ્યો છે દેવોએ લઈને અવતાર,
ધન્ય સેતુ સીતાના વાહાલા ઝટ ભેટાડયા પ્રાણાધાર;
ધન્ય સેતુ રાવણ અંત હેતુ પ્રભુ તારાપર બહુ પ્રસન,

પાપવિમોચન પતીતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૪
નમું સેતુ મહા પરોપકારી માફ કરાવે મહા અપરાધ,
નમું સેતુ મહીમા તુંજ અનહદદર્શનથી થાય સુખો અગાધ;
નમું સેતુ તેં દઈને દરશન જન્મ અનુનો કીધો ધન્ય,
પાપવિમોચન પતિતપાવન સુખકારણ સેતુ દરશન. ૧૫

શ્રીદર્ભસેન-દક્ષિણ જગન્નાથજીની યાત્રા

ગરબી.

"અમદાવાદ નામે આજરે શેહેર છે સારૂં રે" એ દેશી.
ધન્ય તાત રઘુનાથ દર્ભસેન, નામને ધણું ભાવ્યું રે;
ચર્યા એક પંથ માંહે બેઉ કામ, ધામ માર્ગ માંહે આવ્યું રે,
આદિ સેતુ આ જગ્યાએથી, ગણાય મહોદધિ ગાઉ બે છેરે;
તીર્થવાસી જાય દર્શનને કાજ, સ્નાન દાન ત્યાં કરે છેરે.
રામ તીર્થ ચક્ર તીર્થનાં તળાવ, પ્રભુ મંદીરની પાસેરે;
કરી સ્નાન પેઠા દરશનને કાજ, સ્નાન દાન ત્યાં કરે છે રે.
સારૂં મંદીર સોહામણું, વિશાલ જાણ્યું દર્ભસેનનું છેરે;
થવા ખાતરી પંડયાને કર્યો પ્રશ્ન, દીવ્ય વિગ્રહ મહીં શું છેરે?
પંડેયે તો કર્યો અધિક રળિયાત, નવી કરી એક વાતરે.
એમાં બિરાજે દક્ષિણ જગન્નાથ, દીવ્ય દેશ આ સાક્ષાતરે.
પુર્વે પુલું નામે ઋષિ થયા શ્રેષ્ટ, તેણે આંહી તપ કીધું રે;

અહીં દરશન દે પ્રભૂ જગન્નાથ, ચીતે એવું પણ લીધું રે.
તેથી પ્રસન્ન થયા શ્રી જગન્નનાથ, પોતે સ્વયંભુ પધાર્યા રે
અહીં બીરાજી આકર્યો દીવ્ય દેશ, પુલું રૂપીને ઓધાર્યા રે.
બેઠા પીપળની નીચે રૂષીરાજ, આજ પીપળ ત્યાંહાંછે રે;
ઉગે એક પછી એક આપોઆપ, નીત્ય મંદીરની વાંસે રે
સુણી કથા રાજી થયું વધુ ચીત, લાભ અણ ધાર્યો થાશે રે.
પ્રભુ સ્વયંભુ સાક્ષાત જગન્નાથજી, અહીંજ નીરખાશે રે.
ધન્ય નિર્જળ અગીયારશની સાંઝ, ઠઠ મંદિરનો ભારે રે;
ટાંગ્યાં ફાનસ છે વડાં ઠામઠામ, દીપ માલ ભભક ભારે રે.
વાગે ભેર ઝાંઝ ઢોલ સુરનાઈ, સામી દેવ દાસીઓ ગાય રે;
નિત્ય એજ ઠાઠમાઠથી પ્રભુને, સાંઝે ત્રિમંજન થાય રે.
મોટી આરતીમાં બતીઓ, અનેક ગોળાકારમાં પ્રકાશે રે;
વધ્યું દીવ્ય તેજમાં અધિક તેજ, કર્યાં દર્શન ઉલ્લાસે રે.
ઘન સ્યામ પ્રભુ ઉભા ચતુર ભૂજ, શંખ ચક્ર ગદા ધારી રે;
બેઉ પાસ બેઉ દેવી ઘન સ્યામ, છટા દીસે ઘણી સારી રે.
બોગ મૂર્તીઓની કાંતી ઘણી, ભવ્ય અલંકાર રૂડા ઓપે રે;
ડાબા કેશવ માધવને ગોવિંદ, બાળકૃષ્ણ ચંદ્ર શોભે રે.
જોડાજોડ છે જમણું શ્રીજી ધામ, ઠાઠ મંદીરનો ભારી રે;
આજુબાજુ પ્યારા ભક્ત અસવાર, તણીં જગ્યા ન્યારી ન્યારી રે.
કર્યો દીવ્ય દેશ હર્ષ ભર્યો ચિત્ત ચાલ્યાં દર્ભસેન ધામે રે;
જગંનાથજીની જોડાજોડ સ્થાન, જોતાં ચીત્ત સૂખ પામે રે.
દીવ્ય વિગ્રહ શ્રી રામ ઘન સ્યામ સુતા દર્ભ આસને છે રે;
બ્રહ્મા નાભીમાંથી નીકળ્યા જણાય, શેષ છત્ર ત્યાં કરે છે રે.

દેવ તેતરીશ કરોડ જોડી હસ્ત, ઉભા વિનંતી કરે છેરે;
કોટ મુકુટ કનક તણો શીરે, અષ્ટ મકર કુંડળ કરણે છેરે.
શ્રીભુજનાથનું અતુલ્ય દીવ્ય તેજ, તીલક કનકનું લીલાટેરે;
આવ્યા સ્વારી કરી સીતા લેવા કાજ, પ્રભુ વાનરદળ સાથેરે.
ત્રણ દીવસ લગી વીનવ્યા, સમુદ્ર માર્ગ જવા કાજ માગીરે;
મુર્ખતામાં ઓળખ્યા ન વિશ્વનાથ, રહ્યા ગર્વમાં અભાગીરે.
કર્યો પ્રભુજીએ કોપ કાઢયું બાણ, નીર સર્વ શોષી લેવારે;
રત્નાકરને મહા દુખ, સઘ ગર્વ તજી દોડયા તેવારે,
નાખી નમ્યા જોડી બેઉ જુગપાણ, ખટ અંગે પગે લાગીરે;
જાણી વિશ્વ પતિ, પ્રભુ પર ક્ષમા વાંક તણી માગીરે.
આજે દીસે બેઉ ઉભા જોડા જોડ, પ્રભુ સામા હાથ જોડીરે;
બીજી બાજુ ઉભા ભક્ત વિભીષણ, શરણ આવ્યા અહીં દોડીરે
આપ્યું આ જગે પ્રભુએ પહેલું રાજ, બોલાવી લંકેશ નામેરે;
પુરાં પુણ્ય હોય તેજ આવે આંહી, ભવ્ય દર્શન આ પામેરે.
અહીં સીતાજીને હરાવી, પવિત્ર પ્રભુએ સ્વીકારી લીધાંરે;
તેનું મંદીર છે જુદું જોવા જોગ, પ્રેમે દર્શન મેં કીધાંરે.
સીતા લક્ષ્મણની સાથે, ત્યાં શ્રી રામ ઉભા ધનુષ બાણ હાથેરે;
પાસે ઉભા પરમપ્રિય હનુમાન, જોડી હાથ પ્રેમ સાથેરે.
ધન્ય ભૂમી આ પવિત્ર પરીપુર્ણ, ધન્ય દર્શન સુખકારીરે;
ધન્ય જન્મ ગણીને અનંત રંક જાય પ્રેમે બલીહારીરે.

ગોદામાજીની યાત્રા–મદુરાથી આગળ સ્ટેશન સાતુર થઇનેં

ગરબી "દાસદયાનાં દુઃખ હરજો નંદલાલ" એ દેશી

મંગલહો જયકારી શ્રી ગોદામાતા,
રંગમંદારની પ્યારી સુખદાતા;
એમ લીધી છે તમારી શ્રી ગોદામાતા,
કરૂણા કીધી તેવી ભારી સુખદાતા.

સાતુર ઉતર્યાં આવી શ્રી૦ તેવીજ ગાડી અપાવી સુ.
શીવ કાશીમાં રોકી રાતે શ્રી૦ તેડાવ્યાં સમીપે પ્રભાતે સુ.
સ્નાન ત્રિવેણીમાં કરાવ્યું શ્રી૦ નીરમળસર મન ભાવ્યું. સુ.
ગોપુર અડક્યુ આકાશે શ્રી૦ બાર માળો તેમાં ભાસે. સુ.
ત્યાં શ્રીવડ પત્ર શાયી શ્રી૦ પુનીત પિતાજી સુખદાઇ. સુ.
એહુને જમણે હાથે શ્રી૦ આપ રહો પતિ સાથે. સુ.
મંડપ ભભકો ભારી શ્રી૦ ત્રણે પ્રદક્ષણા ન્યારી. સુ.
એક તરફ રામ સ્વામી શ્રી૦ બીજી એ કૃષ્ણ સુખધામી, સુ.
મધ્યમાં મંદીર ભારી શ્રી૦ શોભા અલૌકીક સારી. સુ.
હાંડીઓ ઝાડ બીલોરી શ્રી૦ મધ્યે મંડપ છે સોનેરી. સુ.
નિજ મંદિર ભણી આવ્યાં શ્રી૦ તેવાં પ્રીતીથી તેડાવ્યાં. સુ.
માએ પહેલું પય દીધું શ્રી૦ મીઠું અમારૂં મુખ કીધું. સુ.
સુખ થકી દરશન દીધાં શ્રી૦ તન વડે મનહરી લીધાં. સુ.

જમણાં ઉભાં તમે માડી શ્રી૦ કર થકી કરૂણા દેખાડી. સુ.
ડાબે કરે કંજ ધારી શ્રી૦ કીધા છે વશ શ્રી મુરારી. સુ.
રંગ મંદાર રૂપાળા શ્રી૦ સુંદીર વર નરખાળા. સુ.
ઉભા છે નાથ ત્રિભંગી શ્રી૦ દીવ્ય મનોહર અંગી. સુ.
ટેડાં ચરણુ ચીતહારી શ્રી૦ નુપુર મસ ઠમકારી. સુ.
પહેર્યું પીતાંબર લટકે શ્રી૦ ઠરતાં નયન રંગ ચટકે. સુ.
કેસરી કમર કશી છે શ્રી૦ મનમાં મરોડ વશી છે. સુ.
ભુષણુની ભવ્ય જ્યોતી શ્રી૦ હીરા માણેક મણી મોતી. સુ.
કર મનહર લટકાળા શ્રી૦ વાંકી મરોડે મસ વ્હાલા. સુ.
મુખ હસતું મલકાતું શ્રી૦ તેજ ત્રિલોકે ફેલાતું. સુ.
પંકજ નયન નચાવે શ્રી૦ ભ્રમર હ્રદય લલચાવે. સુ.
ભાલ વિશાલ પ્રકાશે શ્રી૦ શ્રી ઉર્ધ્વ પુંડ્ર મહીં ભાસે. સુ.
મુકટ મણીમય સોહે શ્રીસ નખ શીખ લગી મન મોહે. સુ.
પ્રીતે પ્રસંન થઈને શ્રી૦ નાચે છે નાથ ચહીને. સુ.
દંપતી પદ ચિત્ત ચોડી શ્રી૦ ઉભા ગરૂડ કરજોડી. સુ.
શોભા ત્રિલોકની સારી શ્રી૦ ત્રણે ઉપર થકી વારી. સુ.
મુલ વિગ્રહ એજ રીતે શ્રી૦ દેખાડયાં પુરણ પ્રીતે. સુ.
મંદીર ગોપુર વાળું શ્રી૦ આપ કૃપાથી નિહાળ્યું. સુ.
દ્વારમા જમણે હાથે શ્રી૦ દરશન દીધાં પ્રીયતાતે. સુ.
શ્રી વિષ્ણુ ચિત સ્વામી શ્રી૦ ભટ્ટનાથ ગુણુ ગ્રામી. સુ.
દરશન સ્નેહે દીધાં શ્રી૦ વ્હાલાં અધિક વળી કીધાં. સુ.
ત્રિમંજન અઘહારી શ્રી૦ દેખાંડ્યુ દયા ધારી. સુ.
સામા મંદીરમાં સુહારિ શ્રી૦ શ્રીયતિવર સુખકારી. સુખ.

નિરખીને પ્રથમ પ્રાકારે. શ્રી૦ આવી નમ્યાં પ્રભુ દ્વારે સુ.
મેઢી ઉપર સુખદાયી શ્રી૦ સ્વામી શ્રી વડપત્રં શાયી. સુ.
શેષ શય્યા સુખકારી શ્રી૦ પોઢયા તે ઉપર મોરારી. સુ.
શ્યામ ચતુર ભુજ દેવા શ્રી૦ નાભીમાં અજ કરે સેવા. સુ.
ઉત્સવ વિગ્રહ ભારી શ્રી૦ સંગે શ્રી ભૂદેવી પ્યારી. સુ.
કરૂણા અતીશય કીધી શ્રી૦ ત્રિમંજનની આંખી દીધી. સુ.
એ પણ તુજ કરૂણાથી શ્રી૦ દરશનથી ઠરી છાતી સુ.
શુભ વૃંદાવનવાળી શ્રી૦ પ્રકટની ભૂમી નીહાળી. સુ.
પ્રથમ યતીશ નીહાળ્યા શ્રી૦ પુઠે શઠઅરિ વ્હાલા. સુ.
છેવટ આપા દેખાડી શ્રી૦ જાતે મળ્યાં તમે માડી સુ.
નિરભર અમને કીધાં શ્રી૦ નિજપદનાં ગણી લીધાં સુ.
ફકિર અહો નીશ રાખી શ્રી૦ યાત્રા કરાવી આખી. સુ.
રંગજીમાં પહોંચાડયાં શ્રી૦ પ્રભુ પદથી ભેટાડયાં સુ.
ફરી ફરી દરશન દેજો શ્રી૦ અનંત શીરે સદા રહેજો. સુ.

આલવાર તીર નગરી—શઠ કોપ સ્વામી—ન વ દીવ્ય દેશની યાત્રા.

ગરબી.

"અમદાવાદ નામે આજ છે શેહેર સારૂંરે. એ દેશી.
ધન્ય ધન્ય દીવ્ય સુરીશઠકોપ કારીપુત્ર દીનબંપુરે;
પાદ પંકજમાં પ્રથમ પૂર્ણ પ્રેમ સહીત, ધ્યાન ધરી વંદુંરે.

દયા ધરી દીવ્ય દરશન દયાલ, દીન દાસ ગણી દીધાંરે;
કૃપા તણું સ્મરણ શું કરૂં કૃપાલ, રંકને નીહાલ કીધાંરે.
સુખે છોડીને શ્રી રંગમનું ધામ, સેતુ તણી ઝાંખી કીધીરે;
ફરી આવીને મદુરાને મુકામ, વાટ આપ તણી લીધીરે.
તીનાવલી આવીને કર્યું મુકામ, રેલગાડી મારગેથીરે;
પુરા પચ્ચીશ માઈલ ભુમી પૂર્ણ ગયાં બેલ ગાડીએથીરે.
રૂડું રામજ્યંતી તણું પ્રભાત, આજ અધિક ઉરભાવ્યુંરે;
આંખ ખોલતાં શ્રી આલવાર તીર નગ્ર નયન માંહે આવ્યુંરે;
પુણ્યવતી તામ્રપર્ણી તણે તીર, છત્રમાં મુકામ રાખ્યુરે.
સુર્ય ઉગતાંજ સ્નાન તણું, સુખ અમે પેટ ભરી ચાખ્યુંરે;
આઠ બજે થયો અતી હર્ષ ઉર, ચાલ્યાં દરશનની આશેરે.
વડા વડાને ન મળી શકે લાભ. આજે તે અમને થાશેરે;
અતિરમ્ય છે શ્રી વૈષ્ણવનું ગામ, સ્વામી ધામ મધ્યમાં છેરે;
આલવાર આદિ તણાં વડાં ધામ, આમ તેમ નગ્રમાં છેરે.
વડો મંડપ છે ગોપુરની પાસ, ખાસ આંગણે રૂપાળોરે;
દ્વાર પાસ ડોલતો દીસે ગજેંદ્ર, ભવ્ય રૂડી સુંઢવાળોરે.
દીવ્ય કોટને ઈશાન કોણ દીવ્ય શ્રી ગરૂડજી બીરાજેરે;
ચઢે માનતા ત્યાંહાં વિવિધ ભાત, છે પ્રત્યક્ષ રૂપ આજેરે;
પેઠા મંદીરમાં મંડપ તે સ્થાન, આસપાસ છે મજાનારે.
આવ્યાં અમે ધ્વજ સ્તંભતણી પાસ,નમી ધન્ય ભાગ્ય જાણ્યારે;
ખાસ મંડપ ત્યાં એક ખુબીદાર, અતી પ્યાર સાથ ભાળ્યોરે.
ચીની કામ ચીત્ર કામ શિલ્પ કામ, થકી શોભતો રૂપાળોરે;
ઉંચું કંચનનું સિંહાસન રમ્ય, મધ્યમાં પ્રકાશ પાડેરે

પધારે અહીં ગુરૂ પ્રભુ કૃપાલ, વડા ઉત્સવને દહાડેરે.
મળે અહીં મન માનતો પ્રસાદ, યાદ તે સદૈવ રહેશેરે;
ચિત્ત મગ્ન થયું એમ ધન્ય આજ, સ્વામી દર્શન સુખ દેશેરે.
બીજા દ્વારમાં જતાં દેદીપ્યમાન, બેઉ મંદીરો જણાયાંરે;
સામા આદિ નાથ અને સિધે હાથ, શઠકોપ ગુરૂ રાયારે.
પ્રદક્ષીણા કરી માંહેલી વિશાલ, દીવ્ય મંડપો વચેથીરે;
શ્રીજી ભૂમી દેવી બેઉ પ્રષ્ટ ભાગ માંહે, વસે છે સુખેથીરે.
સ્વામી ધામ તણે પ્રષ્ટ ભાગ ધન્ય, બન્યો ચોતરો મજાનોરે;
તેમાં આમલી સ્વરૂપ કરે છત્ર, શાસ્ત્ર કહે શેષ માનોરે.
ચાર થડો જુદાં બહારથી જણાય, મૂળ એક છે બધાંનુંરે;
ચીરંજીવ સ્વામી તણું મૂળ સ્થાન, દીસે દીવ્ય આ મજાનુંરે.
ચોતરા તણી સુચાર બાજુ માંહે, પ્રભુ દીવ્ય દેશ વાળારે;
આમલીની નિચે મંદીર વિશાલ, માંહે ગુરૂ શ્રી કૃપાળારે.
જેવાં આવી ઉભાં મંદીરને દ્વાર, હર્ષ હ્રદય માંહે પામીરે;
તેવા દીઠા સાંમે મુખે હા! શ્રીમાન દીવ્ય શઠકોપ સ્વામીરે.
બેઉ બાજુએ શ્રી વૈષ્ણવોની હાર, દીપ ઝાડ બે પ્રકાશેરે;
સુર્ય તુલ્ય કનક આસને કૃપાલ, દીવ્ય વિગ્રહ મય ભાસેરે.
સામાં વાજાં રૂડાં બહુ ભાંત વાય, ગાય ગવૈયા સુખેથીરે;
કરતાલ ગૃહી કરે દીવ્યગાન, એક સેવક સુખેથીરે.
વદે સંસ્કૃતમાં વળી કોઇ શ્લોક, વેદ વૈષ્ણવો ભણે છેરે;
દીવ્ય પ્રબંધનો પાઠ ત્યાં પઢાય, દીવ્ય ધામગાજી રહેછેરે.
કરે અર્ચકો વિવિધ ઉપચાર, ત્રીમંજન થવા લાગ્યુરે;
થઇ આરતી રૂડી ત્રણે પ્રકાર, જોઇ સુખ દુઃખ ભાગ્યુંરે.

પછી થયું સુગંધી સુતેલ સ્નાન, મળી પ્રસાદી સુ રીતેરે;
થયું હરિદ્રાતણું પુનિત સ્નાન, તે પ્રસાદ મળ્યો પ્રીતેરે.
થયું અષ્ટ કલશ સ્નાન, કુંભ સ્નાન વચ્ચે આરતીઓ થાતીરે.
જુદાં જુદાં વસ્ત્ર અને દીવ્ય ભવ્ય પુષ્પ માલીકા ધરાતીરે.
અભિષેક થયો જે સહસ્ત્ર ધાર, તે ચિતાર યાદ આવેરે;
ધન્ય ધન્ય થયો આજ અવતાર, એમ તકૈં ઉર લાવેરે.
તીર્થ રૂપ મળી પ્રસાદી પુનીત, ચિત્ત તણા દોષ ધોયારે;
યતિરાજ ગુરૂરાજને પ્રતાપ, આજ દીવ્ય સુરી જોયારે.
ચાલ્યાં ગયાં અમે મંદીરમાં ખાસ, ગુરૂ પાસ જઈ ઉભાંરે;
વિલોકીને પરી પૂર્ણ પરાંકુશ. હર્ષ સાગરમાં ડુબ્યાંરે.
મુલ મંદીર ત્યાં દીઠું સિધે હાથ, અચલ વિગ્રહ ત્યાં રાજેરે;
ઘનસ્યામ ગુરૂ બકુલાભીરામ, તેજનાનિધિ બીરાજેરે.
પાસે દીઠી આલવાર તણીહાર, શ્રીમધુર કવિ પ્યારારે;
લીધી આજ અમે ખરેખરી લ્હાણુ, ગુરૂ કૃપા નયન દ્વારારે.
પછી ગયા આદી નાથ પ્રભુ પાસ, બહાર ગરૂડજી બીરાજયારે;
ચેઠાં મંદીરમાં દીઠા ડાબે હાથ, ધણીખમાં અવધ રાજારે.
સાંમા શ્રી મધુર કવિ–મધ્ય માંહે, પ્રભુ ઉત્સવ તન ધારીરે;
એઉ બાજુ શ્રી ભૂ લીલા ગોદા, માત, ચાર રૂપ ચિત્તહારીરે.
મુખ્ય મંદીરે ઉભા શ્રી આદીનાથ, ઉગ્ર રૂપ તેજ ભારીરે;
ઘન શ્યામ ગલે શાલીગ્રામ માલ, શંખ ચક્ર ગદા ધારીરે.
એઉ બાજુ રૂપ સ્વરૂપે સમાન, શ્રીજી ભૂમી દેવી પ્યારીરે;
અહા! ધરી ઉરે ધ્યાન, ગુલતાન થાઉં જાઉં બલીહારીરે.
ફરી આવ્યાં ગુરૂ મંદીરની માંહે, સણગાર ત્યાં કરાયારે;

ભાત ભાતના આહાર તણા થાળ, ઠાઠપાઠથી ધરાયારે.
સર્વે ભોગ મળ્યાં લોક પુણ્ય શ્લોક, ગુરૂએ દર્શન દીધાંરે;
મળ્યો શ્રીમત શઠકોપ નેં પ્રસાદ, ગોષ્ટી તીર્થ રૂડાં પીધાંરે.
સાંમા કંચનને આસને કૃપાલ, શણગારીને બીરાજ્યારે;
લઘુ વેશ છે દીનેશ કોટી તેજ, આલવાર તીરરાજારે.
પ્રતિ સાલ પુરા પચીશ હજાર, સરકાર કરે સેવારે;
ધુમ ધામ પ્રતિદીન નવી બહાર, અનુનાથ જોવા જેવારે.
અષ્ટ દીવ્ય દેશ છે અહીં વિશેષ, બાર ગાઉ માંહે ફરતારે;
અમે ચાલ્યા ત્રિજે પહોર એજ કાજ આલવાર નગ્ર ફરતારે.
ચાલ્યા તામ્રપર્ણી તણે તીર તીર ત્રણ મૈલ ભુમી જ્યારેરે;
નદીપાર શ્રી વૈકુંઠ નગર રમ્ય, દીવ્ય દેશ દીઠો ત્યારેરે.
વડા વૈભવનું શ્રી વૈકુંઠ ધામ, ગ્રામ તણે મધ્ય ભાગેરે;
મોટા મંડપનેં મંદીર છે, અન્ય, ત્રણ પ્રકારમાં આગેરે.
છેલા ઉભા દેલ શ્રી વૈકુંઠ નાથ, દીવ્ય કનક કવચ ધારીરે;
રૂડું યૌવન સ્વરૂપ છે અનુપ, લઘુ વેષ ચિત્તહારીરે.
પ્રભુ ઉત્સવ સ્વરૂપ કૃપાનાથ, બહાર મંડપે પધાર્યારે;
કનક કવચ જડીત્ર મુકટ રત્નહાર, શણગાર શ્રેષ્ટ ધાર્યારે.
લીલો પોપટ પણ લીધો સીધે હાથ, ચારે દેવી સાથ સોહેરે;
સુશ્રૃંગાર પુષ્પહાર તણી બહાર, થકી સઘ મન .મોહેરે.
ઠાઠ મંડપનો વળી જોવા જોગ, લોક મળ્યાં ભાગ્યશાલીરે.
સ્વચ્છ શ્વેત ધામમાં બીલોર,કામ તણી ભભક ઘણી ભાળીરે;
રોશની, વિશાલ અરીસા, સુપુષ્યતણાહાર ઠામ ઠામેરે;
સ્વચ્છ કુંડ રમ્ય બાગ,લતા કુંજ, જોઈ ચિત્ત સુખ પામેરે.

પામી ત્યાંથી તીર્થ ચંદન પ્રસાદ, પૂર્વમાં પામાઇલ આવ્યારે;
ત્યાંહાં વિજ્યાસન પ્રભુ દેવી સંગ, બીરાજ્યા વનમાં ભાવ્યારે.
ગયા ત્યાંથી ડોઢ ગાઉ વધુ દુર, ભુમી પાસ પ્રભુ ત્યાં છેરે;
સુતા ચતુર ભુજ શેષ તણી સેજ, વિધિ ઉંડી નાભીમાં છેરે.
પાદ પાસ શ્રી ભૂભૃગુ, મારકંડ મુની સેવમાં બીરાજેરે;
ઘન સ્યામ રૂપ ધામ તેજ પુંજ, છબી અત્તિ દીવ્ય છાજેરે;
બીજે દીવસ પૂર્વ માંહે ઉભય કોસ, અમે જઈ ચઢયાં પ્રભાતેરે;
સુતા શ્રી દેવેશ ત્યાંહાં એ રીતેજ, શ્રી ભૂ ઋષી વિધિ સાથેરે.
મધુર કવી તણું અહીં જન્મ સ્થાન, ઉભા સંનીધી વિષે છેરે;
ગુરૂ જન્મ સ્થાન એક ગાઉ દુર, નદીને બીજે તીરે છેરે.
ત્યાંહાં બીરાજ્યા ચતુર ભુજા સ્વરૂપ, પ્રભુ અમ્બુજ અક્ષી પ્યારારે;
દીવ્ય મંદીરને એક ખુણે, ગુરૂ પ્રકટ થયા ધન્ય મારારે.
એઉ દીવ્ય દેશ દીઠા જોડાજોડ, પ્રભુ ચતુર ભુજા ત્યાં છેરે;
કહ્યું અતિ દીવ્ય જેમનું માહાત્મ્ય, શ્રી પ્રબંધ પાઠમાં છેરે.
એક દીવ્ય દેશ સર્વ થકી દુર છે, જરૂર જોવા જેવારે;
ધરી કનક કવચ બીરાજ્યા, શ્રી નાથ ચતુર ભુજા દેવ દેવારે;
રૂડો મંદીરનો દીઠો દોઠ માઠ, તીર્થને પ્રસાદ પામીરે;
કર્યા સુખે નવે દીવ્યે દેશ; ધન્ય ગુરૂ પરાંકુશ સ્વામીરે.
સમી સાંઝના શ્રી મંદીરની ધન્ય પુરી પ્રદક્ષીણા કીધીરે;
જતાં વેંત છેક બોલાવી, સ્વ પાસે શુધ સેવકની લીધીરે.
બેઉ બાજુ દીપે દીપ તણાં ઝાડ, બહાર હાંડી ઝુમરોનીરે;
આસપાસ બધે દીવાઓનો ઠાઠ, બ્હાર વડી દીવીઓનીરે.
અર્ઘ પાદ્ય ધુપ દીપ પુષ્પ હાર, છત્ર ચામરની સેવારે;

દીવ્ય રૂડી ત્રણે આરતી, પ્રતાપ પંકુશ દેવદેવારે.
મુલ વિગ્રહની કીધી સુખે સેવ, ઉભા ખાસ દ્વાર પાસેરે;
આદીનાથ ભલી ભાત રૂડી રાત પડે, નીરખીયા ઉલ્લાસેરે.
ફરીએજ સુખો મળ્યાં બીજે, દીન ચઢી સાંજની સવારીરે;
આદીનાથ બીરાજ્યા રૂડે વિમાન, છટા થકી શણગારીરે.
ફરી એક પ્રદક્ષણા વિષે સીતાનાથ, ગુરૂ પાસે ઘડી ઠેર્યારે,
મોકલાવી શઠ કોપ પુષ્પહાર, આપ મંદીરમાં હેર્યારે.
દઇ દર્શનને દીવ્ય શ્રી પ્રસાદ, આદીનાથ ઠાઠ સાથેરે;
પધાર્યા સુખે સ્વ મંદીરની માંહીં, થઇ નિત્ય ક્રીયા રાતેરે.
અહા! દર્શનનો સ્વાદ ઠાઠ પાઠ, ઘડી ઘડી યાદ આવેરે;
શઠ કોપનો પ્રસાદ દીન રાત, અનુને નહીં ભુલાવેરે.

શ્રીમત તોતાદ્રીનાથ ભગવાનની યાત્રા-

ઉત્સવ.

ગરબી.

"ઓરા આવો તો કહુ વાતડી બીહારીલાલ" એ દેશી

મંગલ હો જગનાથા તોતાદ્રીનાથ,
શ્રીવર વિધિના વિધાતા તો તાદ્રીનાથ.
નીરખ્યા સહુ સુખરાશી તો૦ શ્રી વઈકુંઠ નિવાસી તો૦
આલવાર તીર નગરેથી તો૦ નીકળ્યાં પગ રસ્તેથી તો૦
પચીસ માઘલે આલ્યાં તો૦ અણધાર્યાં સુખ આલ્યાં તો૦

શત્રીના દસ વાગે તો૦ ઉતર્યા મંદીર આગે તો૦
બીડ દીઠી અતી ભારી તો૦ ત્યાં આવી પ્રભુની સ્વારી તો૦
હય હાથીને વાજાં તો૦ સેવામાં જન ઝાઝાં તો૦
હેમને હય રૂપાળો તો૦ નાચ તો કુદતો ભાળ્યો તો૦
તે પર આપ બીરાજ્યા તો૦ વામનમામલ મહારાજા. તો૦
જમણે કર ગૃહ્યો ભાલો તો૦ લાંબોને અણીયાળો તો૦
લગામ ડાબે હાથે તો૦ ચાલ્યા રથ વિથિ વાટે તો૦
વસ્ત્ર ભુષણ ભારી તો૦ ઝલ હલતાં ચિત્તહારી તો૦
ચમકતાં નંગ દેખી તો૦ ગૃહગણે તજી શેખી તો૦
નખ શીખ શોભા સારી તો૦ બલીહારી બલીહારી તો૦
લક્ષ્મી જમણે હાથે તો૦ ચાલ્યાં આવે સાથે તો૦
શેષ વાહન કરયું જ્યારે તો૦ કનક ફણે છત્ર ધારે તો૦
માવડી બેઠાં સુખેથી તો૦ વરણી ન શકું મુખેથી તો૦
શોભીતા શણગારે તો૦ વડા કુસુમના હારે તો૦
જોડી જોવા જેવી તો૦ દેવ નાયક શ્રી દેવી તો૦
અનુએ ઉરમાં ઉતારી તો૦ તન મન નાંખ્યાંવારી તો૦
ઉઠયાં ઉગતે પ્રભાતે તો૦ નીકળ્યાં તીરથ માટે તો૦
ગોપુર પાસે દીઠો તો૦ ક્ષીર સાગર શ્વેત મીઠો તો૦
સર બાંધેલું સારૂં તો૦ મોટું મનહરનારૂં તો૦
સ્વયંવ્યકત કૃપાથી તો૦ પ્રકટયા પોતે ત્યાંથી તો૦
ભ્રગુ અને મારકંડે તો૦ તપ કીધું આખંડે તો૦
તેથી હરિ સુખરાશી તો૦ આવ્યા વઇકુંઠ વાસી તો૦
નીરખ્યા નયને પ્રેમે તો૦ નવવરણાએ ક્રેમે તો૦

ચતુર ભુજ ચિત્ત હારી તો૦ શંખ ચક્ર ગદા ધારી તો૦
શેષ આસનપર રાજે તો૦ શ્રી, ભુમી સંગછાજે તો૦
બે બાજુ બેઉ નારી તો૦ છે ચાંમર કરનારી તો૦
રવિશશી બેઉ પાસે તો૦ સેવતા ઈશ ઉલ્લાસે તો૦
વિશ્વકસેન દયાળા તો૦ સામા ગરૂડજી વ્હાલા તો૦
નીજ નવ જનની સાથે તો૦ નીરખ્યા નાથ પ્રભાતે તો૦
પ્રદક્ષીણા જદા કીધી તો૦ કુંડી તેલની દીઠી તો૦
તલનું તેલ રૂપાળું તો૦ પ્રભુને અતીશય વ્હાલું તો૦
નિત્ય ઘડા ભરી ન્હાએ તો૦ તેલને અતીશય ચ્હાએ તો૦
વાવ ભરી છે પ્રસાદી તો૦ કાપે વ્યાધી ઉપાધી તો૦
બીજી પ્રદક્ષીણા ભારી તો૦ ત્યાં દર્શન દુઃખહારી તો૦
જમણી છે યજ્ઞશાળા તો૦ ત્યાં ગણુ નાયક વ્હાલા તો૦
શ્રીજી મંદીર ત્યાં છે તો૦ અચળ રૂપ તેમાં છે તો૦
મુની મંડલ પછવાડે તો૦ આવ્યા સહુ શુભ દહાડે તો૦
ડાબી ગગરામ સ્વામી તો૦ ગોદામા સુખ ધામી તો૦
રામાનુંજ ગુરૂ ભાળ્યા તો૦ આલવારોને નોહાળ્યા તો૦
ત્રીજી પ્રદક્ષણા ભારી તો૦ મંડપ મસ ચિત્તહારી તો૦
મઠ છે મંદીર પાસે તો૦ આજ ત્યાં ઉત્સવ ભાસે તો૦
યતિવરનું ઘર સારૂં તો૦ પીયર શ્રી તણું પ્યારૂં તો૦
વરસમાં ત્રણ વારે તો૦ સાસરે પ્રભુજી પધારે તો૦
સસરા સેવ કરે છે તો૦ બહુ વિધ ભેટ ધરે છે તો૦
આજનો ઉત્સવ એ છે તો૦ ભભકો મઠને વિષે છે તો૦
મઠ રંગ્યો ચિત્તહારી તો૦ શોભા કીધી ભારી તો૦

બીલોર ક.મ મજાનું તો૦ ગોઠવ્યું ત્યાં મન માન્યું તો૦
શુભ આસન મધ્યે ભાગે તો૦ હાથી દાંતનું રૂડું લાગે તો૦
ઉપર ચાંદની તાણી તો૦ વૈભવ ન સકું વખાણી તો૦
સહુ સાહીલ મહા ભાગે તો૦ મુકી મંડપ આગે તો૦
અન ફૂળ સરવ તરેહનાં તો૦ ન્યુતન વસ્ત્ર ઘરેણાં તો૦
કોઇ વસ્તુ નવ બાકી તો૦ કશી ન ખામી રાખી તો૦
એ જોતાં નર નારી તો૦ ત્યાં આવી ખાસ સ્વારી તો૦
પાલખી કંચન કેરી તો૦ મંડપ આગળ ઠેરી તો૦
શોભા કીધા ઘણેરી તો૦ જોયું અંદર હેરી તો૦
જમણાં બેઠાં માતા તો૦ ડાબા છે જગનાથા તો૦
જોડી જોવા જેવી તો૦ આંખમાં ઉતરે એવી તો૦
બે વિગ્રહ ચિત્તહારી તો૦ ભૂષણુ ભપકો ભારી તો૦
એકથી બીજું ઓપે તો૦ બે મળી બમણાં શોભે તો૦
સામે સ્વચ્છ અરીસે તો૦ શોભા ચોગણી દીસે તો૦
રાહજીત તીર્થ આપી તો૦ દરશન દઇ દુઃખ કાપી તો૦
ચાલી ઝડપે સ્વારી તો૦ જોઈ રહ્યાં નર નારી તો૦
પુર માંહી ફરી આવ્યા તો૦ સહુએ સ્નેહે વધાવ્યાં તો૦
મઠમાં ઉતારી સ્વારી તો૦ ત્યાં આવ્યા આચારી તો૦
આવ્યાં ત્રિદંડ ધારી તો૦ ધાઇ આવ્યાં નરનારી તો૦
જરીન પડદા ઝળકે તો૦ ચાંદી વાસણ ચળકે તો૦
સામગ્રી અતી સારી તો૦ ગોઠવી ન્યારી ન્યારી તો૦
અર્ઘાદિ દઇ પ્રીતે તો૦ થાળ ધર્યો શુભ રીતે તો૦
ગોષ્ટી થઇ પ્રભુ આગે તો૦ વાજાં વિધવિધ વાગે તો૦

ત્રિભંજન થવા લાગ્યું તો૦ ભળે બધું મેં માગ્યુ તો૦
સ્વામી શ્રીજી સંગે તો૦ બેઠા અધિક ઉમંગે તો૦
સાથે દંપતી ન્હાયાં તો૦ અભિષેકે ભીંજાયાં તો૦
એ શોભા એ રીતી તો૦ કહેતાં જાય વચત્રીતી તો૦
પાછો થાળ ધરાયો તો૦ ગોષ્ટીમાં વહેંચાયો તો૦
પ્રબંધ પાઠ ભણાયો તો૦ ભભકો ભવ્ય જણાયો તો૦
પછી નીવેદ ધરાયો તો૦ પ્રસાદ સૌને અપાયો તો૦
પછી જે સસરે દીધા તો૦ તે શણગારો કીધા તો૦
ઉઘડ્યાં દરશન જ્યારે તો૦ શોભા શી કહું ત્યારે તો૦
સાલ્લ દુપટો સાડી તો૦ જરનો ભભકો ભારી તો૦
રત્નોના શણગારે તો૦ નખ શીખ શોભાભારે તો૦
મોતી હાર હરિના તો૦ શ્રીને નીલમણીના તો૦
વિધવિધ ફુળ પછી ચાખ્યાં તો૦ નીરજન કાજે રાંખ્યાં તો૦
છબને નીકળી સ્ફારી તો૦ શશી વાહન સુખકારી તો૦
બેઠાં છે બેઉ સંગે તો૦ વારી જાઉ અંગે અંગે તો૦
છત્ર બેઉ શીર છાજે તો૦ શોભતી જોડ બીરાજે તો૦
આવ્યા રથની પાસે તો૦ ઘડી ઉભા ઉલ્લાસે તો૦
રથને જોયો ધારી તો૦ દીધી શોભા ભારી તો૦
ચાટે છે રૂપાળો તો૦ ઉંચો ખટ ચક્રવાળો તો૦
ચાર ઘોડા વળગાડ્યા તો૦ સારથીને બેસાડ્યા તો૦
ધ્વજા પતાકા ઝાઝાં તો૦ ઉપર વાગે વાજાં તો૦
કીધી કુંજ રસાળી તો૦ ઠરતાં નેન નીહાળી તો૦
બાંધી છત પીછવાઇ તો૦ ગાદી તકીઆ માંહી તો૦

આં છેલી દેવ દાસી તો૦ કરે ચમર થઈ ખાસી તો૦
રથને જોયો ધારી તો૦ પુરણુ જોઇ તઇયારી તો૦
ખડગ ઢાલની સાથે તો૦ મોકલાવી રથ માથે તો૦
પોતે સઘ સીધાવ્યા તો૦ પુરણુ માંહે ફરી આવ્યા તો૦
ઉઠયા મોટા પ્રભાતે તો૦ આવ્યા દેવીઓ સાથે તો૦
રથની સેવા કરાવી તો૦ શુભ અટારીએ આવી તો૦
જઇને આપ બીરાજ્યા તો૦ જય હો જગના રાજા તો૦
અનંત ઉરમાં રહેજો તો૦ દરશન પાછાં દેજો તો૦

પદમનાભ જનાર્દન નંબીનારાયણ વગેરે મલબારમાં મહાયાત્રા

લાવણી.

ઓનો તાદ્રીથી પગ રસ્તે ચાલ્યાં પંડયાની સંગે,
પદ્મનાભને જનાર દનનાં દરશન કરવા ઉછરંગેરે;
આઠ માઇલે પહેલે દહાડે આવ્યા નંબી નારાયણ,
પતીતપાવન જય મંગલહો પદ્મ નાભને જનાર દન. ૧
નંબી નારાયણને નામે પાંચ સ્વરૂપ હરીનાં છે,
એક નદીપર ત્રણ રૂપાળાં એ નાની નગરીમાં છે;
ખડ માઇલ છે ગીરિવર ઉપર પ્રભૂ પાંચમા કરૂણાયન
પતીત પાવન જય મંગલહો પદ્મ નાભને જનારદનુ ૨

મંદીર છે નગરીમાં મોટું, મંડપ ગોપુર ભવ્ય અતિ.
તેમાં મધ્યે ત્રણેનુ મંદીરો ઉભાં, એકજ હાર પ્રતિ;
ઉભા બેઠા સુતા એવા ત્રણે, ઘનસ્યામ શ્રીમન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૩
મુખ્ય પ્રભુ પહેલા ઉભા તે, ભાષ્યકારના શિષ્ય થયા
નંબી એવા નામે ગુરૂએ, શિષ્ય કરી તેમને કહ્યા.
તેથી નંબી નારાયણને નામે, કહે જગતના જન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મનાભને જનારદન ૪
ચતુરભુજા ઉભા છે સ્વામી, શંખ ચક્રને ગદા ધરી;
ભવ્ય ભભકવાળાની કંઠે, શાલી ગ્રામ માલબસરી.
શ્રી, ભૂમી, બે પાસે ઉભાં, મારકંડ ભૃગુ કરે સ્તવન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૫
એજ રીતે સુતા સ્વામી છે, શેષ તણી સજ્યા માથે;
શ્રી, ભૂમી, ને ઉભય મુનીવર, સેવામાં શોભે સાથે.
બેઠા સ્વામી એજ રીતના, નદી તટે ઉભા વામન
પતીતપાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન. ૬
સેવીને નંબી નારાયણ, પંના ગુડી રહીને રાત;
ત્રીપતી સારધામ શ્રીવરને, આવ્યા વીત્યું સાંજ પ્રભાત.
ત્યાંથી મંદીર માંહે બ્રાહ્મણ, મધ્વસ્માર્તકરતા પુજન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનાદરદન ૭
ત્રિપતી સાર ચતુર ભુજ સ્વા,મી બેઠા કર આયુધ ધારી;
બે પડખે છે શ્રીજી ભૂમી, બે દેવી નીશદીન પ્યારી.
જમણા વિશ્વક સેન બીરાજે, ડાબે પડખે રઘુનંદન;

પતીતપાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૮
એક પ્રહરમાં વિવિધ વાહને, ફરીઆવ્યા શ્રીવર સ્વારી;
આરોગીને થાળ કરી રથ પર ચઢવાની તઇયારી.
રથે બીરાજ્યા શ્રીજી ભૂસહ, નીરખીને હરખાયું મન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૯
રાત રહી પદ્મ નાભ ગામે, ગયા પ્રભાતે આદી કેશ;
પદ્મ નાભ પોઢયા અહીંયાં પણ, આપણુ એવાજ દીવ્ય દેશ.
પુર સમીપ સરીતા છે સુંદર ગણાય તીર્થ અતિપાવન
પતીત પાવન જય મંગળ હો, પદ્મ નાભને જનારદન ૧૦
ઝડપ કરીને ત્યાંથી ચાલ્યા, આવી રહ્યા મસ્કરે રાત;
પ્રસાદ લઈને ત્યાંથી નીકળ્યા, સાંઝે થયું હૃદય રળીયાત
જતાં વેંત દેવાધિ દેવે, દીધાં મન માન્યા દરશન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૧
ત્રાવણુ કોર રાજ્ય માંહે આ ત્રીવાન દ્રમ રાજાનું સ્થાન.
દેશ લીલો મલબાર મનોહર, વગડો જેનો છે ઉદ્યાન;
પ્રતિ સાલ દશ લાખ પુન્યમાં, ખરચે છે અહીંનો રાજન
પતીત પાવન જય મંગલ હો, પદ્મનાભને જનારદન ૧૨
મોટાપુરના મધ્ય ભાગમાં રાજ્ય ધણીનો વડોદમામ
અર્ધ ભાગમાં મંદીર આદિ, અર્ધ માંહે નૃપતિનાં ધામ
દીવ્ય દેશ આ નિજગ્રહ મંદીર જેવું ગણે નૃપો નિજમન
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૩
રાજ્ય ધણીના મોટા દ્વારે, ખુલ્લે પગ પહેરા દીસે.
અંદર સર પેસતાંજ સુંદર, જમણે કર પુનીત અતીશે.

સામું ઉભું નવ કળશો સહ ગોપુર જઈને અડયું ગગન
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૪
જતાં વેંત પેઠાં મંદીરમાં, અંદરની શોભા ન્યારી.
ચારે તરફ રૂડી ફરતી છે, ભોજન શાળ મહાભારી;
બારે માસ ગમે તેવા પણ, બ્રાહ્મણ માત્ર કરે ભોજન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૫
ફરતી સડક પ્રભુ સેવા કરતાં, સેવકને ફરવાની
ચારે ગમ ભીંતો સાથે, દીપમાળ દીવા કરવાની.
રાતે થાતી દીવ્ય રોશની, નીરખીને જંખાય નયન,
પતીત પાવન જય મંગલ હો; પદ્મ નાભને જનારદન ૧૬
મોટા દ્વારે ધ્વજ સ્તંભ, જય વિજય ગરૂડ હનુમાન રહે
દીપ માળ મંદીર દ્વારોમાં, વિવિધ હારમા ચિત્ત ચહે;
સાત કળશવાળા મંદીરમાં, પોઢયા પદ્મ નાભ શ્રીમન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૭
જમણું શ્રી નૃપસિંહનું મંદીર ચતુર ભૂજા શોભે પ્યારા;
ડાબા શ્રી રામ લક્ષ્મણ, સીતા સદા સત્ય માલીક મારાં
અંદર વિશ્વક્સેન બહાર, ગોપાલ પ્રભુનું વડુ ભુવન.;
પતીત પાવન જય મંગળ હો, પદ્મ નાભને જનારદન ૧૮
ત્રણ વાર શેવક શીર બેસી, પ્રદક્ષીણા પોતે કીધી;
હેર્યા બહાર ત્યાંજ અમોને એ રીતે જાંખી દીધી.
પછી તુરત અંદર તેડાવી, તૃપ્ત કર્યાં તન મન લોચન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૧૯
નીચે દુર ઉભા રહીને, સાધારણ દરશન સહને થાય

ખાસ રજા લીધાથી ઉપર, દ્વાર પાસ જન થકી જવાય
પૈસાનું અહીં કશું ન ચાલે, વગને વશ મોઘાં દરશન;
પતીતપાવન જય મંગલ હો. પદ્મ નાભને જનારદન ૨૦
ગયાં તુરત તેડાવ્યાં ઉપર, હરિતણી વગ અને પીછાણુ.
ત્ર્ઈણુ દ્વાર ખોલવી દીધી, દીપ મદદથી દરશન લ્હાણુ;
આંખ સમીપ સ્વરૂપ ફરે, એ સંભારે છે એ સુખમન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૨૨
છેલા દ્વારે ત્રીવડી સેવા, ઘનસ્યામ પ્રભુની કીધી.
વચલા દ્વારે નાભિ અબ્જને બહ્માની ઝાખી લીધી.
પ્રહેલા દ્વારે સુંદર મુખપર, વારી નાંખું તન મન ધન;
પતીન પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૨૨
ચરણુ કલમ મોટાં ચિત હારી, ઘનસ્યામ જોડી પ્યારી
સુંઢ સમી સાંથળ ઢાંકી છે કંચન કવચે ચીત હારી.
નાભી માંહે કમળની ડાંડી, નાજુકડી લલચાવે મન.
પતીત પાવન જય મંગળ હો, પદ્મ નાભને જનારદન. ૨૩
કમળ વિષે અજ આડખે પડખે, સમસ્ત સુરસેવા કરતા
વિશાળ વક્ષ સ્થલનો ભભકો દેખી દૈત્યો થરથરતા
કંબુકંઠે કનક કાંઠલો, ઉપર મુખની શોભા ધન્ય;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૨૪
અણીયાલી લાંબી છે આંખો, તીણું ઉંચું તેવું નાક;
કુમળા ગાલ વિશાળ ભાલની, પ્રભા અલૌકીક દીવ્ય અગાધ.
કીરીટને કરની બલીહારી નીરખ્યાથી ન ધરાય નયન;
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારદન ૨૫

શાંત સ્વરૂપે સુખથી પોઢયા, અનંત ઉપર શયન કરી;
નિલ મેઘસમ વરણુ મનોહર લાવણ્યતા અપાર ભરી
અંગ અંગની શોભા ઉપર, આત્માવારી કરે નમન.
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનાર્દન ૨૬
ભોગ મુર્તીઓ ત્રણે વચલા દ્વારે સુંદર દેખાતી
શ્રી ભુમીની વચ્ચે સ્વામી, ઉભા જોઈ ઠરે છાતી.
ઝળ હળતાં તન ભુષણુ સુંદર જડીત્ર કંચન સિંહાસન
પતીત પાવન જય મંગળ હો, પદ્મ નાભને જનારદન ૨૭
એક ઘડીની લ્હાણુ અનુપમ યાદ આવતી ફરી ફરી
નીરખ્યા મસ પણુ મન છે તરસ્યુ પાછા દેખું કદા હરી;
જેમ તેમ મન વાળ્યું હમણાં ખબર ફરી લેજો શ્રીમન
પતીત પાવન જય મંગલ હો, પદ્મ નાભને જનારધન.
જુદું ધામ શ્રી જનારદનનું છત્રીસ માઈલ જળે જવાય,
નાની હોડી નેહેર મનોહર એક રાતમાં ત્યાં લઈ જાય;
રસ્તે ઉભય બાજુએ દીઠાં ફાલ્યાંફુલ્યાં શુભ ઉપવન,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભ જનારદન. ૨૯
ગામ લઘુ પણુ ધામ વડું છે જનાર દનનું જગત વિષે,
ક્રીયા માત્ર એની પ્રીતીને માટે કરતા વિપ્ર દીસે;;
ચરણુ ગયાજીમાં તે જાતે અહીંઆં ઉભા દે દરશન,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન. ૩૦
ચક્ર તીર્થે નીચે છે સુંદર તીર્થો તેમાં ઘણાં મળે,
સમુદ્ર તીરે પાપ નાશની આદિ તીર્થે પાપ ટળે;
સમુદ્ર સ્નાન તણુ મહાત્મ પણુ જાણી ન્હાયાં થયાં પ્રસંન,

પતીત પાવન જય મંગલહો પદ્મ નાભને જનારદન ૩૧
પચાસ સાઠ ચઢયા પગથી તવ ત્યાં મંદિર દીઠું પ્યારૂં,
ભોજન શાળા દીપ માળનું કામ -હદયને હરનારૂં;
સામા પીપળ રૂપે ઉભા બ્રહ્મ પુત્રો આઠે ધન્ય,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન ૩૨

મધ્ય માંહે નાજુકડે મંદિર જતાંવેંત દીઠા સ્વામી,
અભિષેકનાં દરશન દીધાં વૃત્તી મસ તુપ્તી પામી;
તીર્થ પ્રસાદ દઈને દીધાં રાજ ભોગનાં પણ દરશન,
પતીતપાવન જય મંગલહો પદ્મ નાભને જનારદન. ૩૩
સંધ્યાએ શ્રીમન જનારદન નીરખ્યા પાછા પેટ ભરી.
પદ્મ નાભની ખામી પ્રેમે આ સ્વામીએ પુર્ણ કરી;
ફરી ફરી દરશન તીરથ દઈ અમને કર્યા આત પાવન,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન ૩૪
નાનકડા નવ યૌવન વાળા ધન સ્યામ ઉભા સ્વામી,
ચરણ મનોહર લાલ વસ્ત્રને કંચન કાંચી વિણ ખામી,
નાભીથી કંબુ કંઠ સુધી ભુષણમય ચમકે કંચન,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન. ૩૫
શંખ ચક્ર કર વિષે કનકનાં રાજીવ લોચન મનહારી,
મંદ સ્મીત ચિત્ત ચોર રૂપાળા ભાલ ભાલ પર બલીહારી;
કુંડળને કીરીટ માંહે પણ ઝઝમગતું દીસે કુંદન,
પતીત પાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન. ૩૬
નખ શીખ શોભા નીરખીનયને ચિત્ત માહે લીધા ચોરી,
પ્રભાત માંહે નગરમાં પાછાં આવ્યાં અમે કરી હોડી,

વરાહ તીર્થે સ્નાન કરીને અનંત રંક થયાં સહું ધન્ય,
પતીતપાવન જય મંગલ હો પદ્મ નાભને જનારદન. ૩૭

શ્રી રંગનાથ મહીસુર દેશમાં શ્રી મેલકોટા દક્ષિણ બદ્રીનારાયણની મહાયાત્રા.

પહેલીવારનો અનુભવ ગરબી.

"ત્યાં પુરૂષ એક પુરૂશોતમરે બીજી સરવે છે નારી એ દેશી"
મેલકોટે જાત્રા જાવારે, મહીસુર દેશ ભણી વિચર્યા;
બેંગલોરમાં રાત રહીનેરે, શ્રી રંગપટનમાં ઉતર્યા.
ત્યાં નરસિંહજીને મંદિરરે, મંડપ છે ઉતરવાને;
ઉતારો ત્યાંજ કરીનેરે, ચાલ્યાં દરશન કરવાને.
સામા નરસિંહજી બેઠારે, સાદુ સ્વરૂપ છે સુંદર;
અલવારોનાં ને બીજાંરે, ફરતાં છે અંદર મંદર.
એ મંદીરની પછવાડેરે, ગોપુંર ઉંચું એક દીસે;
ત્યાં ધમધમાટ સંભળાએરે, સરીતા વેગ તણો અતિશે
એ સરીતા તે કાવેરીરે, વહે છે મંદીરની પાસે;
એ મંદીર શ્રી રંગજીનુંરે, ફરતો કિલ્લો ચે પાસે.
આ આદિ શ્રી રંગજી છેરે, મધ્ય શ્રી રંગ બીજે કહી છે;
પ્રભુ અંત શ્રીરંગ દયા નિધિરે, ખાસ શ્રીરંગમની મહીછે.
એકથા સુણી સેતકથીરે, નીરખ્યા શ્રી રંગ નાયકને
પ્રભુ શેષ સજ્યા પર પોઢયારે, વર્ણન મુખે કહે નખને.

ઘન સ્યામ ચૂંડી ભૂજ દયાળુરે જમણો કર મૂક્યો અસીસે;
શીર મુગટ કાનમાં કુંડલરે, કનક તીલક ભાલે દીસે.
અણીયાળી લાંબી આંખોરે, અમૃત ભરી દયાવાળી;
તનપર તેજ છે અનોખુંરે, વદન પ્રભા અદભૂત ભાળી.
ત્રણ ભોગ મુર્તીઓ તેવીરે, શણગારો શોભાવે છે;
વચમાં પ્રભુને બે દેવીરે, બે બાજુ દીપાવે છે.
ધન્ય રંગનાથ કરૂણાબ્ધેરે, સેવકની ફરી શુધ લીધી;
પોતાને બીજે રૂપેરે, આજ દૈવી ઝાંખી દીધી.
ધન્ય ધન્ય માત કાવેરીરે, ત્રીજીવાર કર્યો પાવન;
નથી તેથી તૃપ્ત થયો હુંરે ફરી ફરી દેજો દરશન
પ્રભુના મંદીરની પુઠેરે, ડાબુ શ્રીજી મંદીર છે
ત્યાં આગળ ભોગ દીવ્ય વિગ્રહરે, બંને મનહર સુંદર છે.
વચમાં બાલાજી મંદીરરે, અદ્દભુત છબી ફાંકડી છે;
શણગારો સાથે કમરેરે, કટાર બાંધી વાંકડી છે.
દીવ્ય દેશની રીત પ્રમાણેરે, ફરતા પવિત્ર અલવારો;
સંધ્યા આરતીની વખતે રે, ઠાઠ ઘણો થાએ સારો.
દીવાની હાર જગે જગરે ઘણી હાંડીઓ પ્રકટે છે;
કર થાળીમાં લઈ દીવારે દેવ દાંસી ઉભી રહે છે.
વળી બજે મશાલો જુદીરે, મંદીર ઝગ મગાટ દીસે;
વાજાં વિધવિધ નાદોથીરે, ઘોર કરે છે ત્યાં અતીશે.
એ લીલા નયને નીરખીરે દીવ્ય દેશ પુરો કીધો;
પછી વહાણે મેલકોટાનોરે, ગાડી કરી મારગ લીધો.
છે ચોવીશ માઈલ પુરારે, પણ રસ્તે સીધી સડકે

છે પહાડી રસ્તે કપરોરે, નબળા બળધ ત્યાંહાં નટક્કે.
ત્યાં લાગે શરદી જબરીરે, નિત્ય હવા રહે છે ઠંડી
છે ધામ પહાડની ઉપરરે, ઉન્હાળે બહુ આનંદી.
શ્રી નરસીંહજીનું મંદિરરે, છે એક ઉચા પહાડ ઉપર;
બેગાઉ દુરથી પહોંચેરે, યાત્રાળુની ત્યાંહાં નજર.
મેલકોટા ગામ છે મોટુંરે વસ્તી શ્રી વૈષ્ણુવ જનની;
થાય તે પ્રભૂના દાસોનાંરે, દરશનથી શુદ્ધી મનની.
એ પહાડ રસ્તે ચઢતાંરે, પહેલાં આવે કલ્યાણી;
છે સુંદર સર બાંધેલુંરે, મહીં પાવન કરતા પાણી.
ચોપાસ મંડપો રૂડારે, એક બાજુ ગીરી નૃસીંહનો
મધ્યાન સુધી ત્યાં જાએરે, દરશન કરવા ઘણા જનો.
છે ત્રણુસેં સાંએઠ પગથીરે, વચમાં રૂડા વીસામા છે;
ત્યાં હનુમાનજી ઉભારે, ચોકી કરતા સામા છે,
છે પહાડ ટોચ પર ગોપૂરરે, મંદીર ઉંચું મનહર છે;
નીચે ખુબી જોવાનીરે, નયનોનેં આનંદ કર છે.
મંદીરની મધ્ય બીરાજ્યારે, નૃસીંહ પલાંઠી વાળી;
રૂપ ઉગ્ર ચતુરભુજ મુર્તીરે, ભભકદાર બારે ભાળી
છે શંખ ચક્ર બે કરમાંરે, શણુગારો અંગે સારા;
ધુપ દીપ ધુમ છે જબરારે બહુ જનસેવા કરનારા
અહીંથી ચોખું દેખાએરે મેલકોટા સઘળું સુંદર
મધ્યે મનહરનું ઉભુંરે, શ્રીમન નારાયણ મંદીર
સામાંજ મળે ઘર ભાડેરે, અમે ઉતર્યા ત્યાં રાતે;
દરશનની ખુબી લેતારે, રાતેને વળી પ્રભાતે.

પ્રભુ સનકા દીકને પ્રત્યક્ષરે, દક્ષિણ બદ્રિનારાયણ;
બહુ ઠાઠ દીઠો મંદીરનોરે, સેવામાં હે સામટાજન.
ચોકી પહેરાના ચાકરરે, પ્રથમ દ્વાર ચોકી ભરતા;
વળી કામદાર ત્યાં બેસેરે, મંદીરનો વહીવટ કરતા.
છે અંદર ધામ પ્રભુનુંરે, ડાબા રામાનુજ સ્વામી;
નિત્ય રહે સેવામાં હાજરરે, પ્રભુની પાસે ગુણ ગ્રામી.
પ્રભુ મંદીરની પછવાડેરે, લક્ષ્મીજીનું મંદિર છે;
છે દીવ્ય વિગ્રહ દુઃખ હરતારે, મનહર શોભા સુંદર છે.
ત્યાં છે બીજા અલવારોરે. ભકત પ્રભૂના બહુ પ્યારા;
મંદીર પર રૂપ પ્રભુનાંરે, ઉભા છે ન્યારાં ન્યારાં
મંદીરે પેસતાં ડાબુંરે, સંપત કુમારનું મંદીર;
જગણે મહીસુરનો રાજારે. ભકત પ્રભુનો છે અંદર.
સામા શ્રીમન નારાયણરે, સોળ વર્ષના સ્યામ દીસે;
શંખ ચક્ર ગદા કર ધારીરે, રહેજો નિશદીન ચિત્ત વિષે
એ દીવ્ય વિગ્રહની કાંતીરે, અનહદ અનહદ અનહદ છે;
એ મુખની શોભા આગળરે, શોભા વિશ્વની સહુ રદ છે.
શણગાર શરીરે તેવારે, શાલીગ્રામ માળા બહારી;
કંચન હીરા માણેકનીરે, કાંતીમાં કાંતી પ્રસરી.
નખશીખ શણગારનું વર્ણનરે, કરવાને હું અશક્ત છું
ધન્ય ધન્ય દયાનધિ સ્વરૂપરે, અનહદ છે બીજું કહું શું?
પ્રભુને પુષ્પો બહુ વહાલાંરે, ધારણ કર્યા ઘણાં શરીરે;
વળી નવી માળાઓ ગુંથીરે, સેવક ધરે ધીરે ધીરે.
ધુપ ઉત્તમ છે ઘસ મસતોરે સુગંધ માહે સુગંધ ભરે;

મંદીરમાં પગલું ધરતાંરે, ગંધ નાશીકા તૃપ્ત કરે.
આ અચળ મુર્તી નારાયણરે, વક્ષ સ્થળમાં છે શ્રીજી;
ચરણોમાં સાળો શાહનોરે, રાખ્યો છે પોતે રીઝી.
દર ટંકે સાત આરતીરે, જુદીજુદી થાએ છે;
વળી સહસ્ત્ર નામે પ્રભુનેરે તુલશી પુષ્પ ધરાએ છે.
વાગે છે વિધવિધ વાજાંરે, દેવ દાસીઓ ગાએ છે;
દીપમાલ મશાલ હાંડીઓરે રાતે રૂડાં જણાએ છે.
ત્યાં સ્તુતી કરે સહુ વૈષ્ણવરે, વેદ સ્તોત્ર ભણાએ છે;
એ ખુબી ફરી નીરખવારે, અનંતનું મન થાએ છે.

સંપત કુમાર અથવા ચલપલરાય–ઉત્સવ ની થોડી કથા.

પદ કાફીનું " શરણતને ભગવાન " એ દેશી પર

જય પ્રભુ ચલપલરાય સંપત કુંમાર શ્રીવર;
જય પ્રભુ ચલપલરાય ટેક.
દ્રાવીડમાંથી દીવ્ય વિગ્રહ લઈ ગયો દિલ્લીનો શાહ,
પાવન કરવા પૂત્રી તેની રહ્યા ત્યાંહાં જગરાય;
જાણે ભેદ વીરલા નર, જય પ્રભુ. ૧
શાહને હતી લાડકી પુત્રી કરવા તેને પ્રસંન
સુંદર સ્વરૂપ જોઈ સ્વામીનું આપ્યા હરખ ધરી મન;
રમવાને ધરણીધર, જય પ્રભૂ. ૨

બીબીને પ્રભુ બહુ પ્રીયા લાગ્યા પુર્વે જન્મ સંસ્કાર,
પ્રભુને લાડ લડાવે વિધવિધ કરે સેવા ધરી પ્યાર;
પ્રીતી વધી પરસ્પર. જય પ્રભુ. ૩
રમતામાં શણગાર ધરાવે ધરે રમતમાં થાળ,
પોઢાડે ઓઢાડે પ્રેમે રાખે બહુ સંભાળ;
સેવા કરે ખરેખર, જય પ્રભુ. ૪
રાજા જાણે રમત કરે છે છે ઢીંગલી પર પ્યાર,
પુત્રી મનથી નાથ ઓળખી ગણે પ્રાણ આધાર;
અતુલ પ્રેમ છે પ્રભુ પર, જય પ્રભુ ૫
તેવામાં રામાનુજ સ્વામી હતા મેલ કોટેજ.
વાત સુણી પ્રભુ અસુર ઘેર છે વિચાર કીધો એજ;
લઈ આવું અહીંભુધર. જય પ્રભુ. ૬
ચાલ્યા શૈન્યા લઇ સામટી આવ્યા દીલ્લી પાસ.
રાજ બતાવી મળ્યા શાહને કરી માગણી ખાસ;
આપ અમારા મનહર. ૭
શાહે હુકમ કર્યો દેખાડો સહુ મુર્તીઓ સત્વર,
એ એની લઈ જાએ ઓળખા ટળે લઢવાનો ડર
ચિત્તમાં હતી. બહુ ફીકર. ૮
મુર્તી બહુ ખોળી પણ ન મળ્યા મનના ધાર્યાનાથ.
રાજ મહેલ ગોતીને થાક્યા સ્વામી જન સંગાથ;
ઉચાટ સહુના મનપર. જય પ્રભુ. ૯
જનાન ખાનામાં ન જવાએ એ રજવાડી રીત;
પ્રભુ હતા બીબીની પાસે કો નવ જાણે ચીત,

તેથી જડયા ન સત્વર જય પ્રભુ. ૧૦
બોલ્યો અસુર બટક બોલો જો સાચો છે તુજ દેવ.
બોલાવો આપથી આવશે અહીંઆં એ તતખેવ;
સાદ દીધો હે દુઃખહરા જય પ્રભુ. ૧૧
ત્રણવાર બોલાવ્યા તેવો સુણ્યો ઠમકતો નાદ.
રૂમ ઝુમ ચાલી આવ્યા પ્રભુજી ભરતા ધીમે પાદ.
ખમાખમા કરૂણાકર જય પ્રભુ. ૧૨
દરબારી સહુ છકીત થયાને મનમાં બીનો રાય,
સ્વામીને પ્રભુજી સોંપીને ઝટપટ કર્યા વિદાય.
પુત્રીને ન કરી ખબર જય પ્રભુ. ૧૩
સ્વામી પ્રભુ લઈ ગયા પુંઠેથી જાણી બીબીએ વાત.
લીધી હઠનીજ નાથને મળવા કરવા લાગી કલ્પાંત.
શાંતી ન પકડે પલભર જય પ્રભુ. ૧૪
સમઝાવી શાહેને સરવે માન્યું નહીં તલભાર,
તેડી લાવવા પ્રભુને પાછા પોતે થઇ તઇયાર.
સંગ સેન લઇ સત્વર જય પ્રભુ. ૧૫
સાથે ચાલ્યો શાળો શાહનો હતો પ્રભુનો ભક્ત,
મહા શ્રમે થયા ભેળાં સ્વામીને વિનતી કરી પ્રતક્ષ;
વિનવ્યા દેવા દયાકર જય પ્રભુજી. ૧૬
સ્વામી કહે પ્રભૂ નહીં પધારે રહેશે દ્રાવીડમાંજ.
ઇચ્છા હોય તો તમે બેઉ પણ રહો નિત્ય અહીં આજ
સેવો સ્વરૂપ સુંદર. જય પ્રભુ. ૧૭
નીરાશ થઇને પ્રભુની પાસે ગયાં બીબીનાંચાર.

થઈ કટાક્ષ સહુ જોતાં રહ્યાંને મળ્યાં ચરણમોઝાર,
રીઝયા પ્રભુ પ્રેમપર જય પ્રભુ. ૧૮
સાળો થયો નારાયણ શરણે વસે ચરણમાં નિત્ય.
બીબી સંપત કુંમાર શરણે પાળી અખંડ પ્રીત.
રહયાં થઈ પ્રભુની નજર. જય પ્રભુ ચલપલરાય ૧૯

હીંડોરો.

"અને હો વારીજાઉં હીંડોરે નવરંગ મોરી મોરી સજની" એ દેશી.

જય હોખમાં ધણી ઝુલે હીંડોરે મેલ કોટાપતિ
સ્વામી શ્રી સંપત કુમાર. ટેક.
જય હો ગૌતમ ઘાટનો સરસ હીંડોલો.
ડાંડીઓ શ્વેતરૂપે જડીચાર,
સઘળે ઢળકતી ઝળકતી ઝાલર,
છે પચરંગી રૂડી ખુબીદાર. જય હો. ૧
જય હો છત પીછવાઈને ગાદી તકીયા,
વિવિધ રંગવાળા જરદાર.
પુષ્પહાર બાંધ્યા બહુ ઢપથી;
આપે શોભાને સુગંધ અપાર. જય હો. ૨
જય હો મધ્યે બીરાજ્યા મન મોહન પ્રભુ.
શોભાવે સુંદર શણગાર.

મનહર અવયવવાન ચતુર ભુજ,
દીવ્ય વિગ્રહ પ્રભુ છે સુકુમાર. જય હો. ૩
જય હો ચમકે જડાવ ભૂષણનાં નંગ,
છે કીમતીને પાણીદાર;
ચમકે વસ્ત્ર જરી સુગંધ મય,
ચમકે વદનની કાંતી અપાર. જય હો. ૪
જય હો ચમકતાં ભૂષણ સહ બે બાજું.
ઉભાં શ્રી ભુ દેવી નાર,
એ શોભા એ અદભુત લીલા નીરખીને,
હરખું વારંવાર જય હો. ૫
જય હો ચમકતી દીવીમાં ચમકતાં દીવા,
ચમકતી હાંડીઓની ધણીહાર.
ચમકતી ઘીની મશાલો ફાનસો,
ચમકતી દીપ માળ દે બહાર. જય હો. ૬
જય હો ચમકતી ચાંદીનો સરસ પુજાપો,
ચમકતી ચોકી ઉપર તે ઠાર.
ચમકતા તીલક સહીત શ્રી વૈષ્ણવ,
પુજા કરે કરી વેદ ઉચ્ચાર. જય હો. ૭
જય હો ઠમકતી દેવ દાસીઓ નાચે ત્યાં
ધમકતી મૃદંગ ઝાંઝ ઝણકાર
ઢમકતી ઢોલકીને સુરનાઇ,
ભેર સહીત વાગે વારંવાર. જય હો, ૮
જય હો સરસ સુરે એક શ્રી વૈષ્ણવ, ત્યાં,

ગાએ ગૃહી કર સરસ સીતાર.
સરસ વેદ મંત્રોએ સ્તુતિ કરે,
ઉભી સરસ શ્રી વૈષ્ણુવહાર. જય હો. ૯
જય હો. સુગંધી ધુપ બતીઓ પ્રકટી,
સુગંધ પ્રસારે કુસુમના હાર,
ચંદન સુગંધમય ત્યાં છે વળી,
દએ અતર સુગંધી અપાર. જય હો. ૧૦
જય હો ધીમે ઝુલાવતા ભાવે શ્રી વૈષ્ણુવ,
ધીમે ચમર થાએ સાથે ચાર,
ધીમે પંખાઓ હલાવતા સેવક,
ધીમે કરે દરશન નરનાર જય હો, ૧૧
જય હો. આરતી વ્રક્ષ જેવા ઘાટની થઇ,
કળશ આરતી થઈ એ વાર.
ચોરસ આરતી માંહે દીવા બહુ,
કપુર આરતી ત્રણે ખુબીદાર. જય હો. ૧૨
જય હો કૃપાવંત રામાનુજ સ્વામી,
પ્રભુના કૃપપાત્ર અલવાર;
અધિક કૃપા થવા અહીં બેઠા છે,
કૃપા સિંધુની સંનીધી મોઝાર. જય હો. ૧૩
જય હો ધન્ય જેઠ વદી બારસ રાત્રી,
ધન્ય મેલકોટા નરનાર;
ધન્ય ભૂમી ધન્ય એ સામગ્રી,
ધન્ય જનો શેવા કરનાર, જય હો, ૧૪

જય હો પૂજા પુરી થઇ ત્યાં લગી ઝુલ્યા,
દેવીઓ સહુ શ્રી જગદાધાર;
અનંત એ વૈકુંઠની શોભા નીરખીને
સફલ થયો અવતાર જય હો ખમાંધણી ઝુલે ડીંડેરે ૧૫

બીજી વારનો અનુભવ વીવાહ મુકટોત્સવ

મંગલા ચરણ.

મંગલ હો મંગલગણ નાયક સદૈવ મંગલકારી,
વિશ્વકસેન ગુરૂ કરૂણા ધન સમસ્ત સંકટ હારી;
વૈર મુડી ઉત્સવ અતિ અદભૂત અગ્રે વિવાહ આવ્યો,
જનનેં જાણવું જેવો મુજને જગજીવને જણાવ્યો.

વિવાહ ઉત્સવ

"રાજા જનકે મહા યજ્ઞ રચીઓરે" એ રાગ

પહેલા પ્રણમું વડા ગુરૂ વાહાલારે
સ્વામી વિશ્વકસેન કૃપાલારે;
ગણ નાયક મંગલ કારીરે,
જગ જનના પરમ ઉપકારીરે.
શંખ ચક્ર ગદા કર ધારીરે,
શોભે ચતુર ભુજા સુખકારીરે;

શ્રીપતિના વડા કારભારીરે,
બલીહારી ગુરૂ બલીહારીરે.

ચઢ્ઢુ ગીરીવર ઉપર આવ્યું રે, શ્રી નારાયણ પુર રઢીયાળું રે;
જહાં ચલપલ રાય બિરાજેરે, છબી દેખી કોટી કામ લાજેરે.
રૂડી ફાગણ છઠ અજવાળીરે, અતિ ઉત્તમ ભાગ્યથી ભાળીરે;
સર કલ્યાણી કલ્યાણ કારીરે, ત્યાંહાં ચાલ્યા હરિ કરી સ્વારીરે.
ચાર છત્ર શીરે શ્વેત ફરતાં, ચાર સુર્ય મુખી જન ધરતાંરે;
ચાર ચમર હોજો બે પાસેરે, વાગે હાથીની નોબત વાંસેરે.
વાજાં વિવિધ ભાતનાં વાગેરે, છડીદારો ચાલે ચાર આગેરે;
છંદવેદ પ્રબંધ ગવાતારે, જન જુથ પ્રેમે સંગધાતારે.
વ્હાલો બેઠા છે સુખદ વિમાનેરે, આવે આનંદ ઘન મુંજ ધ્યાનેરે;
છડાં ભુષણ કીરીટ રૂપાળોરે, જામો મખમલનો ઘણો વ્હાલોરે.
આવ્યા નાથ કલ્યાણીને તીરેરે, મોહ્યાં જનમન સુભગ શરીરેરે;
બેઠા મંડપમાં સુખ રાશીરે, ઉભા ચારે બાજુ દાસ દાસી ભારે.
પુજા આરતી થાળ સ્વીકારીરે, કીધી ગોષ્ટી મળી નરનારીરે;
એમ ત્રેણ સ્થળે ફર્યા સ્વામીરે, સેવા એજ પ્રકારની પામીરે.
અંકુરાર્પણ આપ કરીનેરે પ્રભુ આવ્યા મંદીર ફરીનેરે;
સાંઝે એજ રીતે શ્રીજી માતારે કરી સ્વારી ચાલ્યાં સુખદાતારે
સહેલ મંડપની કરી આવ્યાંરે, પ્રેમ પુષ્પે અનુએ વધાવ્યારે.

ધોળ.

આજ આનંદ સાગર ઉલટયે ૧.
જન મનમાં હરખ ન સમાય,
વિવા'ની વધામણી.

શ્રી નારાયણ નાગર સોહામણું,
વરે શ્રીજીને ચપલપલરાય. વિવાની.
કલ્યાણી સર સુંદર છલકતું,
તીરે ચોગમ મંડપહાર. વિવાની.
તેમાં સામી તીરે બાંધ્યો માંડવો.
કીધા વિવિધ ભાતી શણગાર. વિવાની.
સામ સામા બે મંડપ શોભતા,
તેમાં ટોળે મળ્યાં નરનાર. વિવાની.
ચંદ્રે ચાંદીની ચાદર પાથરી,
દીપ કનક સદ્રશ ઠારો ઠાર. વિવાની.
તારા નભમાં ચાંદી તણા ચળકતા,
ટેટા કંચન રંગી અપાર. વિવાની.
શોભે એકજ ચંદ્ર આકાશમાં,
બપોરીઆં દેતાં બહુ બહાર. વિવાની.
સુર સકળ ઉભા છુપાવેશમાં,
ધુમે જગજન ધન્ય આ ઠાર. વિવાની.
ગાજાંવાજાં ગીતેપુર ઘોરતું,
કલ્યાણી ભણી સહુ કોઈ જાય. વિવાની.
એવે સ્વારી થઇ શ્રીજી માતની,
શોભા કેમે નહિં વરણાય. વિવાની.
આવ્યાં માત બેઠાં નીજ માંડવે,
સાંમે માંડવે બેશશે નાથ. વિવાની.
એમ સમજી આતુર ઉર સરવનાં

ધન્ય સાતમની શુભ રાત. વિવાની.
આવ્યા વિશ્વકસેન વિમાનમાં,
ઘુંમી જોયું જાતે ઠારેઠાર. વિવાની.
દીધી વરધી જઈ જગનાથને,
સ્વામી છે સઘળું તઇઆર. વિવાની.
ઉઠયા નાથ સ્વારી કાઢી ઠાઠથી,
વાજાં ગાજાં શોભાનો ન પાર. વિવાની.
અનુનાથ વિમાનમાં ઓપતા,
શોભતા વસો -હૃદય મોઝાર. વિવાની,

રાગ વીવાહનો.

"રાજા જનકે મહાજંગ રચીયોરે" એ દેશી.

આવ્યા સંપતવર લટકેથીરે, દેતા દરશન ચાલી ધીમેથી;
વેદ ધુન્ય આગળ બહુ થાયરે, દીવ્ય ભવ્ય પ્રબંધ પઢાય.
દેવ દાસી ટાળે મળી ગાયરે, મીઠી મોરલી સંગમાં વાય;
જયકાર ચહુ દીશા થાયરે, કયાંઇ આનંદ આજ ન માય.
વાજા વિધવિધ ભાતનાં વાગેરે, છુટે આતશ બાજી આગે;
હય હાથી ચાલે સંગ ઝાઝારે, સેવા માંહે રૂપી જન રાજા.
છત્ર ચામરને છડીદારરે, તોપ બંદુકના થાય બ્હાર;
પુર્યા સાથીયા ઘર શણગાર્યાંરે, પ્રેમ પુષ્પ પ્રભુ પર વાર્યાં;
રૂડી રોશની કંચન રંગીરે; વદે જય જનપરમ ઉમંગી.
રાજ પ્રિય વિમાનમાં રાજેરે, રવિ કામ દેખી મુખ લાજે;
નખ શીખ શણુગાર ચમકતારે, હાર પૂષ્પના પુરણ ભભકતા.

જોતાં નયન ઠરે મન ફુલેરે, ચિત્ત વશ થઇને ભાન ભુલે;
યતિરાજ વિમાને બીરાજીરે, ચાલે પ્રથમ હ્રદય મસ રાજી.
પિતા થઇ પરણાવવા આલેરે, સુત થઇને શ્રીવર કોડે પાળે;
એવી ચલપલરાયની સ્વારીરે, કલ્યાણીસર ઉપર પધારી.
સામે મંડપ સરસ હીંડોળે, બેઠા નાથ લોકો મળ્યા ટોળે;
સામસામાં વધુવર બેઠાંરે, ચિત્ત ચોરી કાલજડામાં પેઠાં;
થયો પ્રારંભ સઘ ક્રીયાનોરે, ધન્ય સ્નેહ પ્રીતમને પ્રીયાનો.

"અમે ઈડરીઓ ગઢ જીત્યારે" એ રાગ.

થયો મંગલ સમય લગનનોરે, જય મંગલહો;
લેવાને મસ લ્હાવો લોચનનોરે, જય મંગલહો.
ઉઠયાં વર વધુ નીજ આસનથીરે, ઉભા સામ સામા મગન મનથી,
પુષ્પ હાર કાઢી નિજ ઉરથીરે, લીધા દીધા પહેર્યા થોડી દુરથી;
ત્રણવાર હારો બદલાવ્યારે, પછી નાથ શ્રીજી ભણી આવ્યારે,
બેઠા દેવી સમીપ કૃપાલારે, ભાષ્યકાર પાસે છે રૂપાલારે.
વિપ્ર શ્રી વૈષ્ણવો મહા ભાગેરે, આવ્યા લઈને સામગ્રી આગે;
યાં યજ્ઞ કુંડ ધરી પ્રીતીરે, માંહે વિવિધ આહુતીઓ દીધી,
કર્યા અષ્ટ કલસ ચોરી જેવારે, પરણે શ્રીજીને દેવદેવા;
ક્રિયા કીધી હીંજે નાંનાભ તીરે, છાતી હરખવડે ઉભરાતી.
મે મંગલ વરત્યાં ચારરે. થયો દશદીશ જયજયકાર,
ળ હોમી ચોતે સુપડેથીરે, ક્રીયા કીધી સકળ સુરી તેથી;
લોકો મંગલના ત્યાં ભણાયારે, ગુણવર વધુના ત્યાં ગવાયા.
ઘટામણી વાંચી ગોરેરે, જોડીવર વધુની ચિત્ત ચોરે;
ય ધરણું ઘણું જને કીધાંરે, પુરા પ્રેમે વધાવી લીધાં;

થયું નૌતમ મંગલગાનરે, હૈયે હરખે રહે નહીં ભાન.
સ્વસ્તિ વાચન વિપ્રોએ કીધુ રે, ધન તેમને તવ ઘણું દીધું.
મોટાઓને દીધાં બહુ માનરે, વેહેંચ્યાં અક્ષત શ્રીફલ પાન.
આવી ઉભી ઘણી દેવ દાસીરે, નૃત્ય ગાન થયું સુખરાશી;
ઉઠયા પરણીને ચલપલરાયરે, સંગે શ્રી વધુ સરસ સોહાય.
બેઉ સાથે મંદીરમાં પધાર્યાંરે, અનુએ તવ તન મન વાર્યાં.

ગરબી.

" આજની ઘડી રલીયામણી " એ દેશીની.

વર સંપત કુમારને ઘણી ખમાં,
વધુ શ્રીજી અચળ વસો સંગમાંજીરે. સંપત.
એને કોઈની નજર નવ લાગજો,
સદા મંગળ સુમંગલ થયાં જજો જીરે. સંપત.
સ્નેહ દંપતી તણો સદૈવ વાધજો,
બેઉ એક રૂપ તુલ્યજ સદા હજો જીરે. સંપત.
રૂપ યૌવન સદૈવ આમ બન્યું રહો,
એનું સર્વ સ્વપ્ન માંહે પણ શુભ રહો જીરે.
સંપત.
કદી કશો શ્રમ કોઇ નવ આપશો,
શત્રુ થતાં વેત સમુલા બળી જજોજીરે. સંપત.
ખ્યાત વૈભવ વધુ વધુ વધ્યાં જજો,
સેવામાં તલ્લીન જન માત્ર થઈ જજો. સંપત.
એના વિના કોઇ અન્યને ન માનજો.

સદા સર્વે એને સરવસ્વ જાણજો જીરે. સંપત.
જડચર જે રહે છે તેની સેવામાં,
તે સમસ્તને સદૈવ હો ઘણી ખમાંજીરે. સંપત.
દીવ્ય લીલામાં નવીષ્ન જરીએ થજો.
એની અલાબલા અનુને શીરે હજો જીરે.
સંપત કુમારનેં.

મુકુટોત્સવ.

"સ્વસ્તિશ્રી અવધપુર ઊત્તમ ગામેરે" એ દેશી.

પહેલા પ્રણમુ સ્વામી વિશ્વકસેનરે,
મંગલકારી સરવેને સુખદેનરે.
ગણના સ્વામી ચતુર ભુજા સુખકારીરે,
શંખ ચક્રને ગદા આયુધ કર ધારીરે.
મહીસુરમાં યદુગિરિ અઘ દુઃખહારીરે,
તેમાં ગ્રામે નારાયણપૂર ભારીરે.
જહાં બીરાજે શ્રી નારાયણ વ્હાલારે,
પાસે રાજે ચલપલરાય કૃપાળારે;
પ્રતિ વર્ષે ત્યાં મુકટો ત્સવ શુભ થાયરે.
દેવ ઋષીને જન તે જોવા જાયરે,
ગુરૂ પ્રતાપે લ્હાણુ અમે એ લીધીરે,
કમલા કંથે કરૂણા પુરણ કીધીરે.
દસે દીવસની લીલા અદભુત ભારીરે,
સરવ વરણતાં શેષ સારદ જાય હારીરે

યથા મતિ તે સંક્ષેપે સંભારીરે,
અનંત વરણું સમરીસ્વામી સુખકારીરે.

તૈયારીનું વર્ણન.

ગરબી.

સંપતવર શ્રી મુકુટોત્સવ મહાલેરે,
લ્હાવો જગતનાં જનને આલે. સંપતવર.
દીસે દેશમાં દૈવી દીવાળી, અતિ ઉત્તમ ભાગ્યથી ભાળીરે.
તીથી ફાગણુની અજવાળી. સંપતવર શ્રી. ૧
કીધી સ્વચ્છપુરી વાળી ઝાડી, શણુગાર્યાં ઘરો ચિત્ર કાહાડીરે;
શોભા અધિક અધિક કરે દહાડી. સંપતવર શ્રી. ૨
લોકો હોંશ ધરી શણુગાર્યા, વસ્ત્ર ભુષણ તન પરધાર્યાંરે,
સેવા કરવા સર્વ પરવાર્યા. સંપતવર શ્રી. ૩
સગાં સ્નેહીને સહને તેડાવ્યાં, દેશે દેશથી જન મસ આવ્યાંરે;
ભાવે ભેટો વિવિધ સંગ લાવ્યાં. સંપતવર શ્રી. ૪
ઘર શેરી દુકાનો ભરાઈ, ઠામોઠામ બજારો મંડાઈરે;
પુરી શોભતી ભવ્ય જણાઈ. સંપતવર શ્રી. ૫
આવ્યા ઉત્તમ કુલીન આચારી, આવ્યા શેઠ શ્રીમંતો ભારીરે;
આવ્યાં ભાવીક બહુ નરનારી. સંપતવર શ્રી. ૬
ઘણા મંડપો વાહન ભારી, કીધાં શોભિતા અધિક સુધારોરે;
પ્રભુ ધામે શોભા બની ન્યારી. સંપતવર શ્રી. ૭

હરિ શ્રીજી ભુમી દેવી સાથેરે, થયા સજ અનુનાપતિ જાતેરે.
અજવાળી આઠમના પ્રભાતે સંપતવર શ્રી. ૮

ધ્વજારોહણ.

"આવી મળીરે છોગાળાની જાનેરે."

આજ ઉત્તમ અવસર આવ્યારે, જન ભાવિકને મન ભાવ્યો;
શુકુટોત્સવ માટેરે, ધ્વજા રોહણ થાય છે ઠાઠે.
ત્રણ વાગે સકળ નરનારીરે, મળ્યાં મંદિરમાં પ્રિતી ધારી;
આવ્યા દ્વીજ પંડીત આચારીરે, ઉઠયા શ્રીવર કરવા સ્વારી.
પહેલા ગરૂડજી ચિત્ર રૂપેથીરે, ચાલ્યા સ્વાર થઈને ધીમેથી;
પુંઠે શંખને ચક્ર રૂપાળાંરે, સ્વારી સંગે શોભા કરીચાલ્યાં.
વાજાંગાજાં વિવિધ છડી દારોરે, હય હાથી ઘણા નરનારો:
છત્ર ચામર શ્વેત સોહાયરે, ચાલ્યા લટકે શ્રી ચલપલરાય.
શ્રી ભુસહીત વિમાનમાં મ્હોલેરે, સાંમા ગરૂડ પાછે પગે ચાલે;
ખાસ મંદીરને એવી રીતેરે, કીધી પુરી પ્રદક્ષીણા પ્રીતે.
પછી શ્રી યદુગિરિના સુબારે, ધ્વજ સ્તંભ પાસે આવી ઉભા;
લાવ્યા વિપ્ર સામગ્રી ત્યારેરે, કીધી પુજા પ્રભુજીની ખ્યારે.
પાછી એજ પ્રસાદી વિષેથીરે, પુજ્યા ગરૂડજીને સુ રીતેથી;
ક્રીયા કીધી અધિક નાના ભાતીરે, સ્તંભે ઊભા ગરૂડ કાઢી છાતી.
પછી કાર્ય પ્રભુએ જણાવ્યુંરે, સુણી ગરૂડજીને મન ભાવ્યું;
પાસે પ્રીતે પોતે જાતે આવીરે, કૃપા ગરૂડજી ઉપર જણાવી.
સ્વામી આજ્ઞા સહર્ષ સ્વીકારીરે, સ્તુતી ગરૂડજીએ ત્યાં ઉચારી;
ચાલ્યા સ્તંભ શીરે ગુણ શાલીરે, વાજાં વાગ્યાં પડી ઘણી તાળી.

જઈ શીખરે બેઠા સુખ રાશીરે, પંખીરાય વૈકૂંઠ નિવાસી;
ધ્વજા રોહણ એમ કરીનેરે, પ્રભુ આવ્યા સ્વસ્થાને ફરીને.
અનુનીજ આસને બીરાજ્યારે, જય હો યદુગિરિવરરાજા.

સાંઝની સ્વારી

રાગ એજ.

પ્રભુ સાંઝના સ્વારી પધાર્યારે, શણગાર નવા તન ધાર્યા;
સંગે વૈષ્ણવોની તીર માલીરે, અતિ શોભીત મનહરભાળી.
છાંટી જળ પુર્યા સાથીઆ મોટારે, કીધા દીપ ઉડે ધુપ ગોટા;
વસ્ત્રભુષણ વિધવિધ ધારીરે, ઉભાં આંગણે સહુ નરનારી.
પુજે પ્રીતે નૈવેદ્ય ધરાવીરે, પ્રેમે લેતાં પ્રભુને વધાવી;
એવી સેવા પદેપદે પામીરે, આવ્યા મંડપે કમલા સ્વામી.
શોભા મંડપની પણ તેવીરે, કીધી જુગતી જરૂર જોવા જેવી;
થયું પુજન થાળ ધરાયોરે, પછી સૌને પ્રસાદ અપાયો.
ઉઠયા ત્યાંથી યદુગિરિ રાજારે, અન્ય મંડપે આવી બીરાજ્યા.
થયો ઠાઠ ત્યાંહાં એજ રીતેરે, શોભા વરણે બધી વય વીતે.
એમ સહેલ કરી સુખકારીરે, આવી મંદીરે પ્રભુની સ્વારી;
ત્યારે શ્રીજી પધાર્યાં સ્વારીરે, સેવે એજ રીતે નરનારી.
એજ રીતે મંડપમાં જઇનેરે, એજ રીતની સેવા લઇને;
આવ્યાં મંદીરમાં અનુ માતારે, જય મંગલ હો સુખદાતા.

ભેરી તાડન—હંસવાહનની સ્વારી.

ભેરી તાડનની વિધિ રાતેરે, થઇ મંદીરમાં ભલી ભાતે.
બેઠા આસનપર શ્રી મુરારીરે, બેઉ બાજુ શ્રી ભૂદેવી પ્યારી;
પાસે દ્વીજવરને નરનારીરે, શોભા ભવ્ય કચેરીની ન્યારી.
હાંડી ઝુંમરને દીપ માળોરે, ઝગે કંચન વરણી મશાલો;
હારદાર શ્રી વૈષ્ણવ રાજેરે, પુંઠે સ્ત્રીઓનું મંડલ છાજે.
સામે શોભતા ગાયનકારોરે, પુંઠે ટાળેટાળાં નરનારો;
મધ્યે વેદી કરી પ્રભુ પાસેરે, ત્યાંહાં દીવાની હાર પ્રકાશે.
ક્રીયા ત્યાં કરે એક આચારીરે, બીજા મંત્રો ભણે છે પોકારી;
વિધિ વિધવિધ ભાંતી કરીનેરે, નામ દેવ તણાં ઉચરીને.
ભણી શ્લોક આ મંત્રણ કરતારે, આવો ઉત્સવે એમ ઉચરતા;
પુંઠે દુદંભી ડીમડીમ વાગેરે, આવ્યા દેવ એવું ઉર લાગે.
તેડયા નિત્ય સુરી સુખ રાશીરે, તેડયા મુક્ત શ્રી વૈકુંઠ વાસી;
તેડયા અજ શીવ ઇંદ્ર ઉમંગેરે, તેતરીશ કોટી દેવ સંગે.
તેડી સરવ દેવો તણી નારીરે, મુખ્ય મુખ્યનાં નામ ઉચ્ચારી;
સિંધુ ગિરિસર સરિતા બાધીરે, તીર્થ ક્ષેત્ર તેડયાં સહુ ભાતી.
ચૌદભુવન વિષે વસનારાંરે, તેડયાં નામ લઇ ન્યારાં ન્યારાં;
એમ સહુને આમંત્રણ દીધુંરે, સંગે ભેરીનું તાડન કીધું.
થઈ એ ક્રીયા પુરણ જ્યારેરે, તેડયા ગાયનકારો ત્યારે,
નામ એકેક રાગનું દઇનેરે, તેને થોડાથોડા સુણી લઇને;
મુખ્ય રાગ બધા ગવરાવીરે. મુખ્ય રાગણીઓ સંભળાવી.
સુરનાઈ સુરે એવી રીતેરે, ગાયું ગાયકે પુરણ પ્રીતે;

તેને સરસ ઈનામ જ્યાં દીધું રે, બીજે મુરલી સુરે શરૂ કીધું;
રાગ રાગણી પુરણ ગાઈરે, સુણી સરવ સભા હરખાઈ;
તે પુંઠે દેવ દાસીએ ગાયું રે, નૃત્યથી તે અધિક દીપાવ્યું.
હાવભાવ છટાથી બતાવીરે, દીધાં સરવનાં હ્રદય હલાવી;
ગાયું ગાયનકારે મુખેથીરે, પામ્યાં સરવ ઇનામ સુખેથી.
દેવગાન થયું છેલે ભારીરે, સુણી મોહ પામ્યાં નરનારી;
થઈ પુર્ણ ક્રીયા દસ વાગેરે, રાત રમ્ય અતિશય લાગે.
પછી નીત્યનો થાળ ધરાયોરે, થઈ ગોષ્ઠી પ્રસાદ વ્હેંચાયો;
મધ્ય રાત વીતી સુખકારીરે, ત્યારે પાછી થઇ રૂડી સ્વારી.
મોટો હંસ વિવિધ રંગવાળોરે, ધાટે રૂપે મહાન રૂપાળો;
સ્વારી તેપર સ્વામી કરીનેરે, ચાલ્યા ચામર છત્ર ધરીને.
પુરવીથી માંહે ફરીનેરે, ચાલથી જન ચિત્ત હરીને,
આવ્યા મંદીરે ચલપલરાયરે, અનુ સંભારી તે હરખાય.

બીજે દિવસ.

ગરબી.

"જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવારે લોલ" એ રાગ.

ફાગણની અજવાળી નૌમી ઓપતી.
યદુગિરિ પર નારાયણપુર મોઝાર જો,
મુકુટોત્સવ મ્હાલે શ્રી ચલપલ રાયજી;
દહાડેદહાડે ન્યુતન શોભા થાય જો.

પ્રભાતમાં સ્વારી કીધી ધુમધામથી,
થયા વિરાજીત વ્હાલા વડે વિમાનજો;
એ મંડપમાં સેવા લીધી સ્નેહથી.
નવાંનવાં શોભાવેલાં શુભ સ્થાનજો,
મધ્યાને આવ્યા મંદિરમાં મ્હાલતા;
શોભે સુંદર સોહામણા શણગારજો.
શોભે સંગે શ્રી ભૂદેવી સહચરી,
શોભે ચામર છત્રોને છડીદાર જો;
નીજ આસને બીરાજ્યા આવી શ્રીપતિ.
થયા તદાસજ સ્વામી શ્રી ભાષ્યકાર જો,
આંગણુલામાં આવી બેઠા આસને;
ચંદરવે ચમકે છે ડાંડી ચારજો.
આવી ઉભાં વાજાં લાગ્યાં વાગવા,
આવ્યાં અર્ચક આચારી નરનાર જો;
પંચામૃત ચંદન કુસુમો આદિ અતિ.
સાજ ત્રિમંજનનો દીઠો તૈયાર જો,
ચમકે ચાંદી કળશો વિધવિધ ઘાટના;
ચમકે વિધવિધ પુજા કેરાં પાત્રજો.
ગોઠવવાની જુગતી જોવાજોગ છે.
ડાહયાનું ડહાપણ દીસે તીલ માત્રજો;
થયું ત્રિમંજન ટેરો આવે ને ખુલે.
ઘાટઘાટની વિવિધ આચરતી થાય જો.
વિવિધ સ્નાનને વિધિ થાય મન ભાવતી;

નવાં નવાં દર્શને નયન ન ધરાય જો.
અલંકાર થઇ ચુકયા ઉત્તમ અંગમાં,
અને કોટ સમ ધરાઇ ચુકયા થાળ જો;
ટેરો ખુલી થઇ જવ મોટી આરતી.
એ શોભા સંભારે હૈડું હાલ જો,
ગોષ્ટી પ્રસાદ તીર્થે મળ્યાં મનમાનતાં,
દર્શન સુખ મુખથી વરણ્યું નવ જાય જો
દીવ્ય દેહ ધારી સાક્ષાત યતિપતિ,
છે પ્રત્યક્ષ પવિત્ર આ પુરી માંહે જો;
સાંઝે સ્વારી કાઢી નીકળ્યાં શ્રી વળી.
પટરાણી ને પ્રીય પાલખી નિત્ય જો,
ફરી આવ્યાં કલ્યાણી તીરે મંડપે;
વિવાહ સ્થલપર માતાને બસ પ્રીતજો.
રાતે ઠાઠે સ્વારી ભારી થઇ વળી,
શ્રી ભુસંગે નીકળ્યા શ્રી ભગવાન જો;
શેષ વાહને સ્હેલ કરીને શહેરમાં.
જનને દર્શન દઇ આવ્યા નિજ સ્થાન જો,
લઘુ વિમાને દેવી સંગ પછી પ્રભુ;
આવી બેઠા સુયજ્ઞ શાળા દ્વારજો.
સેવક હસ્તે હોમ કરાવી હોંશથી,
સુખથી સુતા જઇ મંદીર મોઝારજો;
એવી અદભુત શોભા પાંચ પ્રકારની.
જોતાં વીત્યું પ્રભાતથી મધ્ય રાતજો,
એક ઘડી સમ લાગ્યું અનંતને ઉરે;

સૂખનું સ્વપ્નુ નિત્યે રહેજો યાદ જો.

ત્રીજો દિવસ.

ગરબી.

"કોને સખી કારતક કેમ જાશે" એ દેશીની.

ભલે આવી ફાગણ સુદ નવમી,
શોભા ચારે જાતની ચિત્ત ગમી. ટેક
પ્રભાતમાં મંદીરમાં જાતાં,
આસન દીઠાં લક્ષ્મીજી મલકાતાં.
આવ્યાં સહુ ત્યાં જન હરખાતાં,
ભલે આવી ફાગણ સુદ નવમી. ૧
ત્રીગંજન માત તણું ત્યારે,
કીધું સેવકોએ અતિ પ્યારે.
શોભા શું હું વરણું વારે વારે. ભલે. ૨
બેઠાં માતા દીસે છટા ન્યારી,
અલંકાર અંગે ઓપે ભારી.
શોભા આજની સહુથી સારી. ભલે. ૩
દિવસ બધો એજ આનંદ રહયો,
સંધ્યા સલુણી તણો સમય થયો.
લ્હાવો નવો લોચને ત્યારે લહયો. ભલે
શ્રીજી વ્હાલા સંપત વર સાથે,
બેઠાં પ્યારી પાલખીમાં ઠાઠે.

કાઢી મોટી સ્વારી ભલી ભાતે, ભલે ૫
વાજાં ગાજાંથી રહ્યું પુર ગાજી,
હાથી હય વિવિધ આતશબાજી;
સુ રોશનીથી થાય ઉર રાજી. ભલે. ૬
આવ્યાં કલ્યાણીને તીરે ચાલી,
વિવાહની ભુમી ઘણી વ્હાલી;
ચોથે દહાડે ચોંપેથી સંભાળી. ભલે. ૭
સજ્યા હોમ વહુ વરે ત્યાં કીધો,
લ્હાવો લગ્નનો સંપૂરણ લીધો;
દર્શન રસ મસ નયને પીધો. ભલે. ૮
પાછી વળી ત્યાંથી પછી સ્વારી,
ગળી મેદની જનની ભારી;
શોભા આજની અતિશય સારી. ભલે. ૯
આવી સ્વારી મંદીરની સામે,
ઠેર્યા બેઉ મંડપે તે ઠામે;
શોભાં દેખી હૃદય હરખ પામે. ભલે ૧૦
ટેરો આવ્યો વાહન બદલાવ્યું,
ઉંચું અતિ ભભકે ભલું ભાવ્યું,
નામે નર વાહન તે કહાવ્યું; ભલે ૧૧
બે કાષ્ટના નર અતિ રૂપાળા,
સુરંગીન આભૂષણો વાળા;
કરે કર મૂખથી રૂડા ચાળા. ભલે ૧૨
ઉભા બેઉ પાલખી સ્કંધધારી,

એઉ બાજુ તેવી એઉ સુંદરી;
રાજી થાતી કરવડે ચમર કરી. ભલે ૧૩
શોભે પાલખીમાં શ્રીને શ્રી હરિ,
પ્રીતે વિથીઓ માંહે આવ્યા ફરી;
શોભા નહીં જાય કયમે વીસરી, ભલે ૧૪
આવ્યાં એઉ મંદીરમાં સુખથી,
વિશ્રામ લીધો નિજ સ્થાનપ્રતિ;
થઇ ત્યાંહાં નિત્યની સેવા કૃતિ. ભલે ૧૫
અઢી પહોર રજની એમ ગઇ,
ત્યારે ફરી સ્વારીની વારી થઈ
બેઠા પોતે ચંદ્ર વાહનની મહીં. ભલે ૧૬
વિથી માંહે પ્રેમેથી સ્હેલ કરી,
આવી ઘેર પોઢયા સુખે શ્રી હરિ;
અનંત જુવે ઉર ધ્યાન ધરી. ભલે ૧૭

મુખ્ય દીવસ ગરૂડવાહન મુકુટ ધારણ વગેરે.

રાગ કલ્યાણ. " પ્રેમસભાજનો " એ રાહ

વિજય ધન્ય હો શ્રી યદુગિરિપતિ,
મુકુટ ધારીની સવારી શોભતી અતિ, ટેક
એકાદશી દીપે અજવાળી, વસંત ફાગણ માસ;
આઠે પ્રહર અલૌકીક શોભા, જન ઉર અતી ઉલ્લાસ.
વિજય ૧

પ્રભાતમાંજ પધાર્યાં સ્વારી, ભારી ભભકાભેર;
પ્રતિ મંડપે નવીન શોભા, પુજન ઘેરેઘેર.

વિજય ૨

મધ્યાને મોટા મંડપમાં, આવી બેઠા નાથ;
શોભા તે સ્થળની સંભારી, હ્રદય થાય રળિયાત.

વિજય ૩

પુજન થયું પ્રભુનું પુરણ, ધર્યા સકળ શણગાર;
ધર્યા થાળ સો પચાસ સાથે, સુંદર સુગંધદાર

વિજય ૪

થતાં આરતી નીરખ્યા, શ્રીવર શ્રી ભુદેવી સંગ;
નખ શીખ શોભા નીરખી, ઉરમાં ઉમર્યો અતી ઉમંગ.

વિજય ૫

અલંકાર પુષ્પહાર અદ્દભુત, નજર લાગવા જોગ;
કરપર ધર્યું તે થકી લીંબુ, નીરખી મોહ્યા લોક;

વિજય ૬

એ શણગાર શ્રી વૈષ્ણવ મંડલ, એ ગોષ્ટીએ બ્હાર
ખરેખાત અદભુત અલૌકીક, કહે ન આવે પાર.

વિજય ૭

સર સામાનથી પુર ઉભરાતું, દુકાન હારોહાર;
વાજાંગાજાં ખેલ તમાશા, વિવિધ જાતની બહાર.

વિજય ૮

ધુપદીપ સાથીઆ રોશની, ફેલી કુસુમ સુગંધ
જહાં જુઓ ત્યાંહાં શણગારેલાં, ઉમંગ ભર જનવૃંદ

વિજય ૯

થયું ત્રીમંજન રામ શ્રીયનું, શ્રી ભૂમીની સાથ;
અલંકાર નૈવેદ્ય થતામાં, એક પ્રહર ગઇ રાત.

વિજય ૧૦

આવ્યો મુકુટ ગયું સામૈયુ, થયું અતિ સનમાન;
પ્રદક્ષણા કરીને મંદીરની, પધરાવ્યા શુભ સ્થાન.

વિજય ૧૧

આશામાં મન ગમતાં સ્થાને, બેઠાં જન આતુર;
ત્યાં સુખપાલે બેસી શ્રીવર, જોઇ આવ્યા નિજ પુર.

વિજય ૧૨

મંગલ સમયે કીરીટ ધારી, થયા ગરૂડ પર સ્વાર;
શ્રી ભૂદેવી સંગે રાખી, નીકળ્યા જગદાધાર.

વિજય ૧૩

એ વાજાં ગાજાંના નાદોએ જન શોર બકોર;
આતશબાજી અને રોશની, અલૌકિક ચિત્ત ચોર.

વિજય ૧૪

કંચનવરણ ગરૂડજી સ્કંધે, સંપત કુમાર સ્વાર;
શીરપર દીવ્ય કીરીટ ચિત્તહારી, શોભા અપરંપાર.

વિજય ૧૫

ઉભય હાથમાં ધર્યા ઉમંગે, ઉભય મનોહર ચર્ણ
છત્ર કરે શીર ઉભય શોભતી, કંચનવરણી પર્ણ.

વિજય ૧૬

સમાન સુંદર છે શણગારો, સમાન સોભીત અંગ;

ઉભય પાંખમાં ઉભય બાજુએ, શ્રી ભૂ દેવી સંગ.
* વિજય ૧૭

ઉભય છત્ર શીર શ્વેત સુખદને, ઉભય ચમર બે પાસ;
ઝલહલતા જગ જ્યોતી જોતાં, ઉભરે ઉર ઉલ્લાસ.
વિજય ૧૮

વૈરમુડી અતિ રૂદ્ધ કીરીટ શ્રી, માણુક મણી જડીત;
ગોળ મનોહર ઘાટ ઉપરનો, જોતાં ચોરે ચિત્ત
વિજય ૧૯

પગલે પગલે ઉભા રહેતા, દેતા દર્શન પુર્ણ
શુધ લેતા નાના મોટાની; કરવાને અઘ ચુર્ણ
વિજય ૨૦

દર્શન સેવાનું સુખ લેતાં, પળમાં વીતી રાત;
ઉતરયા આવી રમ્ય મંડપે, પ્રકટયું વડું પ્રભાત.
વિજય ૨૧

વિદાય ગીરી થઈ વૈર મુડીને, મળ્યું રૂડું સનમાન
વાજાંગાજાં સાથે ચાલ્યા, સઘ નિત્યને સ્થાન
વિજય ૨૨

રાજ મુડી રૂપાળો લાંબો, ધરયો મુકુટ તતકાળ
હીરા માણુક મણી રત્નથી, થાતો ઝાકઝમાલ
વિજય ૨૩

દર્શન દઇ લઈ સુધ સરવેની વસી રહી ચિત્તમાંહ
નિજ મંદીરમાં સુખે પધારયા, સ્વામી ચલપલ રાય.
વિજય ૨૪

જે દર્શન દુર્લભ દેવોને, તે દીધાં ભલી ભાત;
એજ કૃપા ધન અનંતને ઉર, રહેશે નીશ દીન યાદ.
વિજય. ૨૫

અનિરૂદ્ધ કીરીટની કથા.

ગરબી.

"મારા પંથીરામ પ્રણામરે સમાચાર શા લાવ્યો" એ દેશી.
અનિરૂદ્ધ કીરીટ મન ભાવતા, ઘણીખમાંરે ખંમાં;
નિજ દીવ્ય પ્રભા ઝળકાવતા, ઘણીખંમાંરે ખંમાં.
દીવ્ય મહા ક્ષીર સાગરેરે, શ્વેત દ્વીપ શ્રીમાન;
પોઢયા પ્રભુ અનિ રૂધ્ધ છે,એ અનાદીથી આપનું સ્થાનરે.
ઘણી ખંમારે. ૧
શેષ તણા પર્યંકમાંરે, શીશ હરિનું ધન્ય;
સેવ કરી તેની સર્વદા, આપ અર્ચક નિત્ય અનન્યરે.
ઘણી ૨
પુત્ર થયો બલીરાજનોરે, આવ્યો પ્રભુ પદ પાસ;
દીવ્ય પ્રભા જોઈ દીલ ડગ્યું, લેઇ જાવા થઇ ઉર આશરે.
ઘણી. ૩
વામન સ્વામીને કારણેરે, ચોરી લાવ્યો નિજ ઘેર;
આવ્યા લેવા તે ગરૂડજી, થયું યુદ્ધ તદા રૂડી પેરરે.
ઘણી. ૪

વિજય કરી વૈન તેયજીરે, લેઇ ચાલ્યા આકાશ;
રોકયા શ્રી કૃષ્ણે કુંજમાં કરી નિજ અવતાર પ્રકાશરે.
ધણી. ૫

પધરાવ્યા નીજ હાથથીરે, યદુગિરિ નાથને શીશ;
કૃષ્ણ કૃપાથી રહ્યા અહીં, દેવાને દરશન દીન નીશરે.
ધણી. ૬

વર્ષ પ્રતિ એક દીવસમાંરે, બેજ પ્રહર ભલીભાત;
દર્શન દઇ જન અઘ હરો, ધન્ય એકાદશી તણી રાત.
ધણી. ૭

દીવ્ય દેહેજ દયા કરીરે, નિત્ય સુરી સુખ ધામ,
નિત્ય વસોકલી ઘોરમાં, જનકાજ તમે આ ઠામરે.
ધણી. ૮

મુર્તી માન બીજા સુરી, આપ અહીં સાક્ષાત;
આભૂષણ રૂપે વસો, દીવ્ય આત્મા શુચી દીવ્ય ગાતરે.
ધણી. ૯

જે પદને નીજ શીશથીરે, સેવતા અજ શુર ઇશ;
આપ અહા! હા!! સદાવસો, તે શ્રી કંથ તણે પણ શીશરે.
ધણી ૧૦

મહીમા રૂપ સ્વરૂપનોરે, જીભે નવ વરણાય,
અનંત ખુબી આપની આપની કૃપાથીજ જણાયરે.
ધણી ખમાંરે ખમા. ૧૧

પ્રહ્‌લાદ પરીપાલન ગરૂડ વાહનની સ્વારી

"વળતું બોલ્યા નારદ મુનીરે હરિહરિ" એ દેશી.

ઉત્તમ દ્વાદશી આવીરે હરિહરિ,
જન મનને મસ ભાવીરે હરિહરિ.
શ્રી નારાયણ સ્વામીરે હરિહરિ
અવિચળ ધન સુખધામીરે હરિહરિ.
કનક કવચ તન ધારીરે, હરિહરિ
ઉભા સુખદ મુરારીરે હરિહરિ.
નખ શીખ માણક મોતીરે હરિહરિ
હીરાની અદભુત ધોતીરે હરિહરિ.
આંખો છે અણીયાળીરે હરિહરિ,
મધ્ય માંહે કીકી કાળીરે હરિહરિ.
નાસીકા ઉંચી તીણીરે હરિહરિ,
પુંડ્ર તણી સર ઝીણીરે હરિહરિ.
મંદ સ્મીત મુખ ભાસેરે હરિહરિ,
જનમન કમલ વિકાશેરે હરિહરિ.
જડીત મણીમય હારરે હરિહરિ,
વિવિધ કુસુમ દે બ્હારરે હરિહરિ,
કુંડળ કીરીટ વીરાજેરે હરિહરિ.
શંખ ચક્ર કર છાજેરે હરિહરિ,
બસરી વિષ્ણુ માલરે હરિહરિ.
યજ્ઞ સુત્રપર વ્હાલરે હરિહરિ,

કાંચીનુપુર સુખ રાશીરે હરિહરિ,
પદમાં બીજી ખાસીરે હરિહરિ.
નીરખી એવા સ્વામીરે હરિહરિ,
વૃત્તી તૃપ્તી પામીરે હરિહરિ.
ત્યાં નીકળ્યા પ્રભુ સ્વારીરે હરિહરિ,
શોભા થઇ સુખકારીરે હરિહરિ.
૧ મંડપ શેરીએ શેરીરે હરિહરિ,
રોકી રાખે જન ઘેરીરે હરિહરિ.
૨ સેવા સરવની લીધીરે હરિહરિ,
એમ દિવસ ગયો વીતારે હરિહરિ.
પ્રહેલાદનું પરીપાલન હરિહરિ,
કરવા ચાલ્યા શ્રીમન હરિહરિ.
રાત રૂડી અજવાળીરે હરિહરિ,
શોભા અલૌકીક ભાળીરે હરિહરિ.
દેશીક મંદીર આગેરે હરિહરિ.
ખંભ કીધો મહા ભાગેરે હરિહરિ,
આવ્યાં ત્યાં નરનારીરે હરિહરિ.
અર્ચકને આચારીરે હરિહરિ,
વાજાંગાજાં દેવ દાસી રે હરિહરિ.
વૈષ્ણવ મંડળી ખાસીરે હરિહરિ,
વિપ્રો દેવ સમાનરે હરિહરિ.
ગાયક ગંધર્વ જાણુરે હરિહરિ,
અપ્સરા તે દેવદાસીરે હરિહરિ,

ઉભાં શ્રી નાથ ઉપાસીરે હરહર.
પ્રહલાદનુ દુઃખ હરવારે હરિહરિ,
લાગ્યાં સરવ કરગરવારે હરિહરિ.
સ્તુતી ઉચ્ચરવા લાગ્યાંરે હરિહરિ,
વાજાં ધીમેથી વાગ્યાંરે હરિહરિ.
આતુર છે નર નારીરે હરિહરિ,
એવે ખુબી થઈ ભારીરે હરિહરિ.
થંભ ફાટયો થયો શોરરે હરિહરિ,
વાજાં વાગ્યાં કરી જોરરે હરિહરી,
બંધુકો ફુટી સાથેરે હરીહરી.
ગાજ્યું નગર જય નાદેરે હરીહરી,
નરહરી આવ્યા ધાતારે હરીહરી.
ફાળો મોટીમોટી ખાતારે હરીહરી,
દોડયા ગયા ક્રોધ ધારીરે હરીહરી.
ધાયાં પુઠે નરનારીરે હરીહરી,
પાછા વાળ્યા પરાંણેરે હરીહરી,
આવ્યા ધીમે નીજ સ્થાનેરે હરીહરી
ઢાલ ખડગ કર ધારીરે હરીહરી,
ખોળે પડયો નૃપ ભારીરે હરીહરી.
બે કરથી પેટ ફાડીરે હરીહરી,
મારતા દીઠા મુરારીરે હરીહરી.
આંતરડાં બે હાથરે હરીહરી.
પાસે ઉભા પ્રહલાદરે હરીહરી,

શ્રી નરસીંહ સ્વરૂપરે હરીહરી.
ધારી બેઠા જગ ભુપરે હરીહરી
આવ્યા મંદીરમાં નાથરે હરીહરી,
પુજા થઈ થયા શાંતરે હરીહરી.
વહેચ્યો ગોષ્ટી પ્રસાદરે હરીહરી,
તેમાં થઈ મધ્ય રાતરે હરીહરી.
ત્યારે થઇ ફરી સ્વારીરે હરીરી,
ગરૂડ વાહન ભારીરે હરીહરી.
તાજ મુડી શીર રાજેરે હરીહરી.
રૂપે કોટી કામ લાજેરે હરીહરી,
એ અનુ ઉરમાં રહેજોરે હરીહરી.
નીત્યે દર્શન દેજોરે હરીહરી

ગજેંદ્ર મોક્ષ ગજેંદ્રવાહન અશ્વ વાહનની સ્વારી

પદ—"નાથ કૈસેં ગજકો બંધ છુડાયો" એ દેશી

ફાગણ સુદ તેરશની બલીહારી.
મુકુટોત્સવ આનંદ કારી ફાગણ ટેક.
પ્રભાતથી પુરમાંહી જગે જગ ચાલ્યા હરી કરી સ્વારી;
બારે મંડપ એકજ દીવસે, સેવ સરવની સ્વીકારી.
ફાગણ ૧
દરશન તીર્થ પ્રસાદ પામીને, તૃપ્ત થયાં નરનારી;

દિવસ એમ વિત્યો આનંદે, સરવેને સુખકારી.
ફાગણ ૨

રાતગળી ત્યમ કલ્યાણી પર, ભીડ થતી ગઈ ભારી;
ઘાટ ઉપર પગથીયાં ન દીસે, માત્ર દીસે નરનારી.
ફાગણ ૩

વચમાં વચમાં મહત દીપને, ચંદ્ર ખુબી વધારી,
જળમાં પ્રતિબિંબ પાડીને, બસરી શોભા વધારી.
ફાગણ ૪

એવે આવી ઠાઠમાઠથી, લક્ષ્મીવરની સ્વારી;
વાજાંગાજાં આતશબાજી, ખુદ્દની ખુબી ન્યારી.
ફાગણ ૫

ગજેંદ્ર વરદ તણા મંદીરની સામી સરસ અટારી;
તહાં જઇ નિજ મંડલ સાથે, બેઠા દેવ મુરારી.
ફાગણ ૬

ગજેંદ્ર આવ્યો તડાગતીરે, પરેમે પીવા વારી;
જળમાંથી મગરે પગ પકડયો, યુદ્ધ થયું તવ ભારી.
ફાગણ ૭

થાકયો ગજ ખેંચાયો જળમાં, છેક ગયો જવ હારી;
કમલ ગૃહી તવ સુંઢ વિષેને, પ્રભુને અરજ ઉચ્ચારી. ફા. ૮
ધાઓધાઓ ઝટપટ દીનબંધુ, છે છેકજ લાચારી;
વ્હારે ધાઓ શરણ જન કેરા, રક્ષણનું પણ ધારી. ફા. ૯
બપોરીઆની પ્રભા પ્રતાપે, યુદ્ધ જુવે નરનારી;
કાંઠે ઉભી શ્રી વૈષ્ણવોએ, પ્રભુને સ્તુતી ઊચારી, ફા.૧૦

દેવ દાસી વિનવે વિઠ્ઠલને, દયામણો સુર કહાડી;
સત્વર ધાઓ નહીં તો ગજને, દેશે મગરકુ બાડી. ફ઼ા.૧૧
અતિ આતુર ઉર છે સહુનાં ત્યાં, ગજે કરી કીકીયારી;
સુંઢ માત્ર બાકી રહી બીજે, ફ઼રી વળ્યું હા ! વારી. ફ઼ા.૧૨
છુટયું બાણ અટારીપરથી, ગાજંતુ ભયકારી;
પહોંચી ગયું પલકમાં જળમાં, વિધુત સમવપુ ધારી. ફ઼ા.૧૩
પાછું વળી ગયું પ્રભુ પાસે, નાંખ્યો મગર વિદારી;
જયજયકાર થયો દશ દીશમાં, મુદીત થયાં નરનારી. ફ઼ા.૧૪
વાજાં વાગ્યાં તોપો ફુટી, સહુએ સ્તુતિ ઉચારી;
કમળા કંથે કમળ સ્વીકારી, ગજને લીધો તારી ફ઼ા.૧૫
જય જણાવ્યો નિજ જનનો જગમાં, નિજ જશ અધિક પ્રસારી;
વડી આરતી થાળ થયાં કે, ચાલી સઘ સ્વારી. ફ઼ા. ૧૬
મંદીરમાં આવી અભિષેકે, સ્નાન કર્યું સુખાકારી;
ગોષ્ટીને વિનિયોગ થયો કે, થઈ પાછી તઈયારી. ફ઼ા. ૧૭
શ્વેત ગજેંદ્ર સુખદવાહનપર, આરૂઢ થયા મુરારી;
વિથી માંહે ફ઼રી આવ્યા પ્રેમે, દર્શન દઈ ચિત્તહારી. ફ઼ા. ૧૮
અશ્વારૂઢ થયા અલબેલા, છત્ર સુભગ શીરધારી;
ફ઼રી આવ્યા પુર માંહે ફ઼રીથી, જગ મોહન અવતારી. ફ઼ા. ૧૯
સુખ પાલે બેસી નિજ મંદીર, સ્વારી સઘ પધારી;
શોભા પંડી એતની નીરખતાં, અનુ ગયો બલીહારી. ફ઼ા. ૨૦

પડીએત વર્ણન.

ગરબી.

"ઓધવજી છે અળગીરે, વળી એક પ્રેમ તણી" એ દેશી.

પડીએત ઉત્સવનીરે, શોભા નવ જાય કથી;
મોટી ઉષા સમયમાંરે, ચઢે પ્રભુજી પગથી.
સુખપાલે બીરાજીરે, વ્હાલા મંદીરે આવ્યા;
વાજાં રોશની આદિરે, સહુ સાથે લાવ્યા.
ચાલ્યા ઝડપથી પહેલારે, પ્રદક્ષીણા કરવાને;
ઊભા થોડું દોડયા વળીરે, લાગ્યા એમ કરવાને.
દોડે આગલ અરઆરરે, એક કર તાલ લઇ;
રીઝાવે છે લક્ષ્મીનરે, રૂડારૂડા છંદ કહી.
મોટા દીવ્ય કવિનીરે, વદે મધુરી વાણી;
વદે ગાથા વીણેલીરે, ઉમંગ અતિ આણી.
સુણી શ્રવણુ સરવનેરે, ઉરે આનંદ વધ્યો;
ફેરો એમ પ્રભુજીનોરે, સુખે પરીપુર્ણ થયો.
આવ્યા પગથીની પાસેરે, ઉભાં જુવે નરનારી;
સેવકોએ સ્કંધેથીરે, શ્રી પાલખી ઉતારી.
ભુમી સરસા ઉભારે, સીતાવર મન હરતા;
છત્ર ધરતા સેવ કરે, ચામર ચોપાસે કરતા.
એક સેવક આવીરે, દેખાડે દર્પણને;
શોભા સારની દૈવીરે, કહે કદીએ ન બને.

ગાય ગાયન કરેરે, મીઠા સુરથી જ્યારે;
એક પગથી ધીરેરે, પ્રભુજી ચઢે ત્યારે.
એવી શોભા અનુપમરે, થઈ પગથી પગથી;
ચઢી ચોતરે ઉભારે, થોડું નિજ દ્વાર પ્રતિ.
પાછા એજ રીતીથીરે, સામા પગથી ઉતર્યા;
ધીમી ચાલે પછીથીરે, શ્રી ધામની તરફ ફર્યા.
ત્યાંની પગથી પાસેરે, ચઢયા વળી એજ રીતે;
ઉભી ભુમીના સરસારે, મંદીર ભણી જોઈ પ્રીતે.
થોડીવાર વિમાસતરે, અચાનક ઝડપ કરી,
દોડયા મંદીર સામારે, રૂડી ચાલે ચિત્તહરી.
જેવા પેઠા મંદીરમાંરે, તેવાં દ્વાર બંધ થયાં;
સાથે દોડતાં લોકોરે, બહાર જોતાંજ રહ્યાં.
એવી દૈવી લીલારે, પ્રભાત થતાંજ થઇ;
ખરી ખુબી અતુથીરે, ક્યમે નહીં જાય કહી.

રથ વાહનની સ્વારી-રાસ ક્રીડા વાહનની સ્વારી.

લાવણી.

મંગલ ફાગણ શુદ ચતુરદશી, મંગલકારી થયું પ્રભાત;
ઉઠી નાહી શણગારી બેઠા, શ્રીજીને મંદીર શ્રી નાથ.

ક્રીયા કરાવીને દ્વીજ કરથી, દ્વીજવરને દીધાં મસ દાન;
શોભા તે સ્થલની શીવરણું? શ્રી વૈકુંઠ સમોવડ સ્થાન ૧
વિશાલ છે સુખપાલ કનકનું, સરસ ચિતર્યા સહુ અવતાર;
ગાદી તકીઆ બીછાત જરનાં, ઝગમગતાંને સુગંધદાર.
સામા સંપતકુમાર સુખા, ઉભા અલબેલા શ્રીમાન;
જમણાં ડાબાં ભુમી લીલા. વચમાં શ્રીજી કૃપાનિધાન. ૨
ચરણકમલમાંનુ પુર મધ્યે, બીબી શોભે વિગ્રહવાન;
ઉપર પીતાંબર મનહરતું, કાંચીમાં છે નંગ મહાન.
કંઠ લગી શણગાર ઉદધીની લેહેર સમોવડ દીસે હાર,
વચમાં લહરી સમ છે ચકતાં વિવિધ ધારનાં જડીતકાર. ૩
કનક કવચ ઉજ્વલ આકારે, રત્નો ચમકે રવિ સમાન,
મણી માણુક મોતી હીરાની વિવિધ પ્રભા ભુલાવે ભાન;
તન કંચન ભુમીપર ઉગ્યાં રત્ન કુસુમ શું હારોહાર!!
કોટી અડ ગણુ ચમકે સાથે એથી પણ અધકીદે બ્હાર. ૪
એ સઘળાનું રક્ષણ કરવા તુલસી પુષ્પ તણા છે હાર,
કિંવા બાંધી કોર રૂપાળી આપે એવો દીવ્ય ચિતાર;
શોભાને સુગંધ બે સંગે અંગે ઓપે અપરંપાર,
દૈવી વાડી દીવ્ય દેહી દે એક બીજાને અધિક બ્હાર. ૫
ભવ્ય ભુજાપર બાજુ તેવાં કડાં સાંકળાં આદિ સર્વ,
સકળ જગતની શોભા કેરો હરે સઘ આ શોભા ગર્વ;
શંખ ચક્રને શદા ઝલકતા ધારી રાખ્યાં નિજ જન કાજ,
મંદસ્મીત ચિત્ત ચોર ઉભા આજે શ્રી સૈલ્ય પૈલ્ય મહારાજ. ૬
ઉપર નીચે કાને મોતી ચોતી તેની દીવ્ય વડી,

લોચનની ખુબી તો મુજને નથી વીસરતી કોઇ ઘડી;
મુકુટ મનોહર શીખર સકળ શોભાનું જોતાં -હૃદય ઠરે,
નખશીખ શોભા અમૃત ઉદધિ પીએ નયન મન ઝરણુંઝરે ૭
આની લલીત શોભાને લટકા સહ બેઠાં શ્રી મહારાણી,
ચંપકવરણી અશરણ શરણી કમલા માત કમલ પાણી;
ઉભાં બે દેવી બે પાસે ચાર મળી પુરે છે ચોક,
ચાર ખુટ વારૂં ચારેપર વારૂં ચઉદ ભુવનનાં લોક. ૮
ઉઠ્યા નાથ હાઠ નવ જામ્યો સ્વારીનો ભભકો ભારી,
છત્ર ચામરો ઉભય જાતનાં ચારે બાજુ ચિત્તહારી;
પંખા ધુપ સુગંધી સાથે પુષ્પ સુગંધી જાય બળી
વેદ, પ્રબંધ, છંદ ને ગાયન મજા વધારે સંગ મળી. ૯
દીવ્ય ઘોષ વાજાં ગાજાંનો શંખ ઝાંઝ બુગળનું જોર,
ઝાલરને ગામડીયાં વાજાં કરતાં પ્રેમે શોરબકોર;
શંખ ચક્રને ધ્વજાપતાકા શોભામાં આગળ ચાલે,
મુકુટોત્સવની ખરી મોજ આજે શ્રીમન મોહન મ્હાલે ૧૦
સેવામાં હય હાથી ડંકા પ્યાદા પલટનના સાથે,
ત્રિદંડ ધારીને આચારી શ્રી વૈષ્ણવ ચાલે ઠાઠે;
છડીદાર નિજ નોકર ચાકર દેવ દાસીઓ આદી અન્ય.
પુર નારી ભારી શણગારી પુંઠે ધીમે ચાલે ધન્ય. ૧૧
પ્રદક્ષીણા મંદીરને દઈને આવી રથ પાશે સ્વારી,
પ્રદક્ષીણા રથને પણ પાછી ચાર કરી પ્રીતી ધારી;
શોભા રથની તે શી વરણું ? કીધો છે ભભકો ભારી.
આતુર દરશન કરવા ઉભાં અસંખ્ય મોગમ નરનારી. ૧૨

મંગલ સમયે મંગલ રથપર ચઢ્યા પ્રભુ મંગલકારી,
ભેટ ભાવથી ધરવા લાગ્યાં એક સામટાં નરનારી;
ફુલાંનો વરસાદજ વરસ્યો સંગ સુગંધી દ્રવ્ય વળી,
પ્રેમ પ્રજાનો અદ્ભુત પેખ્યો દેખ્યા વિણુ ન શકાય કળી. ૧૩
પાન સોપારી પુષ્પ હાર શ્રીફળ ફુળાં હળદરની સાથ,
ભરી ટોપલા ભેટ ધરે જન ઉરમાં સર્વે અતી રળીઆત;
સેવા સરવે તણી સ્વીકારી સંતોષીને સીતાપતિ,
રથ બેસી ફરી આવ્યા સ્વારી ધીરે ધીરે નગર પ્રતિ. ૧૪
શોભા પુરની સકલ પ્રજાની રથની શોભા શું વરણું ?
રથના સહુ શણગાર તણી શોભા સઘળી શી રીતે ભણું ?
શોભા પરીજન પરીચારકની કહે લખે નર કેમ બણે,
અનંત માત પિતાની શોભા અનંત વેદો નિત્ય ભણે. ૧૫
સાંઝે સાદાં વસ્ત્ર સજીને રથથી ઉતર્યા લક્ષ્મીનાથ,
આવ્યા નિજ મંદીરમાં ન્હાયા જમ્યા દીધો સરવને પ્રસાદ;
પાછા આપ છડા શણગારો છટા થકી અંગે ધારી,
મંદીર માંથી બ્હાર પધાર્યા ફરવાને પુરમાં સ્વારી. ૧૬
રાસ ક્રીડા વાહન મન ગમતું ફરતી ગોપી ગોળાકાર,
રાસ રમંતી દીસે સુંદર મધ્યે ઉભા પ્રાણાધાર;
ફરતું વાહન મસ ચિત્ત હરતું હા ! વીસરતું નથી લગાર,
અનંત મહીમા ચતુર દર્શનો નીરખી સફલ કર્યો અવતાર. ૧૭

મંડપે થતી લીલાનો નમુનો.

"કહોને સખી ક.રતક કેમ જાશે?" એ દેશી.

લલિત અતિ પુનમની લીલા ગાણું મધુ સુદન મોળીલા
લલત. ટેક.

આજે થઈ મંડપડી ભારી કરાવે ઉત્તમ આચારી;
ખુબી તેની સહુથી સારી. લલિત અતિ. ૧
રચ્યો મંડપ મોટો ઉમદા વચે પ્રભુનું આસન સુખદા;
સ્થાન નરનારી કાજ જુદાંરે. લલિત અતિ. ૨
સમારી સામગ્રી સારી કરી રાખી સહુ તઈઆરી;
પધારી ત્યાં પ્રભુની સ્વારીરે. લલિત અતિ. ૩
વધારી બેસાડ્યા સ્વામી શ્રી ભુમી સંગે ગુણગ્રામી;
શ્રી વૈષ્ણવની ઠઠ ઝટ જામીરે. લલિત અતિ. ૪
આવ્યા સરવે શુભ આચારી આવ્યા સ્વામી ત્રિદંડ ધારી;
આવ્યા નર નારી શણગારીરે. લલિત અતિ. ૫
શ્રીમંજન મઠણેનું સાથે, થવા લાગ્યું અરચક હાથે;
ગાજ્યો મંડપ વાજાં નાદેરે. લલિત અતિ. ૬
પંચામૃતના પ્યાસે પ્યાલા, થાતા નિજ સેવામાં હાલા;
સુખ દર્શન દેતા વ્હાલારે. લલિત અતિ. ૭
હરીદ્રા કેરૂં સ્નાન કરી, કનક વરણે જન ચિત્ત હરી;
પ્રસાદી વહેંચી પ્રીત ધરી. લલિત અતિ. ૮

ઘડી ઘડી ટેરામાં રહેતા. વિવિધ વસ્ત્રો બદલી લેતા;
વિવિધ રૂપે દરશન દેતા. લલિત અતિ. ૯
ફરી ફરી આરતીઓ થાતી, ધરાતા થાળ વિવિધ ભાતી;
પ્રસાદી પુષ્કળ વહેંચાતી. લલિત અતિ. ૧૦
છેલ્લે અભિષેક થયો ભારે, ધારાઓ સહસ્ત્ર પડે હારે;
વદે જન પુરૂષ સુક્ત પ્યારેરે. લલિત અતિ. ૧૧
પુરણ થયું મંગલ સ્નાન જદા, શ્રંગાર થવા પટ આવ્યો તદા;
આવ્યાં નવાં વસ્ત્ર ભુષણ ઉમદા. લલિત અતિ. ૧૨
થતાં શણગારો સાંઝ પડી, થઈ ગઇ રોશની તેજ ઘડી;
શોભા થઈ સ્થળની અધિક વડી. લલિત અતિ. ૧૩
થઇ થાળ ધરવાની તઈયારી, આવ્યા ટોપલે ટોપલા ભારી;
રહ્યા બહુ સમય સુધી જારી. લલિત અતિ. ૧૪
બેઠા જમવાને જગનાથા, શ્રી ભુમી રામાનુજ ભ્રાતા;
પ્રભુ ગુણ ગાયકજન ગાતા. લલિત અતિ. ૧૫
જમી રહ્યા જાણી સરવે થઈ, શોભા આરતીની ન જાએ કહી.
દૈવી ભુમી ચિત્ત ચોટી ગઇરે. લલિત અતિ. ૧૬
નવાં તન અંબર છે ભારી, નવાં ભુષણની બલીહારી;
ખીલ્યાં કુસુમો અતિ ચિત્તહારી. લલિત અતિ. ૧૭
શોભે હરિ શ્રી ભૂમી સંગે, બેઠા યતિરાજ ઉછરંગે;
જોઇ રહ્યો મોહી અંગ અંગે. લલિત અતિ. ૧૮
પાસે અંનકોટ પુર્યો દીસે, વિવિધ વસ્તુ બહુ પાત્ર વિષે;
સુગંધી શોભા છે અતિશે. લલિત અતિ. ૧૯
અનુ અહીં અધિક હું શું વરણું ? ધારી ધ્યાન માંહે લીન બણું,
રામ પ્રિયનો જય નિત્ય ભણું. લલિત અતિ. ૨૦

તપોત્સવનું વર્ણન.

ગરબી.

ઓધવજીના સંદેશાનો રાગ.

પુનમની પુરણ અજવાળી રાતડી,
સુખદ ચાંદની ચારે દીશે જણાય જો;
વસંત રૂતુ તણો વાયુ વહે છે વળી,
ઉપવનમાંની સુગંધ મસ ફેલાયજો. પુનમ. ૧
સરસ બગીચો યદુગિરિ મધ્ય સોહામણો,
નવ પલ્લવ કુસુમોની નૌતમ બ્હારજો;
મધ્યેસર બાંધેલું નીરમળ નીરનું,
ઘાટ રૂપાળા વિધવિધ ખુબીદારજો. પુનમ. ૨
એક તરફ આચારી દીજ વર ઓપતા,
શુદ્રાદિકની સામી જુદી હારજો;
એક તરફ સ્ત્રી મંડળ બેઠું સંપથી,
ખુલ્લી ઉજવળ એકજ દીસે કીનારજો. પુનમ ૩
સંપત કુમાર ત્યાં આવ્યા સ્વારી કરી,
સંગે શ્રી, ભુ, દેવીને યતિરાજજો;
વાજાં ગાજાં આતશબાજી રોશની,
શોભે સુંદર યદુગિરિ મહારાજજો. પુનમ. ૪
સરની ચારે બાજુ ફરતી રોશની,
ઉભીકતાર મશાલો હારોહારજો;

છુટે મધ્યે મધ્યે દીવ્ય અપોરીઆં,
બીજી આતશભાજીની મસ બ્હારજો. પુનમ. ૫
વિમાન સરખું વડું વહાણુ શણગારીયું,
ધ્વજા પતાકા કળસ દ્વાર છે ચારજો;
મધ્યે ઉંચું આસન છે મન ભાવતું,
શ્રીવર આવીને બેઠા તે ઠારજો. પુનમ. ૬
ફાનસમાં દીવાની પેઠે દીપતા,
સુર્ય મંડલે જેમ દીપે છે ભાણુજો;
ઉપમા એવી અધિક અધિક દઈ થાકતાં,
અનુપમા એ એકજ આપ સમાનજો. પુનમ. ૭
શ્રી, ભુમી, બેઠાં બે બાજુ શોભતાં,
ભાષ્યકાર કર જોડી બેઠા પાસજો;
ચામર પંખા કરતા સેવક સ્નેહથી,
વાજાં વાગે દીપે દીવ્ય અવાસજો. પુનમ. ૮
કાંઠે કાંઠે ફર્યા ધીમે ધીમે હરિ,
દરેક જનને દરશન દીધાં ધન્યજો;
સ્હેલ કરી સરની પોતે મન ભાવતી,
તપ ઉત્સવની શોભા ભવ્ય અનન્યજો. પુનમ. ૯

હીંડોળો તથા પરકાલસ્વામીની લીલા.

સ્હેલ કરીને વળ્યા મંદીરે શ્રીપતી,
આવ્યા શ્રીજી દેવી તણે અવાસજો;

ઝુલો બાંધી તેપર બેઠા ઝુલવા,
શ્રી ભૂદેવી પ્રેમે બેઠાં પાસજો. પુનમ. ૧૦
સુંદર ઝુલે છત પીછવાઈ છાજતી,
ગાદી તકીયા સુંદર ડાંડી ચારજો;
સ્વરૂપ રૂપે સરખાં સુંદર શોભતાં,
દેવી સાથે બેઠા જગદાધારજો. પુનમ. ૧૧
ધીમે ઝુલાવે બે અર્ચક દાંડી ગૃહી,
ચામર પંખા બંને બાજુ થાયજો;
કોમળ પલ્લવ કેળ કુસુમને તોરણો,
દીવ્ય રોશની દેખી દીલ હરખાયજો. પુનમ. ૧૨
હારદોર બેઠાં નરનારી શોભતાં,
સ્વામી સુંદર દેવ દાસીઓ ગાયજો;
મીઠા સુરથી ઉર હરખાવે ઇશનું,
ડોળ તણો આ ઉત્સવ મસ વખણાયજો. પુનમ. ૧૩
મોડા અશ્વારૂઢ થઈ નીકળ્યા એકલા,
આવ્યા ત્યાં પરકાલ સ્વામી થઇ ચોરજો;
હાર હરિના ઉરથી લઈ નાઠા તદા,
પકડમપકડા થઈ જબરી ઝકઝોરજો. પુનમ. ૧૪
છાના રાતે આવી સુતા શ્રીપતિ,
વડી પ્રભાતે ઉઠી નીકળ્યા બહારજો;
અનંત લીલા અનંતના સ્વામી તણી,
કહે સુણે નીરખે નવ આવે પારજો. પુનમ. ૧૫

પ્રેમનો ઝગડો.

રાગ વીવાહનો.

આજનો દીન આનંદ કારીરે, લીલા જોવા જેવી ચિત્તહારીરે.
આવ્યાં મંદીરમાં નરનારીરે, જોવા ઝગડો થઇ ભીડ ભારીરે.
બેઉ દેવી આવ્યાં નિજ દ્વારેરે, કીધો કોપ પ્રભુપર ભારેરે.
રાતના ગયા એકલાં મેલીરે, તેથી શંકા કરી ઉર ઘેલીરે.
બેઠાં બેઉ પતિથી રીસાઇરે, લક્ષ્મીજીને સીતા સુખદાઇરે.
એવે આવી પ્રભુની સવારીરે, સુખપાલે બેઠા છે મુરારીરે.
રાણીઓને રીસાએલી દેખીરે, ઉર માંહે પ્રભુ ગયા ચેતીરે.
પોતે બ્હીને ચાલ્યા નવ આવ્યારે, તેમ દેવીઓએ ન બોલાવ્યારે
સામા દૂર આતુર બની ઉભારે, ઉર કરવા લાગ્યા મનસુબારે.
જુવે એકબીજાની સાંમેરે, પણ વ્હેમ ન ઉરનો વિરામેરે.
પ્રભુએ તવ મોકલ્યા દાસોરે, ઉભાં લોક જુવે છે તમાશોરે.
દાસો વિનવે છે કરજોડીરે, દેવી માને નહીં વ્હેમ છોડીરે;
પ્રભુ પાસે જાએ પાછા આવેરે, વેણ મરમનાં કહેને સુણાવે.
ચાલી ભાંજઘડો જવ ઝાઝીરે, ત્યારે કાંક દેવીદીઠાં રાજીરે;
પ્રભુ આશે અને વિશવાસેરે, જેવા ચાલી આવ્યા દેવી પાસેરે.
આડો પડદો ત્યાં તુરત કરાવ્યોરે,ક્રોધ ઉરનો અધિક જણાવ્યોરે
પ્રભુ પાછા વળ્યા શરમાઇરે, જુવે લોકો લીલા હરખાઇરે.
આછી ભાંજઘડો વળી ચાલીરે, દીધો વ્હેમ દેવીઓનો ટાળીરે;

તો એ સઘ મળ્યાં નવ દેવીરે, લીલા હસવા અને જોવા જેવીરે;
એક દાસે જામો પાઘ ધારીરે, કેડ બાંધી તે ઉપર ભારીરે.
શઠ ટોપ માથાપર સાહીરે, ગયો દેવી પ્રતિમલકાઈરે;
તેને પાસે તો આવવા દીધોરે, પછી ખેલ ખરેખરો કીધોરે.
રંગ કલશ અચાનક ઢોળીરે, રંગ માંહે નાખ્યો તેને રોળીરે;
તરબોળ થઈ પાછો ચાલ્યોરે; લ્હાવતે એને હરિએ આલ્યોરે.
વાત્ત ચીત પુંઠે થોડી ચાલીરે, પ્રેમ દ્રષ્ટી પરસપર ભાળીરે;
ઉઠયા ઝડપ કરી જગરાયારે, શ્રી ભૂદેવીની સનમુખ ધાયારે.
તેવાં ત્રણે મળી જઈ સંગેરે, ગયાં પેસી મંદીરમાં ઉમંગેરે:
દ્વાર બંધ કરી દીધાં પોતેરે, એકમેકથયાં જોતે જોતેરે;
પામી આનંદ વિસ્મય ઉરમાંરે, લોકો સઘ વેરાયાં પુરમાંરે.

અવભૃત સ્નાન ઉત્સવની સમાપ્તી.

રાગ એજ

કલ્યાણી સરપર મધ્યાનેરે, મળ્યા સહુ જણ એકજ ટાણેરે.
ઘાટ પગથીયાં જનથી છવાયાંરે, ભીતો છાપરાં જનથી ભરાંયાંરે
એક તરફ દ્વીજોને આચારીરે, બીજી બાજુ બીજા નરનારી.
સેવા સરવે તંરથની કરતાંરે, ભેટ ભાવની વિધવિધ ધરતાંરે,
દીસે શ્રીકૃષ્ણ અગણીત તરતાંરે,ગોળ દેઠ્ઠાંઓ જળમાંહતરતાંરે;
દીપકપુર તણા, પુષ્પહાર, સેવા થાતી દીસે ઠારોઠારરે.
ચાલી એમ ઘડી ભર સેવારે, આવી પહોંચ્યા ત્યાંહાં દેવદેવારે;

સાંમે તીરે આવ્યા સુખ રાશીરે. લોકો જોઈ રહ્યાં છે વિમાશીરે.
દીજે તીર્થંનું પુજન કીધું રે. દીવ્ય વિગ્રહ શીરપર લીધું રે;
જેવા જળ માંહે નાહ્યા મુરારીરે, તેવાં ન્હાયાં સકલ નરનારીરે
શોભા ભીડ બની છે ભારીરે. કેમે તે ન શકું વિસતારરે.
ધન્ય ધન્ય આતીરથ વારીરે, તીર્થોપલ આ મહા પુણ્યકારીરે
તીર્થં સર્વે કલ્યાણીમાં આવેરે, માટે સ્નાન કરે જન ભાવેરે,
કરે સ્નાન હરિ સુઆચારીરે, શ્રી વૈષ્ણવ સુભાગી નરનારીરે.
તેની સંગે ન્હાયા તણો લ્હાવોરે, જુવે તેજ જાણે કે છે આહાવો.
અમે સ્વામી પ્રતાપે તે લીધોરે, મુકુટોત્સવ પુરણ કીધોરે.
નિત્ય ઉત્સવ ત્યાંથએ જાયરે, મન તૃપ્ત કેમે નવ થાયરે.
કોણ અમૃત પીતાં વીરામેરે ભાગ્યમાં હોય તેટલું પામેરે,
થોડું જે શ્રી હરીએ પાયું રે, તેને વરણીને અહીંયા ગાયું રે,
ધ્યાન એજ અહરનીશ રેહેજોરે, લ્હાણુ એજ ફરી ફરી દેજોરે.
એવું માગી નમું શીરનામીરે; જય મંગલ હો અનુ સ્વામીરે.

બીજે ફેરે બે વાર-ભાષ્કારની યાત્રા ઉત્સવ.

"કારતક મહીને કાનજી સાહેલીરે" એ દેશી.

શ્રી લક્ષ્મણ આર્ય કૃપાનિધિ યતિરાજ નમું,
પ્યારા રામાનુજ તાત, ગુરૂપદમાં પ્રણમું.
તેડાવી નિજ ચરણમાં યતિ. કીધાં અમને રળીયાત. ગુરૂ.
શ્રીવેલુરથી સાંઝનાં યતિ. આવ્યાં જવ પહેલીવાર. ગુરૂ.
તેવા બેટાડ્યા પ્રભુ યતિ. મંગલ વિમાનપર સ્વારઃ ગુરૂ.

સંગે શ્રી ભૂશોભનાં યતિ. અંગે ઉત્તમ શણુગાર. ગુરૂ.
અંતઃકરણ ગળી ગયાં યતિ. જોઇ પુરવાસીનો પ્યાર. ગુરૂ.
સ્હેલ કરીને મંડપે યતિ. આવ્યાં મંદીર મોઝાર. ગુરૂ.
ભુતપુરીના લોકનો યતિ. છે ધન્ય સફલ અવતાર. ગુરૂ.
બીજે દીન પણ એ રીતે યતિ. સ્વારી દીઠી સુખરૂપ. ગુરૂ.
આદી કેશવ શ્રીપતિ યતિ. હરી ચૌદ ભૂવનના ભુપ. ગુરૂ.
ફરી આવ્યા પુરને વીષે યતિ. કરી મંડપમાં પણ સ્હેલ ગુરૂ.
તે પુંઠે વળી અવનવી યતિ. થઈ મંડપમાં રંગ રેલ. ગુરૂ.
યતિપતિ નાથ પ્રીયા રૂડાં યતિ થઇ શુભ વિમાન અસ્વાર. ગુરૂ.
નિજ મંદીરમાં આવીયાં યતિ. નીજ આંગણુંલા મોઝાર. ગુરૂ.
નખ શીખ શોભા શી કહું યતિ. અતીશય ઝળકે શણુગાર. ગુરૂ.
કંચન વરણી રોશની યતિ. ગાજાંવાજાંની બ્હાર. ગુરૂ.
દેવ દાસીઓ નાચતીરે યતિ. માતાજીનાં પદગાય. ગુરૂ.
એ આનંદ લીલા અહા ! ય. નીરખ્યા વિણુનવ સમઝાય. ગુ.
લટકે મંદીર આંગણે ય. ટેલ્યાં અલીને તડી માત. ગુરૂ.
ઉભા ન્હાને મંડપે યતિ. અતિરમણીક થઇ ગઇ રાત. ગુરૂ.
ઝુલે પછી બીરાજીયાં યતિ. ઝુલ્યાં ધીરે સુખકાર. ગુરૂ.
એ દર્શન સુખના ઉપર યતિ. વારી નાંખુ સંસાર. ગુરૂ.
એવાં સુખ મસ આપીયાં યતિ. તેડાવીને નિજ દ્વાર. ગુરૂ.
શયન ક્રીયા સુધાં બધું યતિ. દેખાડયું પ્રાણુ ધાર. ગુરૂ.
એક દીવસ સુખ આપીઆં યતિ. ઉર ધાર્યા થકી વિશેષ. ગુ.
પછી પ્રીતથી મોકલ્યાં યતિ. કરવા મોટા દીવ્ય દેશ. ગુરૂ.
સાથે રહી સહુ સ્થલે યતિ. રાખી દીન નીશ સંભાલ. ગુરૂ.

એ અમોઘ કરૂણા અહા! યતિ. નહીં વીસરશે કોઈ કાળ. ગુ.
બધે હેરવી ફેરવી યતિ. આણ્યાં પાછાં નિજ ઘેર. ગુરૂ.
જતાંવેંત દસ વાગતે યતિ. દેખાડી લીલા લહેર. ગુરૂ.
ધ્વજા પતાકા તોરણો યતિ. મંડપ રમણીય મહાન. ગુરૂ.
ઉમંગ શોભા નગ્રમાં યતિ. દીસે છે સઘળે સ્થાન. ગુરૂ.
રથની વીથી વિષે અતિ યતિ. વાજાં ગાજાં ધુમ ધામ. ગુરૂ.
પુષ્પહારનાં તોરણો યતિ. બાંધ્યાં છે ઠામો ઠામ. ગુરૂ.
ધનીક જન ટોળે મળ્યાં યતિ. ઝળહળતાં દીસે અંગ. ગુ.
ખાલી સ્થાન જરા નથી યતિ. સઘળેજ ઉમંગ ઉમંગ. ગુરૂ.
રથ મોટા મંદીર સમો યતિ. ઉપર અનેક શણગાર. ગુરૂ.
ધ્વજા કળશ ઘંટા ઘણી યતિ. વાજાં વાગે સુખકાર. ગુરૂ.
મધ્યે મોટે આસને યતિ. શોભે યતિવર સુખકાર. ગુરૂ.
અંગે અતીશય ઓપતા યતિ. નૌતમ જડીત્ર શણગાર. ગુ.
પેટ ભરી પાસે જઈ યતિ. ધારીને નીરખ્યા નાથ. ગુરૂ.
અટકળથી આવે નહીં યતિ. એ અતુલ્ય સુખનો સ્વાદ. ગુ.
સંધ્યાએ શોભા વધી યતિ. જનથી ઉભરાયું પુર. ગુરૂ.
વાજાં નૌતમ જાતનાં યતિ. કાઢતાં મનોહર સૂર. ગુરૂ.
ઉતર્યા રથથી શ્રીપતિ યતિ. શોભાવ્યું શુભ સુખપાલ. ગુ.
કંચન વરણી રોશની યતિ૦ ત્યાં થઇ રહી ઝાકઝમાલ ગુ.
ભુષણ વસ્ત્ર ધર્યા નવાં યતિ. તાજાં કુસુમોના હાર. ગુરૂ.
જ્યોતી મુકુટ જડાવની યતિ. કરતી અહુંનીશ ચળકાર. ગુ.
સ્વારી ભારી ઠાઠથી યતિ. આવી ઉપવન મોઝાર, ગુરૂ.
ત્યાં મન મોહન મંડપે યતિ. ઉતર્યા ગુરૂ જગદાધાર. ગુરૂ.

થયું શ્રીમંજન ત્યાં વડું યતિ. એ વિધિ અલૌકીક ધન્ય ગુ.
નિ.ય કર્યું શ્રીયતિશ્વરે યતિ. એ સમ ખુબી નહીં અન્ય. ગુ.
સ્વારી દીઠી રાતમાં યતિ. મંગલગીરીમાં મહારાજ. ગુરૂ.
ફર્યા વીથીમાં ઠાઠથી યતિ. નિજ આશ્રીત જનને કાજ. ગુ.
એ શોભા આનંદમાં યતિ. વીતી ગઈ સુંદર રાત. ગુરૂ.
સ્વામી આવ્યા મંદીરે યતિ. ત્યાં પડીયું વડું પ્રભાત. ગુરૂ.
ચંદન કેસર લેપનો યતિ. વાધ્યો ધારીને અંગ. ગુરૂ.
નવાં ભુષણો શોભતાં યતિ. નીકળ્યા ગુરૂ વધ્યો ઉમંગ. ગુરૂ.
હંસ ચાલથી ચાલતા યતિ. મંદીરમાં કરૂણાનાથ. ગુરૂ.
હય હસ્તીની ચાલથી યતિ. ટેલ્યા લક્ષ્મણ જગતાત. ગુરૂ.
એ શોભા અતીશેં ગમી યતિ. શણુગારે મોહ્યું મન. ગુરૂ.
વડી સ્વારી ત્યાં કરી યતિ. નીકળયા સ્વારી શ્રીમન. ગુરૂ.
પાલખીએ બેઠા પ્રભુ યતિ. તન નવા ધરી શણુગાર. ગુરૂ.
હેમ હિરાને રત્નની યતિ. નખ શીખ છે નૌતમ બ્હાર.
જન્મ દીવસ છે આજનો યતિ. છે અહીંજ જન્મ સ્થાન ગુરૂ.
ત્યાં શોભા થઈ અવનવી યતિ. જય રૂડા થયા મધ્યાન. ગુરૂ.
મંદીર સ્હામે શોભતો યતિ. મંડપ છે અતિ મહાન.
શણુગાર્યો શુભ સાધને યતિ. તે માંહે જન્મનું સ્થાન. ગુરૂ.
સ્વારી ફરી આવ્યા પ્રભુ યતિ. પ્રીય જન્મ સ્થાન મોઝાર. ગુરૂ.
પુષ્પ હીંડોલે પ્રીતથી યતિ. બેઠા પ્રીય પ્રાણુધાર. ગુરૂ.
દર્શન દઇને સર્વને યતિ. વળી વડા કર્યા શણુગાર. ગુરૂ.
આવ્યા સાદાવેશમાં યતિ. મોટા મંડપમાં બ્હાર. ગુરૂ.
અવસર આજતણો વડો યતિ. સહુને એનોજ પ્રતાપ. ગુરૂ.

આ સમયે પ્રકટ્યા ગુરૂ યતિ. શ્રીવૈશ્રવનાં માબાપ. ગુરૂ.
થયું ત્રીમંજન એ સમે યતિ. તે દીવ્ય સર્વથી શ્રેષ્ટ. ગુરૂ.
અન્ય ત્રીમંજન વર્ષમાં યતિ. સરવે એનાથી હેઠ. ગુરૂ.
ચરણામૃત પર સર્વનો યતિ. જે દેખ્યો અદભૂત પ્રેમ.
એ લીલા તો ઉરથી યતિ. વીસારી શકાયજ કેમ. ગુરૂ.
એ શ્રી વૈષ્ણવ મંડળી યતિ. એ વેદ પાઠની ધુંન્ય. ગુરૂ.
તે નીરખે શ્રવણે સુણે યતિ. જેનાં હોએ પૂરાં પૂણ્ય. ગુરૂ.
રાંતે જે સ્વારી થઇ યતિ. એ સમ દીઠી નહીં અન્ય. ગુરૂ.
કનક વિમાને શોભતા યતિ. જય યતિરાજ જય ધન્ય. ગુરૂ.
જડીત્ર શણગારો અંગે યતિ. ફરતા કુસુમોના હાર. ગુરૂ.
સ્તંભ સદ્રશ દીઠા વડા યતિ. બહુરંગી સુગંધદાર. ગુરૂ.
કંચન વરણા મોરલા યતિ. ચમકે બેઠા બે પાસ. ગુરૂ.
શ્વેત છત્ર ને ચામરો યતિ. આપે ઉરને ઉલાસ. ગુરૂ.
સિંહ ચાલથી મ્હાલતા યતિ. ચાલે ડોલંતી ચાલ. ગુરૂ.
નખશીખ શોભા નીરખતાં યતિ. ઉપજે ઉર અતિશે વહાલ.
વાંજાંગાજાં રોશની યતી. જબરૂં લોકોનું જુથ. ગુરૂ.
આતશબાજી અંતોરૂડી યતિ. શોભા આપે અદભૂત. ગુરૂ.
છુટે ઝાડ જગે જગે યતિ. રંગો વિધ વિધ બદલાય. ગુરૂ.
પળમાં વિધવિધ રંગથી યતિ. નભ આખું વળી છવાય. ગુરૂ.
ડગલે ડગલે નાચતી યતિ. વળી દેવદાસીઓ ગાય. ગુરૂ.
રીઝવવા યતિરાજને યતિ. ત્યાં વિધવિધ લીલા થાય. ગુરૂ.
ઠામો ઠામે મંડપે યતિ. વિધ વિધ રંગી દીપમાલ. ગુરૂ.
જહાં જુઓ ત્યાં આજતો યતિ. દીસે છે ઝાકઝમાલ. ગુરૂ.

આવ્યા પુરની મધ્યમાં યતિ. મોટે મંડપ મહારાજ. ગુરૂ.
આવ્યા ત્યાં શુભ હાથીઓ યતિ. સેવા કરવાને કાજ. ગુરૂ.
પ્રદક્ષીણા પહેલી કરી યતિ. પુરણ પ્રીતીથી ચાર. ગુરૂ.
અમર ગુદીને સુંઢમાં યતિ. ઉડાડયું તેણે ઠાર. ગુરૂ.
કળશ આરતી ત્યાં થઈ યતિ. બેઠા સ્વામી સુખકાર. ગુરૂ.
બેઠા વૈષ્ણવ મંડલી યતિ. કરતી પ્રબંધ ઉચ્ચાર. ગુરૂ.
નૃત્ય થવા લાગ્યું ત્યાંહાં યતિ. આતશ બાજીના ખેલ. ગુરૂ.
મધરાતે નગરી મહીં યતિ. સઘળે છે રંગની રેલ. ગુરૂ.
એ રીતે પુરમાં ફરી યતિ. દર્શન દેઈ ઘેરે ઘેર. ગુરૂ.
સેવા લીધી સર્વની યતિ. કીધી પરીપુરણ મહેર. ગુરૂ.
પ્રભાત પડયા પછી પ્રભુ યતિ. આવ્યા નિજ મંડપ સ્થાન.
પુજન અર્ચન ત્યાં થયું યતિ. આરોગ્યા શુભ પકવાન. ગુ.
ગંધ પડી છેલે થઇ યતિ. ઢાંકી દીધા શણગાર. ગુરૂ.
સુરણ કેસર વરણનું યતિ. ઉડાડે નરને નાર. ગુરૂ.
સ્વારી કરી યતિપતિ યતિ. ચાલ્યા લક્ષુ વિથી મોઝાર. ગુ.
કેસરી રંગ ઉડાવતા યતિ. શ્રી ભુતપુરી સરકાર. ગુરૂ.
આપ્યો તદા અનંતને યતિ. પોતે પ્રીતથી પ્રસાદ. ગુરૂ.
એ શોભા મન મોહનની યતિ. ઉર રહેજો નીશ દીન યાદ. ગુ.

બીજીવારની યાત્રાનો સાર-રહી ગએલ વ્રતાન્ત સાથે

ગરબી.

"અલબેલી અંબે માત જોવાને જઇએ"

ધન્ય ધન્ય અમારાં ભાગ્ય, જાત્રા જઇ આવ્યાં;

થઇ પ્રભુની કૃપા અથાગ, જાત્રા જઈ આવ્યાં. ટેક
શ્રી નીવાસના શરણ પ્રતાપે, યતિરાજે શુધ લીધીરે;
શ્રીજીને શ્રીવરને વીનવી, આશા પુરણ કીધી. જાત્રા. ૧
વ્યંકટેશનની આજ્ઞા પામી, પાટણ આવ્યો પ્રેમેરે;
લક્ષ્મી નારાયણ મન હારી, નહીં વીસરશે કેમે. જાત્રા. ૨
પર્વ મહોદય સિદ્ધપુરમાં, થયું બિંદુ સરસ્નાનરે;
શ્રી ગોવીંદ માધવ મન મોહક, નીરખ્યા કૃપા નીધાન. જા.
મુંબઈથી નિકળી પુને થઇ, પંઢરપુરમાં આવ્યાંરે;
વિઠ્ઠલ રૂકમાબાઇ નીરખીયાં, ભીમા નદીએ ન્હાયાં. જા.
શ્રી ત્રીપતીમાં આવી કીધું, કપીલ તીર્થે સ્નાનરે;
નીરખ્યા ગોવિંદરાજ કૃપાધન, રામ સ્વામી ભગવાન. જાત્રા.
ત્રઈણુ ગાઉ તીર ચાતુર આમે, લક્ષ્મી નીરખ્યાં પ્રેમેરે;
પછી ચઢયાં શ્રી વ્યંકટ ગિરિપર, એ ન વીસરશે કેમે. જા. ૬
વ્યંકટનાથ ગરૂડ વાહનપર, કલ્પવૃક્ષપર દીઠારે;
વિવાહ ઉત્સવ સમે નિરખતાં, લાગ્યા મનને મીઠા. જા.
કીધું આકાશ ગંગામાંને, પાપનાશની સ્નાનરે,
પરોઢીએ અભિષેક સમય હા ! નીરખ્યા ભીને વાન. જાત્રા. ૮
મદ્રાસે આવીને નીરખ્યા, પાર્થ સારથી નાથરે,
જતાંવંત ઉત્સવ દેખીને, થયાં અતિ રળીયાત. જાત્રા. ૯
પ્રભાતમાં શ્રીરંગ સ્વામીને, રાગસ્વામીને સ્થાનરે;
ગજેંદ્ર વરદ સાંઢાંજ બિરાજ્યા, શ્રી નૃસિંહ ભગવાન. જા. ૧૦
મૈલાપુરમાં જઇને નિરખ્યા, શ્રી કેસવ ભગવાનરે,
આલવાર બે માધવ સ્વામી, દેશીક ગુરૂ મહાન. જાત્રા. ૧૧

તીનાતુર પુર માંહે નીરખ્યા, શ્રી ભક્ત વત્સલ નાથરે;
નાચગાન ઉત્સવ દેખ્યો, ત્યાં રમણિય લાગી રાત. જાત્રા. ૧૨
નીરખ્યા શ્રીવીર રાઘવસ્વામી, શ્રીવેલુર મોઝારરે;
રૂડું ત્રીમંજન ત્યાંહાં વિલોકી, ઉપજ્યો હર્ષ અપાર. જા. ૧૩
ત્યાંથી ભૂતપુરી આવ્યાં, કે પ્રભુ પધાર્યા બ્હારરે;
આદિ કેશવ શ્રી ભૂસંગે, શુભ વાહનપર સ્વાર. જાત્રા. ૧૪
બીજે દીન પણ પ્રભુની સ્વારી, નીરખી થયાં પ્રસન્નરે;
શુક્રવાર શ્રીજીની સ્વારી, ઉત્સવ કીધો ધન્ય! જાત્રા. ૧૫
ત્યાંથી કાંચી આવી નીરખ્યા, વરદરાજ ભગવાનરે;
દીવ્ય દેશ દસબાર ફર્યાને, કર્યાં તીર્થમાં સ્નાન. જાત્રા. ૧૬
અરકોનમ થઈ બેંગલોર થઈ, શ્રીરંગપટણ આવ્યાંરે;
રંગનાથને નીરખ્યા પ્રેમે, કાવેરીમાં નાહ્યાં. જાત્રા. ૧૭
ચઢયાં મેલકોટે ત્યાંથીએ, યાદવગિરિપર ગામરે.
દક્ષિણ બદ્રી નારાયણનું, નારાયણ પુર ધામ. જાત્રા. ૧૮
કરયું વેદ પુષ્કરણીમાંને, ૧ ધનુષ્ય કોટીમાં ૨ સ્નાનરે;
યાદવ દર્ભ પલાશ પદ્મ મૈત્રેય સુતીર્થ મહાન. જાત્રા. ૧૯
૩ ૪ ૫ ૬ ૭
શ્રી નારાયણ તીર્થ આઠમું, કલ્યાણીસર ખાસરે;
સાત ક્ષેત્ર ત્યાંનાં પણ નીરખ્યાં, પામ્યાં ઉર ઉલ્લાસ. જા.
પાહાડપર શ્રી નૃસિંહ નીરખ્યા, નીચે વરાહ રૂપરે;
મંદીરમાં નારાયણ નીરખ્યા, સંપત કુમાર ભુપ. જાત્રા. ૨૧
લક્ષ્મીજીને [illegible]જનાં, રૂડાં ત્રીમંજન દીઠાંરે;
[illegible]રે સુદી ઉત્સવનાં સુખડાં, લાગ્યાં અનહદ મીઠાં. જા. ૨૨

દશે દિવસનો અદભુત ઉત્સવ, લીલા વિધવિધ ભાતરે;
મહીમા તેનો સૌથી મોટો કહે, બને નહીં વાત. જાત્રા. ૨૩
ત્યાંથી ઈરોડ થઈને આવ્યાં રંગનાથને ધામરે;
નીરખ્યા શ્રીવર શ્રીજી નીરખ્યાં, શ્રી ગરૂડ ગુણુગ્રામ. ૨૪
કાવેરીમાં ન્હાતાં નીરખ્યા, પુંડરીકાક્ષ કૃપાલરે;
સાંઝે નિજ ઉત્સવ દેખાડયો, આણીઅમપર વ્હાલ. જા. ૨૫
ત્યાંથી આવ્યાં દક્ષિણ મથુરાં, સેતુ જાવા કાજરે;
પુરમાં નીરખ્યા સુંદર બાહુ, કૃપાત્રના અધિરાજ. જા. ૨૬
સેતુપર પહોંચ્યાં પગ રસ્તે, નીરખી બળ્યા દોષરે;
અમાંસ સ્નાન ધનુષ તીરથપર, કર્યાં થયો સંતોષ. જા.
વળતાં આવ્યાં દર્ભસેનમાં, સુતા નીરખ્યા શ્યામરે;
દક્ષિણ જગંનાથને નીરખ્યા, નીરખ્યાં સીતા રામ. જા. ૨૮
પાછાં આવ્યાં મદુરા ત્યાંથી, ટીનવલીમાં આવીરે;
આલવાર તિર નગરી કેરી, વાટ લીધી મન ભાવી. જા. ૨૯
શ્રી શઠકોપ સ્વામીને નિરખ્યા, શેષ આંબલી હેઠ;
જતાં વેંત પરી પુરણુ બતાવ્યું, ખાસ ત્રીમંજન શ્રેષ્ટ. ૩૦
આદિનાથ શ્રીવરને નીરખ્યા, પાસે મંદીર ગાંહોરે;
દીવ્ય તામ્રવર્ણી સરીતામાં, પ્રેમે નાહ્યાં ત્યાંહી. જાત્રા. ૩૧
આઠ શ્રીપતીનાં આઠ ધામ છે, પુરૂ ફરતાં ચોપાસેરે;
ત્યાં ચાલી બે દીવસે. સઘળે, જઈ આવ્યાં ઉલ્લાસે. ૩૨
તેમાં શ્રી વૈકુંઠ નાયનો, વસંત ઉત્સવ દીઠોરે;
આદીનાથનો ઉત્સવ, બીજી રાતે લાગ્યો મીઠો. જાત્રા. ૩૩
ત્યાંથી શ્રી તોતાદ્રી ધામે, આવી પહોંચ્યાં રાતેરે;
તેવાં ઉત્સવ કેરાં સુખડાં, દીધાં લક્ષ્મીનાથે. જાત્રા. ૩૪
અશ્વવાહને ઓપે સ્વામી, શેષ વાહને શ્રીજીરે;

ભવ્ય ઠાઠ સ્વારીનો દેખી, હૃદય ગયાં મસ રીઝી. જાત્રા. ૩૫
પ્રભાતમાં શ્રી ક્ષીરસાગરમાં, કર્યાં પ્રેમથી સ્નાનરે;
તોતાદ્રી સ્વામીને નીરખ્યા, તેલ પ્રિય ભગવાન. જાત્રા.
પાલખી માંહે પ્રભુની સ્વારી, દેખી શ્રીજી સંગરે;
આખો દીવસ ત્રીમંજન આદી, રહ્યા અતિ ઉછરંગ. જા.
રાતે થઈ શ્રીવર શ્રીજીની, ચંદ્ર વાહને સ્વારીરે;
રથ પાસે આવીને પોતે, રથને જોયો ધારી. જાત્રા. ૩૮
વડી પ્રભાતે રથે વિલોકી, શ્રીજીને શ્રી નાથરે;
આવ્યાં નંબી નારાયણમાં, પદ્મ નાભની વાટ. જાત્રા. ૩૯
ચાર નંબી નારાયણ નીરખ્યા, નીરખ્યા ત્રીપતી સારરે;
ત્યાં રથ ઉત્સવ આદિ દેખી, વધ્યો ઉમંગ અપાર. જાત્રા.
આદિ કેશવ નીરખી આવ્યાં, પદ્મ નાભને સ્થાનરે;
જતાંવેંત સંપુરણ દરશન, દીધાં કૃપાનિધાન. જાત્રા. ૪૧
જનાર્દન ત્યાંથી થઈ આવ્યાં, કર્યાં સમુંદ્રે સ્નાનરે;
ચક્ર તીર્થમાં સ્નાન કરીને, નીરખ્યા મસ ભગવાન. જા.૪૨
પદ્મ નાભમાં પદ્મ તીર્થને, વરાહ તીર્થે નાહયાંરે;
પરવારીને ત્યાંની યાત્રા, શ્રી રંગ પ્રત્યે ધાયાં. જાત્રા. ૪૩
રસ્તામાં સાતુર સ્ટેશનથી, માડીએ તેડાવ્યાંરે;
ગોદામાને પુર પગ રસ્તે, વડી પ્રભાતે આવ્યાં. જાત્રા. ૪૪
રૂડી ત્રિવેણીમાં ન્હાહ્યાંને, પછી નીરખીયાં માતારે;
સંગે શ્રી રંગ સ્વામી નીરખ્યા, નાચંતા મલકાતા. જા. ૪૫
શ્રી વટપત્ર શાયી શ્રી વરને, વિષ્ણુ ચિત્ત પીતાજીરે;
નીરખ્યા રૂડા ત્રીમંજન સમયે, થયાં હૃદય મસ રાજી. ૪૬
શ્રી રંગમાં પહોંચીને કીધાં, કાવેરીમાં સ્નાનરે;
તેવા હંસવાહને નીરખ્યા, રંગનાથ ભગવાન. જાત્રા. ૪૭
મંડપમાં દીવસે ફરી આવ્યા, રાતે થઇ ગજ સ્વારીરે;

મંદીરમાં ગોદાંમાજીના, લીધા હાર સ્વીકારી. જાત્રા. ૪૮
બીજે દીન શ્રીજી યતિવરને નિરખ્યા શ્રી રઘુનાથરે;
સાંજે થઇ વિમાને સ્વારી, ભારી ભભકા સાથ. જાત્રા. ૪૯
રાતે શ્રીજીને શ્રીવરનું, થયું ત્રીમંજન ભારીરે;
શોભા તેની દૈવી અદ્દભુત, બલીહારી બલીહારી. જાત્રા. ૫૦
સુંદર છપર નીચે હયપર, સ્વારી થઇ પ્રભાતેરે;
કંચન હયપર ધુમધામથી, નીકળ્યા પોતે રાતે. જાત્રા. ૫૧
રથપાસે જઈ રંગનાયકે, હયને મસ દોડાવ્યોરે;
કુદાવ્યો લ્હાવો એ ઉત્તમ મનને, અતિશય ભાવ્યો; જાત્રા.
રથ ઉત્સવ પ્રભાતમાં દેખ્યો, તીર્થવારી થઇ મોડીરે;
રાતે થયું ત્રીમંજન ઉત્તમ, શોભા ચીતમાં ચોડી. જાત્રા.૫૩
બીજે દીનપણ થયું ત્રીમંજન, સાંઝે નીકળી સ્વારીરે;
યતીવર ગ્રહ પાસે જઇ પ્રેમે, મળ્યા મજા થઇ ભારી. જા.
ધ્વજા તણું અવરોહણ મોડું થયું, ત્રીયા થઇ ન્યારીરે;
છેલે દીવસે પુષ્પ પાલખી, માંહે નીકળી સ્વારી. જાત્રા. ૫૫
રંગનાથનો વૈભવ અદ્દભુત, મહીમા અપરંપારરે;
ગુરૂ કૃપા અનુભવતાં સમજ્યો, ધન્યજ છે અવતાર. જાત્રા.
કુંભકોણ કાવેરી તીરે, આવ્યા ઉમંગ આણીરે;
નીરખ્યા શ્રી રામચંન્દ્ર પાણીને, સ્વામીસ ારંગ પાણી. જા.
ચીદાંબરે ત્યાંથી આવ્યાંને, નીરખ્યા ગોવિંદરાજરે;
કાંચી માંહે ફરીને આવ્યાં, ધન્ય ધન્ય જગરાજ. જાત્રા. ૫૮
આવતાંજ માતાનો ઉત્સવ, દેખ્યો ભભકાભેરરે;
વાજાં ગાજાં આતશબાજી, થઈ રહી લીલા લહેર. જા ૫૯.
પ્રભાતમાં શ્રી ભુતપુરીમાં, આવ્યાં ભારી આશેરે;
તેવાં રથપર દરશન દીધાં, યતિરાજ સુખરાશી. યાત્રા ૬૦
રાતે સ્વારી ભારી ઠાઠે મંડપમાંહી પધારીરે;
ત્યાહાં ત્રીમંજન સ્વરૂપ દેખી તન મન દીધાં વારી. જાત્રા. ૬૧
પાછી મોડી શ્વારી નીકળી, નીરખ્યા પ્રેમે સ્વામીરે.

આદિ કેશવ લક્ષ્મી નીરખ્યાં, વ્રત્તિ અતિ સુખ પામી. જા૦૬૨
બીજે દિવસ ફર્યા મંદીરમાં વિવિધગતિથી ચાલીરે;
પાલખી માંહે પધાર્યા પુરમાં, શોભા ભવ્યની ભાળી. જાત્રા. ૬૩
જન્મ સ્થાને શુભ મધ્યાને, ફરીને આવી સ્વારીરે;
પુષ્પ હીંડોળે નાથ વિલોકી, મોહ્યાં સહુ નરનારી. જાત્રા. ૬૪
થયું વ્રામંજન તહા અલૌકીક, તીર્થ મળ્યું અઘહારીરે;
રાત તણી સ્વારી શોભાપર, બલીહારી બલહારી. જાત્રા. ૬૫
વાજાં ગાજાં આતશબાજી, શોભા ન્યારી ન્યારીરે;
પુષ્પહારની શોભા એવી દીઠી, ક્યાંહી ન ધારી. જાત્રા. ૬૬
પ્રભાત પછી પધાર્યા સ્થાને, પુજા થઇ ત્યાં ભારેરે;
કાલજડાં કોર્યાં એ સમયે, વિગ્રહને શણુગારે. જાત્રા. ૬૭
સિદ્ધ ચાલથી ફરી બપોરે, ગુરૂ નીકળયા સ્વારીરે;
ગંધ પડી તન થઈ મન માની, તૃપ્ત થયાં નરનારી. જાત્રા. ૬૮
એ શોભાને ધારી રાખી ઉરમાં, બધી ઉતારીરે;
હવે ગુરૂજી એવું કરજો, જાઉં નજરીનીસારી. જાત્રા. ૬૯
યતિરાજની આજ્ઞા પામી, ચાલ્યાં પાછાં દેશરે;
આશા ઉરની પુરણ કીધી, ધાર્યા થકી વિશેષે. જાત્રા૭૦
માથું પણ નેચ કોનું દુઃખ્યું, પડી ન હરકત લેશરે;
જહાં ગયા ત્યાં ઉત્સવ દેખ્યા, ધન્ય ધન્ય શ્રીશેષ. જાત્રા. ૭૧
જ્યાં જ્યાં જેવી ઈચ્છા ઉપજી, તેવી પૂરણ કીધીરે;
સ્વામીજી શ્રીજી શ્રીપતિએ, લ્હાણુ અલૌકીક દીધી. જાત્રા. ૭૨
પોતાના પુરમાં તેડાવી, ખાતર રાખી ભારીરે;
દરેક દીવ્ય દેશનાં સુખડાં, જહશું નહીં વીસારી. જાત્રા. ૭૩
વત્સલતા પરીપૂર્ણ વિલોકી, કૃપા અતિશય ચાખીરે;
પતીતપાવન સાચા સ્વામી, બ્હાનાની પત રાખી. જાત્રા. ૭૪
એવી કૃપા પળેપળ વધતી, અનંત ઉપર થાયરે;
શ્રી નિવાસની વગથી એવું, માગી લાગે પાય. જાત્રા. ૭૫

શ્રીહરી.